અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : 07 ઓગસ્ટ 2026 શુક્રવાર | વર્ષ : 18 | તંત્રી: પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. 2.00
વિક્રમ સંવત 2082, અષાઢ વદ -9 | અંક : 39 | અમદાવાદ | પાના : 8

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3  શેખ હસીના બોલ્યા- ડિસેમ્બરમાં બાંગ્લાદેશ પાછી ફરીશ: તેઓ મને જેલમાં નાખે કે મારી નાખે

4  મોદીના ગોડમધર ઈન્દિરા ગાંધી : ઈડી સત્તા ટકાવવાનું અણમોલ શસ્ત્ર

6  મેં મારા શરીર સાથે મશીન જેવું વર્તન કર્યું છે : રશ્મિકા મંદાના


7  સેન્સેક્સ 150 પોઈન્ટ વધીને 78,700 પર પહોંચ્યો: નિફ્ટી સામાન્ય ઘટાડા સાથે 24,600 પર, આઈટી શેરોમાં.....

## NEWS BRIEF

### દિલ્હી-NCRમાં ભારે વરસાદ, ટ્રાફિક જામ, વર્ક-ફ્રોમ-હોમની સલાહ

**બદ્રીનાથ હાઈવે બંધ, કેદારનાથમાં ગાડીઓ ફસાઈ, ઋષિકેશમાં ગંગા વોર્નિંગ લેવલ પાર**

ઉત્તર અને પૂર્વોત્તર ભારતમાં ચોમાસાનો વરસાદ આફત બની રહ્યો છે. દિલ્હી અને ગુરુગ્રામમાં ગુરુવારે થયેલા ભારે વરસાદને કારણે ઘણા વિસ્તારોમાં રસ્તાઓ પર પાણી ભરાઈ ગયું. આના કારણે રસ્તાઓ પર લાંબો ટ્રાફિક જામ થઈ ગયો.



દિલ્હી-જયપુર હાઈવે, ધૌલા કુંઆ, કાલિંદી કુંજ, દિલ્હી-મેરઠ એક્સપ્રેસવે, ગ્રીન પાર્ક અને એઈમ્સ સહિતના અનેક રસ્તાઓ પર વાહનો ધીમે ધીમે ચાલતા જોવા મળ્યા. ગુરુગ્રામ પોલીસે પ્રાઈવેટ કંપનીઓને કર્મચારીઓને વર્ક ફ્રોમ હોમ આપવા અપીલ કરી છે. ઉત્તરાખંડના ઋષિકેશમાં ગંગા નદી ભયજનક સપાટીથી ઉપર વહી રહી છે. લોકોને ઘાટ પર ન જવા માટે ચેતવણી આપવામાં આવી છે. ચમોલીમાં હેલંગ પાસે પહાડી પરથી કાટમાળ અને પથ્થરો પડવાને કારણે બદ્રીનાથ નેશનલ હાઈવે બંધ છે. યુપીમાં સતત વરસાદને કારણે નદીઓ ગાંડીતૂર બની છે. ફર્રુખાબાદ જિલ્લાના 33 ગામો અને 40 સરકારી સ્કૂલોમાં ગંગાનું પાણી ઘૂસી ગયું છે. બલિયામાં એક અઠવાડિયામાં 27 ઘરો સરયૂ નદીમાં સમાઈ ગયા છે. વારાણસીમાં ગંગાનું પાણી 40-50 નાના મંદિરોમાં ઘૂસી ગયું છે. જ્યારે, પ્રતાપગઢમાં સતત વરસાદને કારણે 100 વર્ષ જૂનું મકાન ધરાશાયી થયું, જેમાં એક જ પરિવારના 6 લોકોના મોત થયા.

### રાહુલે કહ્યું- વિદ્યાર્થીઓના અવાજથી ડરી સરકાર

**X પર લખ્યું- મને વિદ્યાર્થીઓના મુદ્દા ઉઠાવતા સરકાર રોકી શકશે નહીં**



કોંગ્રેસ સાંસદ અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કેન્દ્ર અને ઉત્તર પ્રદેશ સરકાર પર આકરા પ્રહાર કર્યા છે. પ્રયાગરાજમાં 8 ઓગસ્ટે પ્રસ્તાવિત તેમના વિદ્યાર્થી સંવાદ કાર્યક્રમ માટે કેપી ગ્રાઉન્ડની મંજુરી રદ થયા બાદ રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને સરકાર પર આરોપ લગાવ્યો છે. તેમણે લખ્યું- પ્રશાસન વિદ્યાર્થીઓના અવાજને દબાવવા અને તેમના કાર્યક્રમને રોકવાનો પ્રયાસ કરી રહ્યું છે. સરકાર ભલે ગમે તેટલો પ્રયાસ કરી લે, પરંતુ મને વિદ્યાર્થીઓના મુદ્દા ઉઠાવવાથી રોકી શકશે નહીં. રાહુલ ગાંધીનું આ નિવેદન તે ઘટનાક્રમ બાદ સામે આવ્યું છે, જેમાં પ્રયાગરાજના કેપી ગ્રાઉન્ડનું બુકિંગ રદ કરી દેવામાં આવ્યું હતું. આ જ મેદાનમાં 8 ઓગસ્ટે વિદ્યાર્થીઓ સાથે તેમના સંવાદ કાર્યક્રમનું આયોજન છે. કાર્યક્રમની તૈયારીઓ અંતિમ તબક્કામાં હતી અને પંડાલ લગાવવાનું કામ પણ શરૂ થઈ ચૂક્યું હતું. જોકે, કાયસ્થ પાઠશાળા (કેપી) ટ્રસ્ટે શહેર કોંગ્રેસ સમિતિને પત્ર મોકલીને મેદાન ઉપલબ્ધ કરાવવાનો ઈનકાર કરી દીધો. કેપી ટ્રસ્ટના કાર્યકારી અધ્યક્ષ ચૌધરી જિતેન્દ્ર નાથ સિંહે પોતાના પત્રમાં જણાવ્યું કે- કાર્યક્રમથી વિદ્યાર્થીઓના અભ્યાસને અસર થવાની આશંકા છે. આ ઉપરાંત, સતત થઈ રહેલા વરસાદને કારણે મેદાનને નુકસાન થઈ શકે છે. આ જ કારણોનો હવાલો આપતા ટ્રસ્ટે બુકિંગ રદ કરી દીધું અને સૂચન કર્યું કે વરસાદની મોસમ સમાપ્ત થયા પછી કાર્યક્રમનું આયોજન કરવામાં આવે. બુકિંગ રદ થયા પછી રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પર લખ્યું કે અલાહાબાદ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ ફી વધારા અને સીટ ઘટાડવા સામે પોતાના ભવિષ્યની લડાઈ લડી રહ્યા છે, પરંતુ પ્રશાસન તેમની વાત સાંભળવાને બદલે તેમના પર FIR કરી રહ્યું છે.

**કહ્યું- 'અમે વિરોધી છીએ, દુશ્મન નહીં'**

# સંસદ ભવનમાં ગરમાગરમી વચ્ચે કિરેન રિજિજુએ રાહુલ ગાંધી સાથે મુલાકાત કરી

## કિરેન રિજિજુએ રાહુલ ગાંધી સાથેની ચર્ચામાં સરકારના કેટલાક મહત્વપૂર્ણ બિલો પર સહકાર માગ્યો છે

**નવી દિલ્હી, તા.06**

સંસદનું ચોમાસુ સત્ર છેલ્લા લગભગ ત્રણ અઠવાડિયાથી સતત હોબાળાની વચ્ચે પસાર થઈ રહ્યું છે. લોકસભા અને રાજ્યસભા બંનેમાં વિપક્ષના વિરોધને કારણે કામકાજ વારંવાર ઠપ થઈ રહ્યું છે. પ્રશ્નકાળથી લઈને મહત્વના બિલ સુધીની કાર્યવાહી પ્રભાવિત થઈ છે. આ દરમિયાન સંસદીય કાર્યમંત્રી કિરેન રિજિજુ અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી વચ્ચે થયેલી બેઠકોને લઈને દિલ્હીના રાજકીય વર્તુળોમાં નવી ચર્ચાઓ શરૂ થઈ છે.

છેલ્લા કેટલાક અઠવાડિયાથી નીટ પેપર લીક મામલે વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન, દિલ્હીમાં પ્રદર્શનકારીઓ પર પોલીસ દ્વારા કરાયેલો લાઠીચાર્જ તેમજ અયોધ્યાના રામ મંદિરમાં કથિત દાનચોરી જેવા મુદ્દાઓ પર વિપક્ષ કેન્દ્ર સરકારને ઘેરી રહ્યો છે. સતત હોબાળાને કારણે સંસદનું નિયમિત કામકાજ આગળ વધી શક્યું નથી. સત્રની શરૂઆતથી જ લોકસભામાં પ્રશ્નકાળ પૂર્ણ થઈ શક્યો નથી અને અનેક બિલ ચર્ચા વગર પસાર થયા છે.

સૂત્રોના જણાવ્યા મુજબ, કિરેન રિજિજુએ રાહુલ ગાંધી સાથેની ચર્ચામાં સરકારના કેટલાક મહત્વપૂર્ણ બિલો પર સહકાર માગ્યો છે. સરકાર મહિલા આરક્ષણ બિલ, પરિસીમન (ડિલિમિટેશન) સંબંધિત બંધારણીય સુધારા બિલ તેમજ વિદેશી અંશદાન નિયંત્રણ કાયદા (FCRA) સાથે સંબંધિત સુધારા પસાર કરાવવા માંગે છે. સરકારનું





માનવું છે કે આવા મહત્વના મુદ્દાઓ પર વિપક્ષના સહયોગ વિના આગળ વધવું મુશ્કેલ બની શકે છે. ખાસ કરીને બંધારણીય સુધારા સાથે જોડાયેલા બિલો પસાર કરવા માટે સંસદના બંને ગૃહોમાં બે-તૃતીયાંશ બહુમતી જરૂરી હોય છે. એનડીએ ગઠબંધન પાસે કેટલાક સાથી પક્ષોનું સમર્થન હોવા છતાં આ આંકડો એકલા હાથે મેળવવો સરળ નથી. તેથી સરકાર હવે હોબાળાને બદલે ચર્ચા અને સહમતિનો માર્ગ અપનાવવાનો પ્રયાસ કરી રહી હોવાનું માનવામાં આવે છે.

બીજી તરફ, કોંગ્રેસ અને 'ઈન્ડિયા' ગઠબંધનનું વલણ હજુ પણ સ્પષ્ટ છે. રાહુલ ગાંધી અને અન્ય વિપક્ષી નેતાઓએ કહ્યું છે કે સરકાર તેમની મુખ્ય માંગણીઓ સ્વીકારશે, ત્યાર બાદ જ સંસદનું કામકાજ સામાન્ય રીતે ચાલવા અંગે વિચાર થઈ શકશે. વિપક્ષે સરકાર સમક્ષ ત્રણ મુખ્ય માંગણીઓ મૂકી છે. તેમાં દિલ્હીમાં વિદ્યાર્થીઓના વિરોધ દરમિયાન થયેલી પોલીસ કાર્યવાહી અંગે ગૃહમંત્રી અમિત શાહે સંસદમાં નિવેદન આપવું, અયોધ્યાના રામ મંદિરના દાન ચોરી સંબંધિત આરોપો પર ખુલ્લી ચર્ચા કરવી અને હાલ પ્રસ્તાવિત પરિસીમનની પ્રક્રિયા અંગે ઉઠાવવામાં આવેલા વાંધાઓનો યોગ્ય જવાબ આપવાનો સમાવેશ થાય છે.

કિરેન રિજિજુ સાથે ફોન પર અને સંસદમાં થયેલી લાંબી ચર્ચા બાદ રાહુલ ગાંધીએ સ્પષ્ટ કર્યું છે કે, તેઓ આ મુદ્દે એકલા કોઈ નિર્ણય લેશે નહીં. તેમણે જણાવ્યું કે સરકારના પ્રસ્તાવ અંગે પહેલાં 'ઈન્ડિયા' ગઠબંધનના તમામ સાથી પક્ષો સાથે વિસ્તૃત ચર્ચા કરવામાં આવશે અને સર્વસંમતિ બાદ જ સરકારને સત્તાવાર જવાબ આપવામાં આવશે.

રાજકીય વિશ્લેષકોનું માનવું છે કે છેલ્લા કેટલાક અઠવાડિયાથી દેશભરમાં થયેલા વિરોધ પ્રદર્શનો અને કેટલાક રાજ્યોના પેટાચૂંટણીના પરિણામોએ સરકારને પોતાની રણનીતિ પર ફરી વિચાર કરવા માટે પ્રેરિત કરી છે. આ કારણસર સરકાર હવે આક્રમક વલણને બદલે ચર્ચા અને સંવાદ દ્વારા રાજકીય સહમતિ બનાવવાનો પ્રયાસ કરી રહી હોવાનું જોવા મળે છે.

# ઝારખંડમાં પ્રદર્શનકારી વિદ્યાર્થીઓ સરકાર સાથે વાતચીત કરવા તૈયાર

**શરત મૂકી- મુખ્યમંત્રી મીડિયા સામે વાત કરે, પરીક્ષા લેનાર કંપનીનો એકાઉન્ટન્ટની ધરપકડ**

**રાંચી, તા.06**

ઝારખંડમાં PSC સહિત અન્ય ભરતી પરીક્ષાઓમાં ગેરરીતિનો વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓને સરકારે વાતચીતનો પ્રસ્તાવ આપ્યો છે. વિદ્યાર્થીઓ આ માટે તૈયાર થઈ ગયા છે પરંતુ તેમણે એક શરત પણ મૂકી છે કે મુખ્યમંત્રી હેમંત સોરેન પોતે વાત કરે અને આ દરમિયાન ઓછામાં ઓછા બે મીડિયા પ્રતિનિધિઓ હાજર રહે, જેથી સમગ્ર પ્રક્રિયા પારદર્શક રહે. જયપાલ સિંહ મુંડા સ્ટેડિયમમાં ધરણા કરી રહેલા વિદ્યાર્થી નેતા રવિન્દ્ર પાસવાને કહ્યું કે બુધવારે સરકારનો પ્રસ્તાવ લઈને આવેલા SDOએ વિદ્યાર્થી પ્રતિનિધિમંડળના સભ્યોના નામ માંગ્યા છે. આ પછી બેઠકની તારીખ અને સમય નક્કી થશે. વિદ્યાર્થીઓનો એવો પણ આરોપ છે કે સરકાર માત્ર 5 સભ્યોની ટીમ બોલાવીને આંદોલનને નબળું પાડવા માંગે છે. દેવેન્દ્ર નાથ મહતો સહિત 6 વિદ્યાર્થીઓ આમરણાંત ઉપવાસ પર છે. તેઓ આ મામલે CBI-ED તપાસની માંગ કરી રહ્યા છે. CIDએ બુધવારે મોડી રાત્રે વધુ પાંચ આરોપીઓની ધરપકડ કરી. જેમાં પરીક્ષાનું સંચાલન કરતી આઉટસોર્સ એજન્સી TSR ડેટા પ્રોસેસિંગ પ્રાઈવેટ



લિમિટેડ (TDPL) ના એકાઉન્ટન્ટ રક્ષક સિંહનો પણ સમાવેશ થાય છે. અત્યાર સુધીમાં 19 લોકોની ધરપકડ કરવામાં આવી છે.

2 જુલાઈએ ઝારખંડ લોક સેવા આયોગ (JPSC) એ 14મી સંયુક્ત સિવિલ સેવા પ્રારંભિક પરીક્ષાનું પરિણામ જાહેર કર્યું હતું. જેમાં 2,204 ઉમેદવારો મુખ્ય પરીક્ષા માટે પસંદ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ 18 થી 20 જુલાઈ વચ્ચે મુખ્ય પરીક્ષા યોજાવાની હતી.

પરિણામ આવ્યા બાદ ઘણા ઉમેદવારોએ ગેરરીતિના આરોપો લગાવ્યા હતા. તેમનું કહેવું હતું કે કટ-ઓફ જાહેર કરવામાં આવ્યું ન હતું. આ દરમિયાન સોશિયલ મીડિયા પર એક ઉમેદવારની કથિત OMR શીટ વાયરલ થઈ હતી.

દાવો કરવામાં આવ્યો હતો કે તેણે માત્ર 48 પ્રશ્નો હલ કર્યા હતા, તેમ છતાં તેને મુખ્ય પરીક્ષા માટે પસંદ કરવામાં આવ્યો હતો. તે જ સમયે, પરિણામ પર આયોગના અધિકારીઓની સહી ન હોવા અંગે પણ સવાલો ઉભા થયા હતા. વિવાદ વધ્યા બાદ JPSC એ મુખ્ય પરીક્ષા રદ કરી દીધી. મુખ્યમંત્રીની વાતચીતનો સંદેશ લઈને એસડીઓ કુમાર રજત અને એડીએમ ધનંજય કુમાર બુધવારે બપોરે લગભગ 3:30 વાગ્યે જયપાલ સિંહ સ્ટેડિયમ પહોંચ્યા. તેમણે વિદ્યાર્થીઓને સીએમનો સંદેશ આપ્યો.

સીએમએ વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરવા માટે ચાર મંત્રીઓની સમિતિ બનાવી. તેમાં ઉચ્ચ શિક્ષણ મંત્રી સુદિવ્ય કુમાર સોનુ, ગ્રામીણ વિકાસ મંત્રી દીપિકા પાંડેય સિંહ, કલ્યાણ મંત્રી ચમરા લિંડા અને ઉદ્યોગ મંત્રી સંજય પ્રસાદ યાદવનો સમાવેશ કરવામાં આવ્યો છે.

સીએમએ બુધવારે બપોરે પોતાના નિવાસસ્થાને આ મંત્રીઓ સાથે બેઠક કરી. તેમાં વિદ્યાર્થીઓ સાથેની વાતચીત પર ચર્ચા થઈ. ત્યારબાદ વિદ્યાર્થી નેતાઓને વાતચીત માટે આમંત્રણ મોકલવામાં આવ્યું. પરંતુ વાતચીત પર સહમતિ બની શકી નહીં.

**વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ મુદ્દે ખડગેનો સરકાર પર પ્રહાર**

# ગૃહમંત્રી સંસદમાં જવાબ આપે અને PM મોદી માફી માંગે.....

- **તેમણે કહ્યું કે, વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ, ફાયરિંગ, પેલેટ ગન અને ટીયર ગેસનો ઉપયોગ અત્યાચાર છે**

**નવી દિલ્હી, તા.06**

રાજ્યસભામાં વિપક્ષના નેતા અને કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ ગુરુવારે પ્રેસ કોન્ફરન્સ યોજીને જંતર-મંતર પાસે વિદ્યાર્થીઓ પર કરવામાં આવેલી કાર્યવાહીનો મુદ્દો ઉઠાવ્યો હતો. તેમણે કહ્યું કે, 'છેલ્લા 15 દિવસથી સમગ્ર વિપક્ષ એ માંગ પર અડગ છે કે ગૃહમંત્રી ખુદ સંસદમાં આવીને જવાબ આપે.' મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે, 'વિદ્યાર્થીઓ સાથે અન્યાય અને અત્યાચાર થયો છે. જે રીતે તેમના પર લાઠીચાર્જ અને ફાયરિંગ કરવામાં આવ્યું તે ખોટું હતું. આવા સાધનોનો ઉપયોગ ન થવો જોઈએ. પેલેટ ગન, ટીયર ગેસ, લાઠી, ઈલેક્ટ્રિક બેટન, ખીલીવાળી લાકડીઓ, આ તમામનો ઉપયોગ વિદ્યાર્થીઓ પર કરવામાં આવ્યો. વિદ્યાર્થીઓએ કોઈ હોબાળો નહોતો મચાવ્યો. શું તેમણે 20-50 સરકારી વાહનો તોડ્યા હતા? શું કોઈ નેતાને રોકીને સવાલ પૂછ્યા હતા? તેઓ શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શન કરી રહ્યા હતા, પરંતુ તેમને હટાવવા માટે જે પદ્ધતિઓ અપનાવવામાં આવી તે ખૂબ જ ખોટી છે.' ખડગેએ માંગ કરી કે, ગૃહમંત્રી ખુદ સંસદમાં આવીને સ્પષ્ટતા આપે. તેમણે કહ્યું કે, 'તેમને સંસદમાં આવીને જવાબ આપવામાં શું મજબૂરી છે? તેના માત્ર બે જ અર્થ હોઈ શકે છે. એક તો



તેઓ વિચારી રહ્યા છે કે આ મુદ્દાને અવગણવામાં આવે અને બીજું કે તેઓ ડરી ગયા છે. હું બસ એટલું જ પૂછવા માંગુ છું કે જે દુઃખ તમે વિદ્યાર્થીઓને પહોંચાડ્યું છે, જે દુઃખ તેમના માતા-પિતા સુધી પહોંચ્યું છે, તેના માટે અમે સદનમાં તમારી હાજરી ઈચ્છીએ છીએ.'

ખડગેએ આગળ કહ્યું કે, 'તેઓ સદનમાં નથી આવી રહ્યા, તેથી સદન નથી ચાલી રહ્યું. સદન ન ચાલવાની જવાબદારી માત્ર ગૃહમંત્રી અમિત શાહની છે, સંસદસભ્યોની નહીં. આ જ કારણોસર આજે અમે રાજ્યસભામાં આ મુદ્દો ફરીથી ઉઠાવ્યો છે.' કોંગ્રેસ અધ્યક્ષે કહ્યું કે, 'વિપક્ષ ઈચ્છે છે કે વડાપ્રધાન માફી માંગે અને ગૃહમંત્રી સંસદમાં નિવેદન આપે. ભલે ઝારખંડ હોય, પંજાબ હોય કે દિલ્હી હોય, અમે વિદ્યાર્થીઓની સાથે છીએ. તેમની સમસ્યાઓ ઉકેલવા માટે અમે લડતા રહીશું.'

સમાચાર પત્ર છે લોકતંત્રનો ચૌથો સ્તંભ અને પ્રાણ,
જે કરે છે એક લોકતંત્રનો નિર્માણ !

CHANNEL NINE NETWORK GUJARAT
◆ ન્યૂઝ પેપર, ◆ ન્યૂઝ ચેનલ, ◆ ન્યૂઝ વેબસાઈટ

CNN
CHANNEL NINE NETWORK GUJARAT
Gujarati Daily News Paper
LIVE
cnngujarat.co.in



આજે જ cnngujarat.com વેબસાઈટ ઉપર
વિઝીટ કરો અને જોડાઈ જાઓ સમાચારની દુનિયા સાથે...

# જ્ઞાન સહાયકની ભરતીમાં દસ્તાવેજ તપાસ સમયે ઉમેદવારોનો હોબાળો

## SSA પોર્ટલની ખામી અને શિક્ષણ વિભાગની બેદરકારી, ખાલી જગ્યાની માહિતી પોર્ટલ પર મૂકવા રજૂઆત



**અમદાવાદ, તા.06**

SSA ગુજરાત પોર્ટલની ખામીઓ અને શિક્ષણ વિભાગના સમગ્ર શિક્ષા અભિયાન કચેરીની બેદરકારીના કારણે જ્ઞાન સહાયક બનવા માંગતા ઉમેદવારોને હાલાકીનો સમાનો કરવો પડ્યો હતો. શિક્ષકોને ખાલી પડેલી જગ્યા પર જ્ઞાન સહાયકની ભરતી માટે અરજી મંગાવવામાં આવી હતી. પરંતુ તે બાદ સમગ્ર શિક્ષા અભિયાન કચેરી દ્વારા ખાલી જગ્યાઓ સામે લોકોએ અરજી કરી હતી તે બધા લોકોને એક જ દિવસે સ્થળ પસંદગી બોલાવી દેવામાં આવ્યા હતા. જેથી સંખ્યાની સામે મોટી સંખ્યામાં લોકો ભેગા થઈ જતા ઉમેદવારોએ હોબાળો કર્યો હતો. ખાલી જગ્યાના પ્રમાણમાં જ ઉમેદવારોને બોલાવવા માંગ કરવામાં આવી છે.

અમદાવાદ સહિત અનેક જિલ્લાઓમાં મોટી સંખ્યામાં છેલ્લા ઘણા સમયથી કાયમી શિક્ષકોની ભરતી કરવામાં આવી નથી. જેથી હવે શિક્ષકોની ખાલી પડેલી જગ્યા સામે શાળાઓને જ્ઞાન સહાયક આપવાની તૈયારીઓ ચાલી રહી છે. જે માટે TET અને TAT પાસ ઉમેદવારો પાસેથી અરજી મંગાવવામાં આવી હતી. જે બાદ આજે શિક્ષણ વિભાગના સમગ્ર શિક્ષા અભિયાન કચેરી દ્વારા ઉમેદવારોને દસ્તાવેજ ચકાસણી અને સ્થળ પસંદગી માટે બોલાવવામાં આવ્યા હતા.

જો કે કોઈપણ પ્રકારના આયોજન વગર જેટલા ઉમેદવારોએ જ્ઞાન સહાયક માટે અરજી કરી હતી. તે તમામ ઉમેદવારોને એક જ સાથે એક જ સ્થળ પર બોલાવી દેવામાં આવ્યા હતા. દસ્તાવેજ ચકાસણી અને સ્થળ પસંદગી માટે બે કે ત્રણ ગણા કરતા પણ વધુ ઉમેદવારો એક સાથે રાયખડમાં સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાએ પહોંચી ગયા હતા. મોટી સંખ્યામાં પહોંચેલા ઉમેદવારોને સ્થળ પર પહોંચ્યા પછી જગ્યા ઓછી હોવાનું જાણવા મળતા તેમણે હોબાળો કર્યો હતો.

જે તે વિષયની લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી અરજી મંગાવવામાં આવી હતી. તે સમયે પોર્ટલ પર જગ્યા વધુ બતાવવામાં આવી હોવાનો ઉમેદવારોએ દાવો કર્યો છે. પરંતુ જ્યારે દસ્તાવેજ ચકાસણી માટે અને સ્થળ પસંદગી માટે પહોંચ્યા ત્યારે જગ્યા ખૂબ ઓછી હોવાનો દાવો કરી ઉમેદવારોએ હોબાળો કર્યો હતો. લાંબા અંતરની મુસાફરી કરીને આવ્યા હોવાથી તો કેટલાક ઉમેદવારો નોકરીમાંથી રજા મૂકીને આવ્યા હોવાથી રોષે ભરાયેલા ઉમેદવારોએ ભારે હોબાળો કર્યો હતો. તેમજ ખાલી જગ્યાના પ્રમાણમાં જ ઉમેદવારોને બોલાવવા માટે માંગ કરવામાં આવી છે. ઉપલબ્ધ જગ્યાની માહિતી પોર્ટલ પર મૂકવા પણ માંગ કરવામાં આવી છે.

ઉમેદવાર મનીષ પરીખે જણાવ્યું હતું કે, ઓનલાઈન મેરીટ મુકાયું છે. તેમાં 40થી 45 જગ્યા બતાવવામાં આવી છે. જ્યારે રૂબરૂ આવ્યા ત્યારે એવું કહેવામાં આવે છે કે, બે કે ત્રણ જગ્યા છે. જો મેરીટમાં મુકાયું હોય તો પછી તે બધી જગ્યાઓ ક્યાં ગઈ તે મોટો સવાલ છે. પરીક્ષા પાસ કરેલા બેરોજગાર શિક્ષકો મોટી સંખ્યામાં આવી ગયા છે. શિક્ષિત બેરોજગાર કઈ રીતે નોકરીએ લાગશે અને સરકાર અમારું શું કરશે ? 350થી વધારે લોકો જ્ઞાન સહાયકની ભરતી માટે આવ્યા હતા.

ઉમેદવાર જલ્પાબેન પટેલે જણાવ્યું હતું કે, ગણિત વિજ્ઞાનના જ્ઞાન સહાયક માટે આવી છું. પોર્ટલ ઉપર અને જ્યારે રૂબરૂ આવ્યા ત્યારે જગ્યાઓ અલગ અલગ બતાવવામાં આવે છે. જે પણ લોકોએ ફોર્મ ભર્યા હતા તે બધાને એક જ સાથે બોલાવી દેવામાં આવ્યા છે. જગ્યા હોય તેના બે કે ત્રણ ગણા બોલાવી શકાય છે. પરંતુ બધાને એક જ સાથે બોલાવી દેવામાં આવતા ભારે મુશ્કેલી પડી રહી છે.

ઉમેદવાર પ્રિયંકા દરજીએ જણાવ્યું હતું કે, આ પ્રકારે બધાને એકસાથે ન બોલાવવા જોઈએ. અમે લોકો પણ બીજે નોકરી કરીએ છીએ ત્યાંથી રજા મૂકીને અહીંયા આવ્યા છીએ. અહીંયા આવ્યા ત્યારે ખબર પડી કે જગ્યા ઓછી છે અને ઉમેદવારો વધારે છે.

ઉમેદવાર રીંકુબેન પટેલે જણાવ્યું હતું કે, પહેલા અમને એવું હતું કે અમારે માત્ર શાળા પસંદ કરવા માટે જ આવવાનું છે. PT શિક્ષકમાં એકથી પાંચમાં મારો નંબર છે તો અહીંયા આવ્યા પછી એવું કહે છે કે, એક પણ જગ્યા તમારી જરૂરિયાત પ્રમાણે ખાલી નથી. 2006 પછી તો PT શિક્ષકની ભરતી કરવામાં આવતી જ નથી એવું કહેવામાં આવ્યું છે. જો કોઈ પડતી થઈ જ નથી તો પછી જગ્યા કેમ ખાલી નથી તે મોટો સવાલ છે. મેરીટમાં અને પોર્ટલ પર તો જગ્યા બતાડે છે.

# એનાલોગ પનીર-ચીઝનો જથ્થો જપ્ત કરવા દરોડા: અચાનક બેન થતાં વેપારીઓને આર્થિક નુકસાન



**સુરત, તા.06**

ગુજરાત સરકાર દ્વારા ગઈ મધરાતથી એનાલોગ પનીર અને ચીઝના ઉત્પાદન, વેચાણ અને વપરાશ પર સંપૂર્ણ પ્રતિબંધ જાહેર કરવામાં આવ્યો છે. પ્રતિબંધનો અમલ શરૂ થતાં જ સુરત શહેરમાં વેપારીઓ અને રેસ્ટોરન્ટ સંચાલકોમાં ભારે ખડબડાટ મચી ગયો છે. અચાનક લેવાયેલા આ નિર્ણયને કારણે જે વેપારીઓએ અગાઉથી માલ ખરીદીને રાખ્યો હતો, તેમનો સ્ટોક હવે સીધો ડિસ્પોઝ કરવાનો વારો આવ્યો છે.

8થી 10 વર્ષથી આ ક્ષેત્રમાં સક્રિય વેપારી પિનલભાઈએ પોતાનો આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું કે, સરકારનો નિર્ણય આવકારદાયક અને ગ્રાહકોના હિતમાં છે, પરંતુ સરકારે વેપારીઓને જૂનો માલ નિકાલ કરવા માટે ઓછામાં ઓછો 48થી 72 કલાકનો સમય આપવો જોઈતો હતો.

વેપારીઓનું માનવું છે કે લાંબા ગાળે આ નિર્ણય બજાર માટે ખૂબ જ ફાયદાકારક સાબિત થશે. ભૂતકાળમાં ઘણા સ્પર્ધકો અને વેપારીઓ બનાવટી કે એનાલોગ પ્રોડક્ટ્સ વેચીને ગ્રાહકોને મિસગાઈડ કરતા હતા. હવે આ પ્રતિબંધ બાદ માર્કેટમાં જાગૃતિ આવશે અને અસલી દૂધમાંથી બનતી પ્રોડક્ટ્સના વાજબી ભાવ અને યોગ્ય ગુણવત્તા ગ્રાહકો સુધી પહોંચશે. પિનલભાઈએ ઉમેર્યું કે, મોટાભાગના વેપારીઓ સામાન્ય રીતે 8થી 10 દિવસનો સ્ટોક રાખતા હોય છે, પરંતુ અચાનક માલ પરત કરવાનો કોઈ વિકલ્પ ન મળતાં આર્થિક ફટકો સહન કરવાનો વારો આવ્યો છે.

સુરત મનપાના ફૂડ સેફ્ટી ઓફિસર સમીર દેસાઈએ જણાવ્યું કે, એનાલોગ પનીર અને ચીઝનું વેચાણ અટકાવવા માટે દરેક ઝોનમાં 3થી 4 અલગ-અલગ ટીમો બનાવવામાં આવી છે. આ ટીમો દ્વારા વિવિધ વિસ્તારોમાં જ્યાં પણ એનાલોગ પ્રોડક્ટ્સનું વેચાણ કે સંગ્રહ થતો હતો, ત્યાં દરોડા પાડવામાં આવી રહ્યા છે.

વધુમાં સમીર દેસાઈએ ઉમેર્યું કે, આ કાર્યવાહી માત્ર 1 દિવસ પૂરતી સીમિત રહેશે નહીં. આજે બપોર પછી, કાલે તેમજ આગામી દિવસોમાં સતત આ સઘન તપાસ ચાલુ રાખવામાં આવશે. સુરત શહેરમાં કોઈ પણ સ્થળે એનાલોગ ચીઝ કે પનીરનું નિર્માણ કે વેચાણ ન થાય તેની પૂરેપૂરી તકેદારી રાખવામાં આવી રહી છે. જો કોઈ વેપારી કે હોટેલ-રેસ્ટોરન્ટ સંચાલક નિયમનો ભંગ કરતા ઝડપાશે તો તેમની સામે કાયદાકીય પગલાં ભરીને કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવશે.

એનાલોગ પ્રોડક્ટ્સ એ શુદ્ધ દૂધની ફેટમાંથી બનાવવાને બદલે વનસ્પતિ તેલ અને અન્ય કેમિકલ્સ કે પ્રોસેસનો ઉપયોગ કરીને બનાવવામાં આવે છે. આ પ્રકારનું બનાવટી કે આર્ટિફિશિયલ પનીર અને ચીઝ માનવ શરીર માટે અત્યંત હાનિકારક છે. ફૂડ સેફ્ટી વિભાગના જણાવ્યા મુજબ, આવી પ્રોડક્ટ્સના સતત સેવનથી પાચનતંત્ર અને કીડનીને ગંભીર નુકસાન પહોંચે છે. નાગરિકોના સ્વાસ્થ્ય સાથે થતા આ ખતરનાક ચેડાં અટકાવવા માટે જ સરકારે તાત્કાલિક અસરથી આ નિર્ણય લીધો છે.

## રાત્રે ધૂમ સ્ટાઈલમાં બાઈક દોડાવનારાઓ સામે પોલીસની કાર્યવાહી

# અડાજણ વિસ્તારમાં સરપ્રાઇઝ ચેકિંગ, ફટાકડા જેવા અવાજ કરતી 7 બાઈક જપ્ત



**સુરત, તા.06**

સુરત શહેરમાં રાત્રિના સમયે ધૂમ સ્ટાઈલમાં બાઈક દોડાવી લોકોની શાંતિમાં ભંગ પાડતા અને ભયનું વાતાવરણ ઊભું કરતા બાઈકર્સ સામે અડાજણ પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી છે. મોડી રાત્રે રસ્તાઓ પર બાઈકોના સાયલેન્સરમાં ગેરકાયદે ફેરફાર કરી, ફટાકડા જેવા મોટા અવાજો કરીને અવાજનું પ્રદૂષણ ફેલાવતા અને સ્થાનિક લોકોની ઊંઘ હરામ કરતા 7 બાઈકર્સ સામે પોલીસે લાલ આંખ કરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, અડાજણ પોલીસે આવા ન્યુસન્સ ફેલાવતા બાઈકર્સને ઝડપી પાડવા માટે ખાસ સરપ્રાઈઝ ચેકિંગનું આયોજન કર્યું હતું. પોલીસની ટીમ દ્વારા વિસ્તારના વિવિધ પોઈન્ટ્સ અને મુખ્ય રસ્તાઓ પર વાહન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ ઝુંબેશ દરમિયાન મોડિફાઈડ સાયલેન્સર લગાવીને લોકોને ડિસ્ટર્બ કરતી અસંખ્ય બાઈકોને અટકાવીને સરપ્રાઈઝ તપાસ કરવામાં આવી હતી.

તપાસ દરમિયાન ધ્વનિ પ્રદૂષણ ફેલાવતી, ફટાકડા જેવા ધમાકા કરતી અને જાહેર રસ્તા પર બેદરકારીપૂર્વક બાઈક ચલાવતા અનેક બાઈકર્સને ઝડપી લેવામાં આવ્યા હતા. પોલીસે સ્થળ પર જ નિયમોનો ભંગ કરતી આ તમામ બાઈકો જપ્ત કરી લીધી હતી અને મોટર વાહન અધિનિયમ (Motor Vehicle Act)ની વિવિધ કલમો હેઠળ કાયદેસરની દંડનીય કાર્યવાહી હાથ ધરી હતી.

કડક ઝુંબેશ ચાલુ રાખવાની પોલીસની ચેતવણી, પોલીસે આવા તત્વોને ભવિષ્યમાં જાહેર રસ્તાઓ પર સ્ટંટબાજી ન કરવા કે અવાજનું પ્રદૂષણ ન ફેલાવવા કડક શબ્દોમાં ચેતવણી આપી છે. અડાજણ પોલીસના જણાવ્યા અનુસાર, શહેરમાં શાંતિ, સલામતી અને ટ્રાફિક વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી આવી ખાસ ડ્રાઈવ આગામી દિવસોમાં પણ સતત ચાલુ રહેશે. નિયમોનો અનાદર કરનાર કોઈ પણ વાહનચાલક સામે કડકમાં કડક પગલાં લેવામાં આવશે.

# સુરતમાં મસાજ પાર્લરની આડમાં સેક્સ રેકેટ ઝડપાયો

## આપના કાર્યકરનો ભાઈ ₹1000માં બહેનના ફ્લેટ પર ગ્રાહકો લાવતો, એક વિદ્યાર્થી કઢંગી હાલતમાં અને એક વેઈટિંગમાં હતો



**સુરત, તા.06**

સુરત શહેરના Pasodara (પાસોદરા) વિસ્તારમાં આવેલા એક રહેણાંક ફ્લેટમાં મસાજ પાર્લર ચલાવવાની આડમાં ધમધમતા હાઈપ્રોફાઈલ અનૈતિક સેક્સ રેકેટનો લસકાણા પોલીસ સ્ટેશનની ટીમે પર્દાફાશ કરીને સમગ્ર વિસ્તારમાં મોટી ચકચાર જગાવી દીધી છે. લસકાણા પોલીસ સ્ટેશનના પીઆઈ એમ.બી. ઝાલા અને તેમની ટીમને ચોક્કસ અને ગુપ્ત બાતમી મળી હતી કે પાસોદરા ખાતે આવેલી 'ઓમ ટાઉનશીપ'ના એક ફ્લેટમાં મસાજ સર્વિસના નામે ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ચલાવવામાં આવી રહી છે. આ ચોક્કસ માહિતીના આધારે પોલીસ કાફલાએ સંપૂર્ણ આયોજનબદ્ધ રીતે ફ્લેટ પર અચાનક દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન ફ્લેટ પરિસરમાંથી આ કાળા કારોબારનું સંચાલન કરતી મુખ્ય સૂત્રધાર મહિલા, તેના સગા ભાઈ અને અન્ય એક મહિલા મેનેજર સહિત ત્રણ મુખ્ય સાગરીતોની ઘટનાસ્થળેથી જ રંગેહાથ ધરપકડ કરવામાં આવી હતી.

પોલીસની ટીમે ફ્લેટના વિવિધ રૂમમાં ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરતા અત્યંત આઘાતજનક અને કઢંગી સ્થિતિ સામે આવી હતી. ફ્લેટના એક રૂમમાંથી ૩૫ વર્ષીય મહિલા સાથે માત્ર ૧૮ વર્ષનો એક આશાસ્પદ વિદ્યાર્થી આપત્તિજનક હાલતમાં ઝડપાઈ ગયો હતો. આ સિવાય ફ્લેટના વેટિંગ એરિયામાંથી અન્ય એક ૧૯ વર્ષીય વિદ્યાર્થી મળી આવ્યો હતો જે પોતાની વારીની રાહ જોઈ રહ્યો હતો. ફ્લેટના બીજા એક રૂમમાં તપાસ કરતા ત્યાંથી ૪૧ વર્ષની અન્ય એક મહિલા પણ મળી આવી હતી. લસકાણા પોલીસની આ અચાનક અને કડક કાર્યવાહીને કારણે અનૈતિક વેપાર ચલાવતા તત્વો અને ત્યાં આવેલા ગ્રાહકોમાં ભારે અફરાતફરી અને દોડધામ મચી ગઈ હતી. પોલીસ ટીમે સ્થળ પરથી રોકડા રૂપિયા ૧,૦૦૦ તથા રૂ. ૨૧,૦૦૦ ની કિંમતનો મોબાઈલ ફોન સહિતનો અન્ય મુદ્દામાલ વિધિવત રીતે જપ્ત કરીને આગળની કાનૂની કાર્યવાહી શરૂ કરી હતી.

પોલીસ દ્વારા હાથ ધરવામાં આવેલી પ્રાથમિક પૂછપરછ અને તપાસ દરમિયાન આ સમગ્ર રેકેટની કામગીરી અને નાણાકીય વ્યવહારો અંગે ચોંકાવનારો ખુલાસો થયો છે. આ અડ્ડા પર આવતા દરેક ગ્રાહક પાસેથી સેવાના નામે રોકડા ૧,૦૦૦ રૂપિયા વસૂલવામાં આવતા હતા. કાયદાકીય તપાસમાં સામે આવ્યું છે કે ફ્લેટની માલિકી ૩૯ વર્ષીય જાગૃતિ ઉર્ફે ક્રિષ્ણા સતીષ રાજપરાની હતી, જે આ સમગ્ર નેટવર્કની મુખ્ય સંચાલક તરીકે કામ કરતી હતી. તેનો ૩૪ વર્ષીય સગો ભાઈ કાળુ ભીખા ચાવડા બહારથી ગ્રાહકોને ફ્લેટ સુધી લાવવાનું તેમજ ફ્લેટની બહાર સતત નજર રાખીને કોઈ પોલીસ કે અન્ય શંકાસ્પદ હિલચાલ નથી તે બાબતનું ધ્યાન રાખતો હતો. આ ઉપરાંત ઓમ પેલેસમાં રહેતી પૂજા ઉર્ફે પૂનમ હિરાણી નામની મહિલા ફ્લેટ પર સ્થળ સંચાલન અને મેનેજમેન્ટની જવાબદારી સંભાળતી હતી.

આ કેસમાં સૌથી વધુ ચર્ચાસ્પદ અને ચોંકાવનારી બાબત એ સામે આવી છે કે ઝડપાયેલા મુખ્ય આરોપી ભાઈ-બહેન સાથે રાજકીય જોડાણ ધરાવે છે. લસકાણા પોલીસ ઈન્સપેક્ટર ઝાલાના જણાવ્યા અનુસાર, પકડાયેલી મુખ્ય આરોપી જાગૃતિ અને તેના ભાઈ કાળુનો અન્ય એક સગો ભાઈ વિશાલ ચાવડા આમ આદમી પાર્ટી (AAP) માં સક્રિય કાર્યકર તરીકે ફરજ બજાવે છે. કાયદાકીય કાર્યવાહી અને અનૈતિક પ્રવૃત્તિમાં રાજકીય પક્ષના કાર્યકરના કુટુંબીજનોના નામો ખૂલતાં સમગ્ર સુરત શહેર અને રાજકીય વર્તુળોમાં ભારે ગરમાવો આવી ગયો છે. હાલમાં લસકાણા પોલીસે તમામ આરોપીઓ સામે સંબંધિત ધારા હેઠળ ગુનો નોંધીને આ રેકેટમાં અન્ય કોણ કોણ સામેલ છે તે અંગે ઊંડાણપૂર્વક તપાસ લંબાવી છે.

# બાળકોને ખીચોખીચ ભર્યાં, બેગ લટકાવવાની જગ્યાએ માસુમોને લટકાવ્યા

## એક બાળક ચાલુ રિક્ષામાં પડતાં-પડતાં બચ્યું, ટ્રાફિકથી ધમધમતા કાલુપુર બ્રિજની ઘટના



**અમદાવાદ, તા.06**

અમદાવાદ શહેરના અત્યંત વ્યસ્ત એવા કાલુપુર બ્રિજ પરથી એક ચોંકાવનારો વીડિયો સામે આવ્યો છે, જેમાં એક સ્કૂલ રિક્ષાચાલક વધુ ભાડાની લાલચમાં માસુમ બાળકોનો જીવ જોખમમાં મૂકતો જોવા મળી રહ્યો છે. રિક્ષાની અંદર ક્ષમતા કરતા વધુ બાળકો તો ભરેલા હતા જ, પરંતુ રિક્ષાની પાછળ જ્યાં સામાન્ય રીતે સ્કૂલ બેગ લટકાવવામાં આવે છે તે જગ્યાએ ત્રણ બાળકોને જીવના જોખમે લટકતી હાલતમાં બેસાડવામાં આવ્યા હતા.

વાઈરલ વીડિયોમાં જોઈ શકાય છે કે, રિક્ષાની પાછળના ભાગે બાળકો પોતાના મોઢા અને પગ બહાર કાઢીને બેઠા હતા. આ દરમિયાન એક બાળક ચાલુ રિક્ષામાં નીચે પડતાં-પડતાં માંડ બચ્યું હતું. આ ઘટના પોતાના બાળકોને રિક્ષામાં સ્કૂલે મોકલતા તમામ વાલીઓ માટે આંખ ઉઘાડનારી અને ચેતવણીરૂપ કિસ્સો સાબિત થઈ રહી છે.

નિયમ મુજબ, 12 વર્ષથી ઓછી ઉંમરના 6 બાળકો અને 12 વર્ષથી વધુ ઉંમરના માત્ર 3 બાળકોને જ સ્કૂલ રિક્ષામાં બેસાડી શકાય છે, તેમજ ડ્રાઈવરની બાજુમાં બેસવા પર પણ મનાઈ છે. આમ છતાં, રિક્ષાચાલકો નિયમોનું ઉલ્લંઘન કરી બાળકોને ઘેટા-બકરાની જેમ ભરી રહ્યા છે. ટ્રાફિક પોઈન્ટ પર પોલીસની હાજરી હોવા છતાં કડક કાર્યવાહી ન થતી હોવાના આક્ષેપો પણ થઈ રહ્યા છે.

# ગોમતીપુરમાં છરીથી હુમલો કરનારા 3 ઝડપાયા: ડીસીપી સ્ક્વોડે મહીસાગરના લુણાવાડાથી આરોપીઓને દબોચ્યા



**અમદાવાદ, તા.06**

શહેરના પૂર્વ વિસ્તારમાં ગોમતીપુરમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ પર સવાલ ઉઠાવતી ઘટના બની હતી. જેમાં ગોમતીપુરના સલાટનગર વિસ્તારમાં ઘોડાની બગી સળગાવવાની અદાવતમાં એક યુવક પર ત્રણ શખસે જાહેરમાં ચાલુ વાહને છરીથી હુમલો કર્યો હતો. ઘટનાના CCTV વાયરલ થયા અને આ ગંભીર ઘટનામાં ગોમતીપુર પોલીસની નિષ્ક્રિયતા જોવા મળતા ઝોન 5 DCPની LCB સ્ક્વોડની ટીમે તાત્કાલિક ધોરણે આરોપીઓની શોધખોળ કરી તેમને ઝડપી પાડ્યા હતા. ગોમતીપુર પોલીસને સોંપવામાં આવ્યા હતા. ગોમતીપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં અસામાજિક તત્વોનો આતંક વધતા ક્રાઈમ બ્રાન્ચ દ્વારા પણ મોડી રાત્રે કોમ્બિંગ કરવામાં આવ્યું હતું.

શહેરના ગોમતીપુર વિસ્તારમાં અનુપમ બ્રિજ પાસે આવેલા સલાટ નગરમાં ઈસ્માઈલભાઈ શેખને 15 દિવસ પહેલા સલાટ નગરમાં રહેતા નકીબ સંધીની ગાડી પોલીસે ચેક કરી હતી. જે ગાડી તેણે ચેક કરાવ્યું હોવાનો વહેમ રાખી અને ઝઘડો કર્યો હતો. જેથી તેઓની ઘોડાગાડીની બગી ઈસ્માઈલ ભાઈએ સળગાવી દીધી હતી. જેની અદાવતમાં નકિબ અને ફૈઝાન ઉર્ફે લંબુ અને આમિર એમ ત્રણેય શખસે છરીથી વારાફરથી ત્રણ ઘા ઈસ્માઈલને માર્યા હતા.

નકીબે કહ્યું હતું કે તું બગી સળગાવ્યા બાદ હવે હાથમાં આવે છે ત્રણેય જણાએ છરીના ઘા મારી અને ત્યાંથી ફરાર થઈ ગયા હતા જે બાદ ઈસ્માઈલના મિત્રોને સારવાર અર્થે હોસ્પિટલ લઈ ગયા હતા. ઈસ્માઈલ ને છરીના ઘા વાગતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. તેને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. સમગ્ર ઘટના નજીકમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી.

આ સમગ્ર ઘટનાના CCTV વાયરલ થયા બાદ ગોમતીપુર પોલીસની કામગીરી સામે સવાલ ઉભા થતા ઝોન 5 ડીસીપી જીતેન્દ્ર અગ્રવાલની એલસીબી સ્કવોડના PSI કે. કે. જાડેજા અને તેમની ટીમ દ્વારા ટેકનિકલ અને હુમન સોર્સ ની મદદથી મહીસાગરના લુણાવાડા ખાતેથી ત્રણેય આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા હતા. એલસીબીની ટીમ ત્રણેયને અમદાવાદ લાવીને ગોમતીપુર પોલીસને સોંપ્યા હતા. બે આરોપીઓ વિરુદ્ધ અગાઉ મારામારીના ગુના પણ નોંધાયેલા છે.

ગોમતીપુર વિસ્તારમાં 18 દિવસ પહેલા પણ જાહેર રોડ પર બગી સળગાવવાની ઘટના બાદ હવે ત્રણ લોકો છરી લઈને હુમલો કરવાની ઘટનાથી ગોમતીપુર પોલીસ સ્ટેશનના પીઆઇ ડી વી રાણા અને સર્વેલન્સ કામગીરી સામે સવાલ ઊભા થતા ક્રાઈમ બ્રાન્ચ દ્વારા રાત્રે ગોમતીપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં કોમ્બિંગ અને ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. ગોમતીપુરના અલગ અલગ વિસ્તારમાં રાત્રે રોડ પર છરી અને અન્ય ધારદાર હથિયાર લઈને ફરતા લોકોને ઝડપી પાડવામાં આવ્યા હતા. 9 લોકો તીક્ષ્ણ હથિયાર સાથે મળી આવતા તેમની વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી કરવામાં આવી છે.

ગોમતીપુર વોર્ડના કોંગ્રેસના મહિલા કોર્પોરેટરે પણ વિસ્તારમાં ગેરકાયદે પ્રવૃત્તિઓ ચાલતી હોવાને લઈને અગાઉ સવાલ ઉઠાવતા જણાવ્યું હતું કે, સલાટનગર વિસ્તારમાં કથિત ગેરકાનૂની પ્રવૃત્તિઓના કારણે સામાન્ય નાગરિકોમાં ભયનો માહોલ સર્જાયો છે. ખાસ કરીને મહિલાઓ, બાળકો અને વડીલોને રોજિંદા જીવનમાં અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. તેમણે જણાવ્યું કે, વિસ્તારની શાંતિ અને કાયદો-વ્યવસ્થા જાળવવા માટે તાત્કાલિક અને કડક પગલાં લેવાની જરૂર છે.

# ધોકા સાથે આવેલા ABVPના કાર્યકરોએ વિદ્યાર્થીને ફટકાર્યો

## માથું દીવાલ સાથે અથડાતાં લોહીલુહાણ, 3 ટાંકા આવ્યાં, ગુજરાત કોલેજમાં જૂની અદાવતે ધીંગાણુ



**અમદાવાદ, તા.06**

અમદાવાદની પ્રખ્યાત ગુજરાત કોલેજમાં 5 ઓગસ્ટના રોજ જૂની અદાવતને લીધે ABVPના કાર્યકરોએ એક વિદ્યાર્થી પર જીવલેણ હુમલો કર્યો હતો. 5થી 7 જેટલા શખ્સોએ ભેગા મળીને વિદ્યાર્થીને ગડદાપાટુનો માર માર્યો હતો અને તેનું માથું દીવાલ સાથે અથડાવતાં તે ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. ઘટનાની જાણ થતાં જ એલિસબ્રિજ પોલીસ સ્થળ પર પહોંચી હતી અને ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મૂળ ગોધરાના અને હાલ અમરાઈવાડી વિસ્તારમાં રહેતા ધ્રુવરાજસિંહ સોલંકી ગુજરાત કોલેજમાં બીએસસી સેમેસ્ટર-5માં અભ્યાસ કરે છે. ધ્રુવરાજસિંહ પોતાના મિત્રો સાથે કોલેજ કમ્પસમાં આવેલા નેહરુ હોલ સામે બેઠો હતો, તે સમયે ABVPના કાર્યકર્તા પ્રિન્સ દેસાઈ, આર.બી. મુધવા, રામ તથા અન્ય શખ્સોએ આવીને અચાનક તેમના પર હુમલો કરી દીધો હતો.

માર મારવા દરમિયાન ધ્રુવરાજસિંહ નીચે પડી ગયો હતો અને તેનું માથું દીવાલ સાથે અથડાતાં લોહી વહેવા લાગ્યું હતું. આસપાસના લોકો એકઠા થઈ જતાં હુમલાખોરો ભાગી ગયા હતા. ઈજાગ્રસ્ત ધ્રુવરાજસિંહને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં માથાના ભાગે 3 ટાંકા આવ્યા છે. આ મામલે ધ્રુવરાજસિંહે પ્રિન્સ દેસાઈ, આર.બી. મુધવા, રામ અને અન્ય સાગરીતો વિરુદ્ધ એલિસબ્રિજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# અમેરિકા પાસે હથિયારોનો મોટો ભંડાર છે: ડોનાલ્ડ ટ્રમ્પ

## નવા હથિયારો પણ બની રહ્યા છે, ગુપ્ત માહિતી લીક કરનારાઓને લાંબી જેલ થશે

**વૉશિંગ્ટન, તા.06**

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે અમેરિકા પાસે મોટી માત્રામાં હથિયારો મોજુદ છે. ટ્રમ્પે સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું કે જરૂરિયાત મુજબ મોટી માત્રામાં હથિયારો તૈયાર કરવામાં આવી રહ્યા છે અને તેમનો સપ્લાય પણ સતત કરવામાં આવી રહ્યો છે.

ટ્રમ્પ મુજબ, અમેરિકી રક્ષા કંપનીઓ દેશના ઈતિહાસમાં સૌથી વધુ નવા પ્લાન્ટ અને ફેક્ટરીઓ બનાવી રહી છે. તેમનું કહેવું છે કે તેનાથી અમેરિકાની રક્ષા ઉત્પાદન ક્ષમતા વધુ મજબૂત થશે.

ટ્રમ્પે ગુપ્ત રક્ષા જાણકારી લીક કરનારાઓ પર પણ કડક વલણ અપનાવ્યું. તેમણે કહ્યું કે આવા લોકોની ઓળખ કરવામાં આવી રહી છે અને તેમની વિરુદ્ધ લાંબી જેલની સજાની માગ કરવામાં આવશે.

જોકે ટ્રમ્પે પોતાની પોસ્ટમાં એ સ્પષ્ટ નથી કર્યું કે તેઓ કઈ ગુપ્ત જાણકારી કે કઈ ઘટના સાથે જોડાયેલા લીકની વાત કરી રહ્યા હતા. તેમણે ફક્ત એટલું કહ્યું કે આવા દેશદ્રોહી નિવેદનોને લીક કરનારાઓ વિરુદ્ધ કાર્યવાહી થશે.

ઈરાન-ઓમાનમાં હોર્મુઝ સ્ટ્રેટના નવા દરિયાઈ માર્ગ પર સહમતિ: ઈરાને કહ્યું કે હોર્મુઝ સ્ટ્રેટમાં જહાજોની અવરજવર માટે નવા દરિયાઈ માર્ગની રૂપરેખા પર



ઓમાન સાથે સહમતિ બની ગઈ છે. બંને દેશો ટૂંક સમયમાં તેની સંયુક્ત ઘોષણાની તૈયારી કરી રહ્યા છે. ટ્રમ્પ બોલ્યા- 48 કલાકમાં હોર્મુઝ ડીલ પર ચિત્ર સ્પષ્ટ થશે: અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો કે ઈરાન સાથેની વાતચીતમાં સારી પ્રગતિ થઈ છે અને આગામી 48 કલાકમાં સમજૂતીની સ્થિતિ સ્પષ્ટ થઈ જશે.

ઈરાન બોલ્યું- ઓમાન સાથેના કરાર પછી પણ હોર્મુઝ સંપૂર્ણપણે સુરક્ષિત નથી: ઈરાનના વિદેશ મંત્રાલયે કહ્યું કે ઓમાન સાથે સહમતિ બનવાનો અર્થ એ નથી કે હોર્મુઝ સ્ટ્રેટનો ખતરો સમાપ્ત થઈ ગયો. અમેરિકાનું સૈન્ય દબાણ ચાલુ રહ્યું તો સુરક્ષા જોખમ પણ યથાવત રહેશે.

રિપોર્ટ- ઈરાન યુદ્ધમાં અમેરિકાના 80% THAAD ઈન્ટરસેપ્ટર ખર્ચ: CNNના રિપોર્ટ અનુસાર, ઈરાન સાથેના સંઘર્ષ દરમિયાન અમેરિકાએ તેના THAAD મિસાઈલ ડિફેન્સ સિસ્ટમના લગભગ 80% અને પેટ્રિયટ સિસ્ટમના લગભગ અડધા ઈન્ટરસેપ્ટરનો ઉપયોગ કરી લીધો છે. UN: લેબનોનમાં 8 લાખથી વધુ વિસ્થાપિત લોકો ઘરે પરત ફર્યા: સંયુક્ત રાષ્ટ્ર અનુસાર, ઇઝરાયલી હુમલાઓ ઘટ્યા પછી લેબનોનમાં યુદ્ધને કારણે વિસ્થાપિત થયેલા 8.21 લાખથી વધુ લોકો પોતાના ઘરે પરત ફર્યા છે. જોકે, 3.6 લાખથી વધુ લોકો

ઈરાની સેનાએ કહ્યું છે કે તે કોઈપણ સંભવિત ખતરાનો સામનો કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે.

સેનાના પ્રવક્તા બ્રિગેડિયર જનરલ અમીર અકરામિનિયાએ કહ્યું કે સેના સતત પોતાની ઓપરેશનલ ક્ષમતા વધારવા પર કામ કરી રહી છે. આ માટે ક્ષતિગ્રસ્ત સિસ્ટમને આધુનિક બનાવવામાં આવી રહી છે અને ઘરેલું ટેકનોલોજીના આધારે નવા સૈન્ય ઉપકરણો સામેલ કરવામાં આવી રહ્યા છે.

તેમણે કહ્યું કે નવી સૈન્ય સામગ્રી મળવાની સાથે જ સેના પોતાના હથિયારો અને ઉપકરણોની તૈનાતી પણ જરૂરિયાત મુજબ બદલી રહી છે, જેથી કોઈપણ પડકારનો તરત જવાબ આપી શકાય.

અમેરિકી ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સે કહ્યું છે કે ઈરાન સાથે વાતચીત લાંબી અને મુશ્કેલ હશે.

ફોક્સ ન્યૂઝને આપેલા ઈન્ટરવ્યુમાં વેન્સે કહ્યું કે ઈરાનના કેટલાક જૂથો યુદ્ધ સમાપ્ત કરવા માંગે છે, જ્યારે કેટલાક કટ્ટરપંથી જૂથો સંઘર્ષ ચાલુ રાખવાના પક્ષમાં છે. આવી સ્થિતિમાં, અમેરિકાએ સૈન્ય, આર્થિક અને રાજદ્વારી સ્તરે સંતુલિત રણનીતિ અપનાવવી પડશે.

પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફ ગુરુવારથી ત્રણ દિવસના સાઉદી અરબના પ્રવાસે જઈ રહ્યા છે. તેમની સાથે વિદેશ મંત્રી અને સેના પ્રમુખ પણ હશે. આ દરમિયાન બંને દેશોના સંબંધો અને ખાડી ક્ષેત્રની પરિસ્થિતિ પર ચર્ચા થશે.

ઈરાન-અમેરિકા વચ્ચે વધતા તણાવની અસર દરિયાઈ વેપાર પર દેખાવા લાગી છે. દરિયાઈ ટ્રેકિંગ કંપની કેપલર અનુસાર, બુધવારે હોર્મુઝ સ્ટ્રેટમાંથી માત્ર 2 જહાજ પસાર થયા, જ્યારે એક દિવસ પહેલાં આ સંખ્યા 8 હતી. તણાવ પહેલાં અહીંથી દરરોજ 130-140 જહાજ પસાર થતા હતા.

બાબ-અલ-મંદેબ સ્ટ્રેટમાં પણ અવરજવર ઝડપથી ઘટી. બુધવારે અહીં માત્ર એક કોમોડિટી જહાજ પસાર થયું, જ્યારે એક દિવસ પહેલાં 20 જહાજ નીકળ્યા હતા. 20 જુલાઈના રોજ હુતી વિદ્રોહીઓની નાકાબંધી પછી આ માર્ગ પર જહાજોની અવરજવર સતત ઓછી થઈ રહી છે. નાકાબંધી પહેલા અહીંથી દરરોજ સરેરાશ 41 જહાજ પસાર થતા હતા.

દુનિયાના સૌથી મહત્વપૂર્ણ દરિયાઈ વ્યાપારી માર્ગોમાં સામેલ હોર્મુઝને લઈને ઈરાન અને ઓમાન વચ્ચેનો કરાર અંતિમ તબક્કામાં પહોંચી ગયો છે.

બંને દેશો નવા શિપિંગ રૂટના ભૌગોલિક નિર્દેશાંકો પર સહમત થયા છે. જો કરાર લાગુ પડશે તો હોર્મુઝમાંથી પસાર થતા જહાજોની અવરજવર માટે નવી વ્યવસ્થા લાગુ પડશે.

ટ્રમ્પે કહ્યું છે કે તેઓ ઈરાન સાથે યુદ્ધ સમાપ્ત કરવા માટે સૈન્ય કાર્યવાહીને બદલે સમજૂતીનો માર્ગ અપનાવવાનું પસંદ કરશે. બુધવારે લાસ વેગાસમાં આયોજિત એક કાર્યક્રમમાં તેમણે કહ્યું, 'હું લોકોને મારવા નથી માંગતો, તેથી હું સમજૂતી કરવાનું પસંદ કરીશ.'

# શેખ હસીના બોલ્યા- ડિસેમ્બરમાં બાંગ્લાદેશ પાછી ફરીશ: તેઓ મને જેલમાં નાખે કે મારી નાખે

## 2 વર્ષ પછી વર્ચ્યુઅલ ભાષણ આપ્યું, કેમેરો બંધ હતો, બાંગ્લાદેશ સરકારે કહ્યું- દિલ્હીમાં બેસીને ઝેર ઓક્યું

**નવી દિલ્હી, તા.06**

બાંગ્લાદેશના પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાએ બે વર્ષ પછી બુધવારે લોકોને વર્ચ્યુઅલી સંબોધિત કર્યા. જ્યારે હસીના બોલી રહ્યા હતા, તે દરમિયાન તેમનો કેમેરા બંધ હતો. 25 મિનિટના ભાષણમાં તેમણે કહ્યું- હસીનાએ એમ પણ કહ્યું કે તેમણે પોતાની ઈચ્છાથી બાંગ્લાદેશ છોડ્યું ન હતું. પ્રદર્શનકારીઓ વડાપ્રધાન આવાસ તરફ આગળ વધતા તેમની પાસે ત્યાંથી નીકળવા માટે માત્ર 30 થી 40 મિનિટનો સમય હતો. ત્યારે તેમને ખબર ન હતી કે તેઓ દેશ છોડીને જઈ રહ્યા છે. તેઓ પોતાના પૈતૃક ગામ તુંગીપાડા જવાની તૈયારી કરી રહ્યા હતા, પરંતુ સંજોગો એવા બન્યા કે દેશ છોડવો પડ્યો.

હસીનાના ભાષણ પછી બાંગ્લાદેશ સરકારે એક નિવેદન બહાર પાડ્યું, જેમાં કહેવામાં આવ્યું છે કે બાંગ્લાદેશ આ વાતથી દુ:ખી છે કે નરસંહારની દોષિત શેખ હસીનાને દિલ્હીમાં મીડિયા સાથે વાતચીત કરવા દેવામાં આવી. જ્યાં તેમણે બાંગ્લાદેશ અને તેના લોકો વિરુદ્ધ ઝેરી નિવેદનો આપ્યા.

આ પહેલા હસીનાની મીટિંગમાં સામેલ પૂર્વ ક્રિકેટર અને પૂર્વ સાંસદ શાકિબ અલ હસનના ઘરે કેટલાક લોકોએ આગ લગાવવાનો પ્રયાસ કર્યો. દાવો કરવામાં આવી રહ્યો છે



કે હુમલાખોરોએ પેટ્રોલ બોમ્બ અને ઈંટ-પથ્થર ફેંક્યા.

શેખ હસીના ઓગસ્ટ 2024 થી ભારતમાં રહી રહ્યા છે. વિદ્યાર્થી આંદોલન પછી તેમની સરકાર પડી ગઈ હતી અને તેમને ઢાકા છોડવું પડ્યું હતું.

ગયા વર્ષે નવેમ્બરમાં ઢાકાની એક વિશેષ ટ્રિબ્યુનલે 2024ના આંદોલન દરમિયાન પ્રદર્શનકારીઓ પર કાર્યવાહી કરવા બદલ માનવતા વિરુદ્ધના ગુનાના કેસમાં તેમને ગેરહાજરીમાં મૃત્યુદંડની સજા સંભળાવી હતી. ત્યારથી બાંગ્લાદેશ સરકાર સતત ભારત પાસેથી તેમના પ્રત્યાર્પણની માંગ કરી રહી છે.

શેખ હસીનાએ દાવો કર્યો કે અવામી લીગના નેતાઓ અને કાર્યકરોની હત્યા કરવામાં આવી રહી છે, તેમને ગાયબ કરવામાં આવી રહ્યા છે, ધરપકડ કરવામાં આવી રહી છે અને ખોટા કેસોમાં ફસાવવામાં આવી રહ્યા છે.

હસીનાએ કહ્યું કે અત્યાર સુધીમાં ઓછામાં ઓછા 10 હજાર લોકો માર્યા ગયા છે અથવા ગુમ થયા છે. જ્યારે, 10 લાખથી વધુ લોકો સામે અજાણ્યા આરોપી તરીકે કેસ દાખલ કરવામાં આવ્યા છે.

78 વર્ષીય શેખ હસીના 5 ઓગસ્ટ 2024 થી ભારતમાં રહે છે. વિદ્યાર્થી આંદોલન પછી તેમની સરકાર પડી ગઈ હતી અને તેમને ઢાકા છોડવું પડ્યું હતું.

ગયા વર્ષે નવેમ્બરમાં, ઢાકાની એક વિશેષ ટ્રિબ્યુનલે 2024 ના આંદોલન દરમિયાન પ્રદર્શનકારીઓ પર કાર્યવાહી કરવા બદલ માનવતા વિરુદ્ધના ગુનાના કેસમાં તેમને ગેરહાજરીમાં મૃત્યુદંડની સજા સંભળાવી હતી.

બાંગ્લાદેશના પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાએ ભારતને મિત્ર દેશ ગણાવતા કહ્યું કે તે હંમેશા બાંગ્લાદેશનો સારો મિત્ર રહ્યો છે. જ્યારે પણ બાંગ્લાદેશ કોઈ મુશ્કેલ પરિસ્થિતિમાં હોય છે, ભારત હંમેશા તેની સાથે ઊભો રહે છે - ભલે તે 1971 હોય, 1975 હોય કે આજનો સમય.

હસીનાએ કહ્યું કે સરકારો વચ્ચેના સંબંધો અલગ હોઈ શકે છે, પરંતુ ભારત હંમેશાથી એક સારો મિત્ર રહ્યો છે અને મને ખબર છે કે તે ભવિષ્યમાં પણ આવો જ રહેશે. તેમણે એમ પણ કહ્યું કે ભારત ભલે મિત્ર દેશ છે પરંતુ તેમને પોતાના લોકો પાસે જવાનું છે.

# રશિયામાં મોતના વળતર માટે લગ્ન કરતી મહિલાઓના કૌભાંડનો પર્દાફાશ

## ઘાયલ સૈનિકો સાથે લગ્નના કેસ વધ્યા, હોસ્પિટલ અને સેના પર પણ મિલીભગતનો આરોપ

**મોસ્કો, તા.06**

રશિયા-યુક્રેન યુદ્ધ વચ્ચે રશિયામાં એક નવો કૌભાંડ સામે આવ્યો છે. CNNના રિપોર્ટ અનુસાર, કેટલીક મહિલાઓ પર આરોપ છે કે તેઓ યુદ્ધ પર જનારા સૈનિકો સાથે ઉતાવળમાં લગ્ન કરે છે અને તેમના મૃત્યુ પછી મળતા સરકારી વળતર પર કબજો કરી લે છે. રશિયન મીડિયા અને અધિકારીઓ આવી મહિલાઓને 'બ્લેક વિડો' કહી રહ્યા છે. રશિયામાં તાજેતરના મહિનાઓમાં આવા ઘણા કિસ્સાઓ સામે આવ્યા છે, જેમાં સૈનિકોએ મોરચે જવાના બરાબર પહેલા અથવા હોસ્પિટલમાં મૃત્યુ પહેલા લગ્ન કર્યા. આ સમગ્ર કૌભાંડમાં હોસ્પિટલથી લઈને સેના સુધી પર મિલીભગતનો આરોપ લાગી રહ્યો છે.

સૌથી ચર્ચિત કેસમાં એક સૈન્ય હોસ્પિટલની નર્સ પર આરોપ લાગ્યો કે તેણે સારવાર લઈ રહેલા પાંચ ઘાયલ સૈનિકો સાથે અલગ-અલગ સમયે લગ્ન કર્યા. આરોપ હતો કે સૈનિકોના મૃત્યુ પછી તે તેમનું વળતર લેવા માંગતી હતી. મામલો સામે આવ્યા પછી તેને નોકરીમાંથી કાઢી મૂકવામાં આવી.

સેન્ટ પીટર્સબર્ગની રહેવાસી મારિયાને સેનાએ જણાવ્યું કે તેમના 59 વર્ષીય પિતા યુરીનું યુક્રેન યુદ્ધમાં ગોળી વાગવાથી મૃત્યુ થયું. પરંતુ તેમને સૌથી મોટો આઘાત ત્યારે લાગ્યો, જ્યારે જાણ થઈ કે યુદ્ધ પર મોકલવામાં આવ્યા તેના માત્ર બે દિવસ પહેલાં તેમના



પિતાએ લગ્ન કરી લીધા હતા.

મારિયાનું કહેવું છે કે તેમણે તે મહિલાનું નામ પહેલાં ક્યારેય સાંભળ્યું ન હતું. તે તેમના પિતા કરતાં 22 વર્ષ નાની હતી. લગ્ન પછી તે જ કાયદેસર રીતે યુરીની સૌથી નજીકની સંબંધી બની ગઈ અને સરકારી વળતરની હકદાર પણ. મારિયાનો આરોપ છે કે તેમના પિતા સાથે છેતરપિંડી થઈ. તેમનો એવો પણ દાવો છે કે પિતાનો ફ્લેટ પણ વેચી દેવામાં આવ્યો અને હવે તેમની પાસે પિતાની યાદમાં ફક્ત તે ઘરની ચાવીઓ બચી છે, જે હવે કોઈ કામની નથી.

રશિયામાં યુદ્ધમાં માર્યા ગયેલા સૈનિકના પરિવારને સરકાર તરફથી ઓછામાં ઓછા 50 લાખ રૂબલ (લગભગ 62 લાખ ભારતીય રૂપિયા) ની મદદ મળે છે. અન્ય ઘણા ચૂકવણીઓ અને વીમા ઉમેરવામાં આવે તો આ રકમ વધુ પણ હોઈ શકે છે.

આરોપ છે કે કેટલીક મહિલાઓ આ જ પૈસાના લોભમાં એકલા, વૃદ્ધ કે નબળા સૈનિકોને લગ્ન માટે ફસાવે છે. સૈનિકના મૃત્યુ પછી આખું વળતર પત્નીને મળી જાય છે. પરિવારના બાકીના લોકોને કંઈ જ મળતું નથી.

રશિયાના સેન્ટ પીટર્સબર્ગમાં ડિજિટલ સ્ક્રીન પર રશિયન સેનાના ડ્રોન યુનિટમાં કોન્ટ્રાક્ટ ભરતીની જાહેરાત દર્શાવવામાં આવી રહી છે. તેમાં પગારની માહિતી પણ આપવામાં આવી છે.

રશિયાના સેન્ટ પીટર્સબર્ગમાં ડિજિટલ સ્ક્રીન પર રશિયન સેનાના ડ્રોન યુનિટમાં કોન્ટ્રાક્ટ ભરતીની જાહેરાત દર્શાવવામાં આવી રહી છે. તેમાં પગારની માહિતી પણ આપવામાં આવી છે.

ફેબ્રુઆરી 2022માં યુક્રેન યુદ્ધ શરૂ થયા પછી રશિયાએ સેનામાં ભરતી થનારા લોકો માટે લગ્નના નિયમો સરળ બનાવ્યા. સામાન્ય રીતે રશિયામાં લગ્ન માટે અરજી કર્યા પછી થોડો સમય રાહ જોવી પડે છે, પરંતુ યુદ્ધ દરમિયાન આ પ્રક્રિયામાં છૂટ આપવામાં આવી.

નવા સૈનિકો ઈચ્છે તો ભરતી થયા પછી તરત જ લગ્ન કરી શકતા હતા. સરકારનું માનવું હતું કે તેનાથી સૈનિકોને પરિવારનો સહારો મળશે અને જો યુદ્ધમાં તેમનું મૃત્યુ થાય છે, તો પત્ની અને પરિવારને સરકારી આર્થિક મદદ સરળતાથી મળી શકશે. પરંતુ બાદમાં આરોપ લાગ્યા કે કેટલાક લોકોએ આ જ વ્યવસ્થાનો ખોટો ફાયદો ઉઠાવીને વળતર મેળવવાનો રસ્તો બનાવી લીધો. ગયા વર્ષે સાઈબેરિયાના ટોમ્સ્ક શહેરના એક પોડકાસ્ટમાં રિયલ એસ્ટેટ એજન્ટ મરીના ઓર્લોવાનો નિવેદન ખૂબ વાયરલ થયું હતું.

# તામિલનાડૂમાં ટીવીકે બાદ જેન ઝેડનું જંતર મંતર પ્રદર્શન: રાજકીય પક્ષો માટે ખતરાની ઘંટી.....

**નવી દિલ્હી, તા.06**

કોક્રોચ જનતા પાર્ટી (સીજેપી) દ્વારા જંતર મંતર ખાતે થયેલા આંદોલને ભારતના લોકતાંત્રિક રાજકારણના ૭૯ વર્ષમાં રાજકીય પક્ષોએ નહીં શીખેલો પાઠ ભણાવી દીધો છે. આવા પાઠનો પ્રથમ સંકેત વર્તમાન વર્ષના પ્રારંભમાં જોવા મળ્યો હતો પરંતુ હાલના કરતા તે નાનો હતો. ઈતિહાસે આપણને બતાવ્યુ છે કે, રાજકીય પક્ષો સંઘર્ષ અને ચૂંટણીઓ જીતીને બદલાવ લાવી શકે છે. કોંગ્રેસની આગેવાની હેઠળની ચળવળને કારણે દેશને આઝાદી મળી હતી. એક પછી એક ચૂંટણીઓ જીતીને કોંગ્રેસે ભારતની લોકશાહીના અનેક સ્થંભો ઊભા કર્યા છે જેમ કે, બંધારણિય નિયમ, ધર્મનિરપેક્ષતા, અનામત, ભાષાકીય રાજ્યો, સ્વતંત્ર કેન્દ્રીય બેન્ક,સંસાધનોની ફાળવણી વગેરે. પ્રાદેશિક પક્ષો જેમ કે દ્રાવિડિયન પક્ષોએ રાજ્યોમાં ચૂંટણીઓ જીતી હતી અને રાજ્યની ભાષાનું, રાજ્યના હક્કોનું, સાંસ્કૃતિક ઓળખ, જમીન સુધારા વગેરેનું મહત્વ સમજાવ્યું હતું. ૧૯૭૫માં જેપી ચળવળે તે વેળાની કેન્દ્ર સરકારને ઉથલાવી હતી અને સ્વતંત્રતા માટે બંધારણિય સુરક્ષા ઘડી કાઢી. ૧૯૭૮માં એએએસયુ ચળવળે સરહદપાર ઘૂસણખોરીને નિયંત્રણમાં રાખવા કાનૂની જોગવાઈઓનો માર્ગ કર્યો. હકીકતમાં વિશ્વાસપૂર્વક કહી શકાય એમ છે કે, ભારતના વહીવટમાં દરેક મોટા ફેરબદલો રાજકીય પક્ષો દ્વારા સંઘર્ષ અને ચૂંટણીઓ દ્વારા લવાયા છે.

જોવા જઈએ તો સીજેપી કોઈ રાજકીય પક્ષ નથી. તેનો જન્મ અભિજિત દીપકેના ગુસ્સામાંથી થયો છે. દીપકે અને તેના કેટલાક મિત્રો એક ઉશ્કેરણીજનક ટીકાથી દૂભાયા હતા. દીપકેએ એક પ્લેટફોર્મ ઊભુ કર્યુ અને જો દરેક કોક્રોચો જો એકસાથે મળી જાય તો શું થઈ શકે? તેવો સવાલ કર્યો હતો. જે બેરોજગાર હોય, આળસુ હોય, સતત ઓનલાઈન રહેતા હોય અને વ્યવસાયીક રીતે અવાજ ઉઠાવવાની ક્ષમતા ધરાવતા હોય તે આ પ્લેટફોર્મ પર જોડાઈ શકે છે. દેખીતી રીતે જ વિદ્યાર્થીઓ અને વિદ્વાનો સહિત અસંખ્ય લોકો એવા છે જેઓ આ અસામાન્ય લાયકાતો ધરાવે છે. અસંખ્ય લોકો એવા પણ છે જેઓ રોજગાર ધરાવે છે અને સાથોસાથ સતત ઓનલાઈન રહે છે અને અવાજ ઉઠાવી શકે છે. આમાં કલાકારો, શિક્ષકો, તબીબો, એડવોકેટસ, વેપારીઓ, પત્રકારો તથા જુનિયર સરકારી કર્મચારીઓ જેવા માનદ મહિલા તથા પુરુષોનો સમાવેશ થાય છે.

આ પ્લેટફોર્મ પર એક સ્થાપક નેતા, પ્રવકતાઓ અને બીજું કેટલુક જોવા મળી રહ્યું છે. જ્યાં સુધી જાણકારી છે ત્યાંસુધી કોઈ સંગઠન નથી, કોઈ સભ્યપદ નથી, કોઈ



નોંધણી નથી, નીતિઓની જાહેરાત નથી અથવા એક રાજકીય પક્ષ જેવી કોઈ વિશિષ્ટતા નથી. આમછતા, ૩૫ દિવસના પ્રદર્શન મારફત સીજેપીએ કેન્દ્રીય પ્રધાનોને વાર્તાલાપ કરવા માટે મજબૂર કર્યા હતા અને એક પ્રધાનને રાજિનામુ આપવા ફરજ પાડી હતી એટલુ જ નહીં દેખાવકારો સામેનો કેસો પાછા ખેંચવાની સરકાર પાસેથી લેખિત ખાતરી મેળવી હતી. આ એક અભૂતપૂર્વ છે.

મેં કહ્યું તેમ રાજકીય પક્ષો વગરની અને બહાર આવા પ્રકારની ઘટનાનો પ્રથમ સંકેત તામિલનાડૂમાં ૨૦૨૬માં જોવા મળ્યો હતો. જોસેફ વિજયે ફેબુરઆરી ૨૦૨૪માં રાજકીય પક્ષની જાહેરાત કરી હતી (તામિલગા વેટ્રી કઝગમ અથવા ટીવીકે)પરંતુ એક નિયમિત રાજકીય પક્ષ તરીકે ત્યારે તે ઊભર્યો નહતો. તે દરેક રીતે ચ્હાકોનું એક સંગઠન બની રહ્યું હતું. આ ફેન્સ' એસોસિએશનના મોટાભાગના હોદ્દેદારો વિવિધ સ્તરે ટીવીકેના હોદ્દેદારો બની ગયા હતા. ટીવીકેના ઉમેદવારોની પસંદગી પરંપરાગત રાજકીય શાણપણને બાજુ પર મૂકીને કરવામાં આવી હતી. આમાં જાતિ, ધર્મ, વારસા, સંપતિ વગેરેને ધ્યાનમાં લેવાયા નહોતા. ૨૩૪ ઉમેદવારોમાંથી ૨૦૦ પાસે નાણાં નહોતા અથવા તેમણે ખર્ચ કર્યો નહતો. મોટાભાગના મતદારક્ષેત્રોમાં ટીવીકેના ઉમેદવારો પાસે પ્રચારનું કોઈ સ્વરૂપ નહતું. ટીવીકેના અનેક ઉમેદવારો તેમના મતદારક્ષેત્ર માટે અજાણ્યા હતા અને તેમની પાસે થોડાઘણા બુથ એજન્ટો અથવા કાઉન્ટિંગ એજન્ટો હતા. વિજયે થોડાઘણા રોડ શો કર્યા હતા અને થોડીઘણી મીટિંગો યોજી હતી. મતદારો માટે તો બસ ટીવીકેના નેતા વિજય અને તેમનું ચિહ્ન વ્હીસલ જ મહત્વનું હતું. સંપર્ક સાધન સોશ્યલ મીડિયા (ઈન્સ્ટાગ્રામ અને યુ ટ્યૂબ) હતા. આને કારણે વિજય દરેક સ્થળે પહોંચી શકયા હતા અને લોકો સમક્ષ સંદેશ પહોંચાડી શકયા હતા. ડીએમકે તથા એઆઈડીએમકે જેવા મજબૂત પક્ષો સામે ટીવીકેએ ૧૦૮ બેઠકો જીતી હતી અને પડેલા મતોમાંથી ૩૫ ટકા મતો અંકે કર્યા હતા. કોઈ રાજકીય પક્ષ, નેતા, પત્રકાર તથા વિવેચકે ટીવીકેના વિજયની આગાહી કરી નહોતી. ચૂંટણીના પરિણામો જ્યારે આવ્યા ત્યારે, મજબૂત રાજકીય પક્ષોની જેમ વિજય માટે પણ આશ્ચર્યકારક રહ્યા હતા. રાજકીય પક્ષોથી પ્રભાવિત રહ્યા વગર તામિલનાડૂના નાગરિકો દ્વારા રાજકીય બદલાવ લવાયો હતો. તામિલનાડૂના ઉદાહરણને ધ્યાનમાં રાખતા એવું 'ધારી શકાય એમ છે કે એવા નાગરિકો જેઓ એકબીજાને કદાચ ઓળખતા નહીં હોય, એકબીજા સાથે વાતચીત કરી નહી હોય, કોઈ સંગઠન સાથે સંકળાયેલા નહીં હોય પરંતુ એક જ પદ્ધતિએ મતદાન કરી અને સરકાર રચી શકે તેટલી સંખ્યાના લોકપ્રતિનિધિને ચૂંટી શકે છે. તામિલનાડૂ ચૂંટણીના પરિણામ અને જંતર મંતર પ્રદર્શનના પરિણામને રાજકીય પક્ષોએ બારીકાઈથી ધ્યાનમાં લેવા રહ્યા. સંગઠીત રાજકીય પક્ષો ભુંસાઈ નહીં જાય પરંતુ હાઈ કમાન્ડ, કારોબારી સમિતિ, સામાન્ય પરિષદ, મહાસભા, સભ્યપદ તથા રાજકીય પક્ષોની ચૂંટણીઓ કદાચ અસંગત બની જશે.

# નીટ પેપર લીક આંદોલન બાદ CJPની 5મી ઓગસ્ટે છત્રપતિ સંભાજીનગરમાં અગત્યની બેઠક, ઝારખંડના વિદ્યાર્થીઓને આપ્યો ટેકો

**નવી દિલ્હી, તા.06**

નીટ પેપર મામલે જંતર મંતર ખાતે લાંબુ આંદોલન ચલાવ્યા પછી હવે ફરીથી કોકરોચ જનતા પાર્ટી (સીજેપી)એ પોતાની નવી રણનીતિ તૈયાર કરી છે. પાર્ટીના કોર સભ્યોની એક અગત્યની બેઠક ૫મી ઓગસ્ટે મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજીનગર ખાતે મળવાની છે. આ બેઠકમાં સંગઠનના ભવિષ્યનો રોડ મેપ અને આગળની યોજનાઓ વિશે ચર્ચા થશે. આ અગત્યની બેઠક સીજેપીના સ્થાપક અભિજીત દિપકેના ઘરે મળવાની છે. આ બેઠકમાં મુખ્ય રણનીતિકાર, સિનિયર સભ્યો અને જાણીતા ચહેરા ભાગ લેશે. આ બેઠકનો હેતુ દેશના યુવાનો અને વિદ્યાર્થીઓ સાથે જોડાયેલા નવા મુદ્દા ઓળખીને ભવિષ્યના આંદોલનની દિશા નક્કી કરવાનો છે. એક મહિનાના બ્રેક પછી ફરીથી સીજેપીના કાર્યકરો નવા આંદોલન માટે ભેગા થઈ રહ્યા છે. પેપર લીક આંદોલન પછી આંદોલનકારીઓને એમના વતન જઈને વિવિધ ક્ષેત્રના યુવાનોને મળવાનું કહેવામાં આવ્યું હતું.

નિતિન ગડકરી અજીબ મુસીબતમાં ફસાઈ ગયા છે. ઈ૨૦ ઈંધણ એમના મંત્રાલય હેઠળ નહી આવતું હોવા છતાં પુત્ર પ્રેમને કારણે એમણે અત્યાર સુધી ઈ૨૦ ઈંધણનો બચાવ કર્યો હતો. કેટલીક યુટયુબ ચેનલો મારફતે પણ એમણે પીઆર વર્ક કર્યું હતું. જોકે હવે જ્યારે ઈ૨૦ ઈંધણ રાષ્ટ્રીય મુદ્દો બની રહ્યો છે ત્યારે એમણે હાથ ઉંચા કરી દીધા છે. કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી હવે ઈ૨૦ના મુદ્દો ચગાવવા માંગે છે. યુથ કોંગ્રેસના કાર્યકરોએ નિતિન ગડકરીના નાગપુર ખાતે આવેલા ઘરનો ઘેરાવો કર્યો હતો. મોટી સંખ્યામાં પોલીસો હાજર કરી દેવામાં આવ્યા હતા અને દેખાવકારોને ત્યાંથી દુર કરવામાં આવ્યા હતા. કોંગ્રેસના કાર્યકરોએ નાગપુરના મહલ વિસ્તારમાં આવેલા ચિંતામણી પાર્ક ચોક ખાતેથી માર્ચ શરૂ કરી હતી. કોંગ્રેસના મહામંત્રી જયરામ રમેશનું કહેવું છે કે, ઈ૨૦ ઈંધણને કારણે ગાડીઓના માઈલેજ પર અસર થાય છે તેમજ એન્જિન પણ બગડી રહ્યા છે.

૨૦૨૦માં આપેલા ભાષણો માટે ભાજપના નેતા અનુરાગ ઠાકુર અને પ્રવેશ વર્મા વિરુદ્ધ એફઆઈઆર કરવાની માંગણીની બીજી વખત સુનાવણી કરવા સુપ્રિમ કોર્ટે મનાઈ કરી છે. સીપીએમના નેતા વૃંદા કરાતે કોર્ટને ૨૯ એપ્રિલે આપેલો નિર્ણય ફરી વખત વિચારવા અનુરોધ કર્યો હતો. જોકે કોર્ટે કહ્યું હતું કે, એમનો નિર્ણય યોગ્ય જ હતો. એ નિર્ણયમાં કોઈ ખામી નથી કે ફરીથી એના પર




પુન:વિચાર કરવામાં આવે. ૨૯ એપ્રિલે સુપ્રિમ કોર્ટે 'હેટ સ્પીચ' પર કોઈ માર્ગદર્શન આપવાની ના કહી હતી. કોર્ટે કહ્યું હતું કે કાયદામાં પહેલેથી જ યોગ્ય વ્યવસ્થા છે. આ ટીપ્પણી પછી કોર્ટે આ કેસમાં દાખલ કરવામાં આવેલી બધી જ અરજીઓ ફગાવી દીધી છે. અરજી કરનારાઓએ ધર્મ સંસદ જેવા આયોજન, કોરોના જેહાદ, યુપીએસસી જેહાદ જેવા ટીવી કાર્યક્રમો બાબતે વાંધો લીધો હતો.

તામિલનાડુમાં તિરૂપ્પરનકુંદ્રમ ડુંગર પર દીવો પ્રજ્વલીત કરવાની પરવાનગી મદ્રાસ હાઈકોર્ટે આપી હતી. મદ્રાસ હાઈકોર્ટના આ ચુકાદાને પડકારવામાં આવ્યો છે. જસ્ટીસ અરવિંદકુમાર અને જસ્ટીસ વિપુલ પંચોલની બેંચે અરજી કરનાર રમા રવિકુમાર અને અન્યોને નોટીસ આપી છે. જોકે કોર્ટે મદ્રાસ હાઈકોર્ટના ચુકાદા પર સ્ટે આપવાનો ઈન્કાર કર્યો હતો. સુપ્રિમ કોર્ટે તામિલનાડુ સરકારની અરજી પહેલેથી ચાલી આવેલી સુનાવણી સાથે જોડીને સ્થગિત કરી દીધી હતી. તામિલનાડુની સરકારે મદ્રાસ હાઈકોર્ટની મદુરાઈ બેંચે આપેલા ચુકાદાને પડકાર્યો છે. તહેવારો દરમિયાન પરંપરાગત રીતે પ્રજ્વલીત કરવામાં આવતા દીવાઓની પ્રથા ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવ્યો હતો. 'દીપમ વિવાદ' જૂની ધાર્મિક માન્યતાઓને આધારે થતી પૂજા બાબતે ઉભો કરવામાં આવ્યો હતો. આ ડુંગરો હિન્દુઓ અને મુસલમાન બંને માટે શ્રદ્ધાનું પ્રતિક છે.

સુપ્રિમ કોર્ટના જજોની સંખ્યા વધારવાનું સુધારા બીલ ૨૦૨૬ લોકસભામાં પસાર થઈ ગયું છે. આ બીલનો ઉદ્દેશ સુપ્રિમ કોર્ટના જજોની સંખ્યા વધારવાનો છે. બીલ પ્રમાણે સુપ્રિમ કોર્ટના મુખ્ય ન્યાયાધિશ (સીજેઆઈ)ને છોડીને બીજા જજોની સંખ્યા જે હમણા ૩૩ છે એ ૩૭ કરવામાં આવશે. આ વર્ષે જ રાષ્ટ્રપતિ દ્રોપદી મૂર્મૂએ સુપ્રિમ કોર્ટના જજોની સંખ્યા ૩૩થી વધારીને ૩૭ કરવાનો વટહુકમ બહાર પાડયો હતો. કેન્દ્રીય કાયદા મંત્રી અર્જૂન રામ મેઘવાલે આ બીલ રજુ કર્યું હતું. મંત્રીના કહેવા પ્રમાણે આ બીલના કારણે ન્યાયતંત્રમાં સુધારા સંભવિત થશે. સુપ્રિમ કોર્ટમાં રોજબરોજ કેસોનું પ્રમાણ વધી રહ્યું છે અને જજોની સંખ્યા અપુરતી હોવાથી સંખ્યા વધારવી જરૂરી બની છે. થોડા વર્ષો પહેલા પહેલવાન બ્રિજભૂષણ શરણ સિંહ સામે કેટલીક મહિલા પહેલવાનોએ યૌન શોષણનો આરોપ મૂક્યો હતો. હવે દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે બ્રિજભૂષણ સિંહને નિર્દોષ જાહેર કર્યા છે. એમની સાથે સહ આરોપી વિનોદ તોમરને પણ નિર્દોષ જાહેર કરવામાં આવ્યા છે. ત્રણ વર્ષ પહેલા આ બાબતે ખૂબ મોટો વિવાદ થયો હોવા છતાં ભાજપે બ્રિજભૂષણ સિંહને ભારતીય કુસ્તી સંઘના પ્રમુખ પદેથી દુર કર્યા નહોતા. છ મહિલા પહેલવાનો સહિત બીજા ઘણા પહેલવાનો જંતર મંતર ખાતે બ્રિજભૂષણ સામે ધરણા પર બેઠા હતા. બ્રિજભૂષણ સિંહ છ વખત લોકસભાના સાંસદ રહી ચૂક્યા છે. ૧૯૯૧માં તેઓ પહેલી વખત ભાજપની ટિકિટ પર ઉત્તર પ્રદેશના ગોંડા બેઠક પરથી ચૂંટાયા હતા. તેઓ ટૂંક સમય માટે સમાજવાદી પાર્ટી સાથે જોડાયા હતા, પરંતુ એમનું રાજકીય વજન જોઈને ભાજપે એમને પરત પક્ષમાં લીધા હતા. બ્રિજભૂષણનો પ્રભાવ ગોંડા ઉપરાંત કૈસરગંજ, બલરામપુર સહિત ઓછામાં ઓછ ૫ લોકસભા બેઠકો પર હોવાનું મનાય છે.

## તંત્રી લેખ

# કોકરોચ જનતા પાર્ટીનો હવે પછીનો ટાર્ગેટ ચૂંટણી કમિશનર

કોકરોચ જનતા પાર્ટીના ટોચના નેતાઓની મીટીંગ અભિજીત દિપકેના નિવાસસ્થાને મળી હતી. મીટીંગમાં ભવિષ્યની યોજનાઓની ચર્ચા થઈ હતી. હવે પછીનું આંદોલન મુખ્ય ચૂંટણી કમિશનર વિરુદ્ધ કરવાનું નક્કી થયાની વાત છે. મીટીંગ પછી પક્ષના પ્રવક્તા સૌરવ દાસે કહ્યું હતું કે, પક્ષના આંદોલનનો ઉદ્દેશ પરંપરાગત રાજનીતિથી જુદા પડીને પ્રભાવ વધારવાનો છે. અમે બીજો કોઈ રાજકીય પક્ષ બનાવવાને બદલે લોકોની તકલીફો ઓછી કરવા માંગીએ છીએ અને સામાજીક જાગૃતિ વધારવા માંગીએ છીએ. એમની ઈચ્છા જમીનસ્તરે લોકોને જાગૃત કરવાની છે. કોર કમીટીમાં શું થયું એ બાબતે એમણે કહ્યું હતું કે, 'દેશમાં ઘણા બધા રાજકીય પક્ષો છે, પરંતુ વાસ્તવિકતા જોઈએ તો લોકોમાં હજી જાગૃતિનો અભાવ છે અને સીજેપી એજ કાર્યવાહી કરી રહી છે.'

જંતર મંતર ખાતેના વિદ્યાર્થી આંદોલન દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિદ્યાર્થીઓ સાથે સીધી વાતચીત કરવા માટે એક વીડિયો બનાવ્યો હતો. આ વીડિયો ફેસબુક પરથી દુર કરવામાં આવ્યો હતો. વીડિયો દુર થતા નારાજ થયેલી સરકારે મેટા પાસે ખુલાસો માંગ્યો હતો. મેટાના અધિકારીઓએ કહ્યું હતું કે ભૂલથી આ વીડિયો દુર કરવામાં આવ્યો હતો. હવે સરકાર બદલો લેવાના મૂડમાં છે. સરકારે માર્ક ઝુકરબર્ગને ૩ દિવસનો સમય આપ્યો છે જે દરમિયાન એમણે સંપૂર્ણ ઘટનાનો ખુલાસો આપવો પડશે. જો તેઓ એમ કરવામાં નિષ્ફળ જશે તો મેટા સામે આકરા પગલા લેવામાં આવશે. સરકાર સોશ્યલ પ્લેટફોર્મ્સને રક્ષણ માટે 'સેફ હાર્બર પ્રોટેક્શન' આપે છે જેથી કાયદાકીય કાર્યવાહી સામે મેટા જેવી કંપનીને રક્ષણ મળે. હવે સરકાર આ સેફ હાર્બર પ્રોટેક્શન રદ કરવાની તૈયારીમાં છે. મેટાને કહેવામાં આવ્યું છે કે એણે ભારતના કાયદાનો અમલ કરવો પડશે અને જો બાળકોની જાતીય સતામણીને લગતી પોસ્ટ પ્લેટફોર્મ પર મૂકાશે તો ગંભીર પરીણામ ભોગવવા પડશે. તામિલનાડુના ભૂતપૂર્વ ઉપમુખ્યમંત્રી ઉદયનીધિ સ્ટાલીનની ધરપકડ તામિલનાડુ પોલીસે કરી હતી. ઉદયનીધિ સ્ટાલીન જામીન પર છૂટી ગયા છે. છૂટયા પછી તેઓ સીધા પિતાને મળવા પહોંચ્યા હતા. જ્યાં એમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. એમનો આરોપ છે કે એમની સાથે આતંકવાદી જેવો વ્યવહાર કરવામાં આવ્યો હતો. ત્રણ હજાર જેટલા પોલીસ કર્મચારીઓના ઘેરામાં એમને ચેન્નઈથી તંજાવુર સુધી બસમાં ચારસો કીલોમીટર દુર લઈ જવામાં આવ્યા હતા. ઉદયનીધિની ધરપકડને કારણે ડીએમકેના ટોચના નેતાઓ આક્રમક મૂડમાં છે. દિલ્હીમાં જે રીતે કોંગ્રેસ સહિતના વિરોધપક્ષોએ ઉદયનીધિની ધરપકડની ટીકા કરી નથી એને કારણે ડીએમકેના નેતાઓ નિરાશ થઈ ગયા છે. એમ મનાઈ રહ્યું છે કે, હવે સિમાંકન બીલ બાબતે ડીએમકે એનડીએને ટેકો આપે એવી પુરી શક્યતા છે. જો ડીએમકેના સાંસદો એનડીએ માટે મતદાન કરે તો એનડીએ બેતૃતિયાંસ બહુમતીથી બીલ પસાર કરાવી શકે એમ છે.

રાષ્ટ્રપતિ ભવનમાં ફરજ બજાવતા દિલ્હી પોલીસના એક સિનિયર અધિકારીના અસંસદીય વ્યવહારનો વિવાદ બહાર આવ્યો છે. વિવાદ વધતા જોઈન્ટ પોલીસ કમિશનર વિનુ બંસલને રાષ્ટ્રપતિ ભવનમાંથી હટાવી દેવામાં આવ્યા છે. એમને દિલ્હી પોલીસના મુખ્ય મથક ખાતે ટ્રાન્સફર કરવામાં આવ્યા છે. રાષ્ટ્રપતિ ભવનની સુરક્ષામાં ગંભીર ચૂક થઈ હોવાનું મનાય છે. વિનુ બંસલ ૨૦૦૪ બેચના આઈપીએસ અધિકારી છે. તેઓ એજીએમયુટી કેડરના છે. દિલ્હી પોલીસના સૂત્રોના જણાવ્યા પ્રમાણે વિનુ બંસલની વર્તણૂકને કારણે રાષ્ટ્રપતિ ભવનનો મોટો સ્ટાફ રજા પર ઉતરી ગયો હતો. આ અધિકારી રાષ્ટ્રપતિ ભવનના ગોલ્ફ મેદાનનો પણ ઉપયોગ કરતા હતા. આવું વારંવાર થયું હોવાની ફરિયાદ પણ રાષ્ટ્રપતિને મળી હતી. એક કાર્યક્રમમાં તેઓ પોતાના કુટુંબીઓને પણ રાષ્ટ્રપતિ ભવનમાં લઈ ગયા હતા. દિલ્હીના જંતર મંતર ખાતે જ્યારે આંદોલન ચાલી રહ્યું હતું ત્યારે આંદોલન સ્થળે ઉત્તરાખંડના પોલીસ કોન્સ્ટેબલ શેર સિંહ પહોંચી ગયા હતા.

**સંસદમાં તાજેતરમાં જ કેન્દ્રીય મંત્રી પંકજ ચૌધરીએ અહેવાલ સોંપતા જણાવ્યું કે, ઈડી દ્વારા કરાતા કેસોમાંથી માત્ર ૧ ટકા કેસમાં જ સફળતા મળે છે અથવા તો આરોપોનો ગુનો સાબિત થાય છે. બાકીના ૯૯ ટકા કેસ અધ્ધરતાલ ચાલતા હોય છે. ઈડી ક્યારેય ગુના સાબિત કરી શકતું જ નથી. અહેવાલો જણાવે છે કે, ઈડીએ છેલ્લાં પાંચ વર્ષમાં ૪૬૨૨ કેસ દાખલ કર્યા હતા. વિવિધ ગુના અને કલમો હેઠળ દાખલ કરવામાં આવેલા આ કેસમાંથી માત્ર ૪૩ કેસમાં ઈડીને સફળતા મળી છે**

# મોદીના ગોડમધર ઈન્દિરા ગાંધી : ઈડી સત્તા ટકાવવાનું અણમોલ શસ્ત્ર

## દેશની તમામ તપાસ એજન્સીઓને પહેલાં ઈન્દિરા ગાંધીએ ભરપૂર વાપરી અને હવે મોદી-શાહ પોતાના માટે સદુપયોગ કરે છે

૧૯૬૯થી ૧૯૭૭ સુધીના ઈન્દિરા ગાંધીના કાર્યકાળમાં કેન્દ્રીય એજન્સીઓનો વ્યાપક રીતે દુરુપયોગ કરવામાં આવ્યો હતો. તેમાંય ૧૯૭૫-૭૭ દરમિયાન દેશમાં આંતરિક કટોકટી લાદવામાં આવી, ત્યારે વિપક્ષી નેતાઓ, વેપારીઓ અને વિરોધી અવાજોને દબાવવા માટે કેન્દ્રીય એજન્સીઓનો વ્યાપક દુરુપયોગ કરવામાં આવ્યો હતો : વર્તમાન સમયમાં ટૂજી સ્પેક્ટ્રમ કેસ, છત્તીસગઢ દારૂ કૌભાંડ કેસ, દિલ્હી લિકર એક્સાઈઝ કેસ, ભીમા કોરેગાંવ કેસ, વિદેશી ભંડોળ કેસ જેવા ઘણા કેસમાં પણ મોદી સરકાર દ્વારા દેખીતી રીતે ઈડીનો હથિયાર તરીકે જ ઉપયોગ કરાયાનું સાબિત થયું હતું, અમિત શાહે વિરોધીઓનો ડામવા કેન્દ્રીય એજન્સીઓનો શિકારી કૂતરાની જેમ ઉપયોગ કર્યો હોવાની પણ ફરિયાદો છેઃ નરેન્દ્ર મોદીએ કાયમ જવાહરલાલ નહેરુના શાસનની કાયમ ટીકા કરી છે, રાજીવ ગાંધી, સોનિયા ગાંધી, રાહુલ ગાંધી કે પ્રિયંકા ગાંધીને પણ સંભળાવવાની કે તેમની હાંસી ઉડાવવાની એકપણ તક જવા દીધી નથી. આ નરેન્દ્ર મોદીએ ક્યારેય કોઈપણ વાતો ઈન્દિરા ગાંધી વિશે કોઈ વાત કહી નથી. લોકો માને છે કે, તેઓ ઈન્દિરા ગાંધીને ગોડમધર માનીને તેમના જ રસ્તે ચાલી રહ્યા છે

સંસદમાં તાજેતરમાં જ કેન્દ્રીય મંત્રી પંકજ ચૌધરીએ અહેવાલ સોંપતા જણાવ્યું કે, ઈડી દ્વારા કરાતા કેસોમાંથી માત્ર ૧ ટકા કેસમાં જ સફળતા મળે છે અથવા તો આરોપોનો ગુનો સાબિત થાય છે. બાકીના ૯૯ ટકા કેસ અધ્ધરતાલ ચાલતા હોય છે. ઈડી ક્યારેય ગુના સાબિત કરી શકતું જ નથી. અહેવાલો જણાવે છે કે, ઈડીએ છેલ્લાં પાંચ વર્ષમાં ૪૬૨૨ કેસ દાખલ કર્યા હતા. વિવિધ ગુના અને કલમો હેઠળ દાખલ કરવામાં આવેલા આ કેસમાંથી માત્ર ૪૩ કેસમાં ઈડીને સફળતા મળી છે અને આરોપીઓને સજા કરવામાં આવી છે. તેનો દેખીતો અર્થ એ છે કે, આ એજન્સીનો સક્સેસ રેટ માત્ર ૧ ટકા જેટલો છે.

મહત્ત્વનું એ છે કે, ઈડી હોય કે પછી સીબીઆઈ કે આઈટી કે અન્ય સરકારી એજન્સી, આ તમામનો રાજકીય ઉપયોગ ભરપૂર રીતે કરવામાં આવે છે. વર્તમાન મોદી સરકાર જ તેનો પોતાના હીતો સાધવા ઉપયોગ કરે છે તેવું નથી, દાયકાઓથી ભારતમાં જે પણ પક્ષ કેન્દ્રીય સત્તામાં રહ્યો છે તેણે આ એજન્સીઓનો એક યા બીજી રીતે રાજકીય ઉપયોગ કર્યો જ છે. જાણકારોના મતે ઈન્દિરા ગાંધીના સમયમાં સરકારી એજન્સીઓનો દૂરપયોગ ભરપૂર પ્રમાણમાં શરૂ થયો હતો. તેમણે તમામ સ્તરે વિરોધીઓને દબાવવા માટે આ એજન્સીઓનો ઉપયોગ કર્યો અને હવે તેમનો રાજકીય વારસો નરેન્દ્ર મોદી અને અમિત શાહ સાચવી રહ્યા હોવાની ચારેકોર ચર્ચા છે. તેઓ પણ તમામ સ્તરે વિરોધીઓને કચડવા આ એજન્સીઓના હથિયારે સારી રીતે વાપરી જાણે છે.

લોકોમાં ચર્ચા છે કે, ૧૯૬૯થી ૧૯૭૭ સુધીના ઈન્દિરા ગાંધીના કાર્યકાળમાં કેન્દ્રીય એજન્સીઓનો વ્યાપક રીતે દુરુપયોગ કરવામાં આવ્યો હતો. તેમાંય ૧૯૭૫-૭૭ દરમિયાન દેશમાં આંતરિક કટોકટી લાદવામાં આવી, ત્યારે વિપક્ષી નેતાઓ, વેપારીઓ અને વિરોધી અવાજોને દબાવવા માટે કેન્દ્રીય એજન્સીઓનો વ્યાપક દુરુપયોગ કરવામાં આવ્યો હતો.

ખાસ વાત એ છે કે, ૧૯૬૯માં કોંગ્રેસ પક્ષના વિભાજન પછી, ઈન્દિરા ગાંધીએ નાણા મંત્રાલયનો હવાલો પણ પોતાની પાસે રાખ્યો હતો. તેમણે પોતાના રાજકીય હરીફો સામે નાણાકીય એજન્સીઓનો ઉપયોગ શરૂ કર્યો. ઓલ્ડો કોંગ્રેસનો ભાગ ગણાતા મોરારજી દેસાઈ અને કોંગ્રેસ સિન્ડિકેટના અન્ય વરિષ્ઠ નેતાઓ સાથે જોડાયેલા સપોર્ટરો કે ઉદ્યોગપતિઓ પર આર્થિક ગેરરીતિઓના આક્ષેપો હેઠળ ઈડી અને ઈન્કમ ટેક્સ દ્વારા નજર રાખવામાં આવતી હતી. આ ઉપરાંત ફોરેન એક્સ્ચેન્જ રેગ્યુલેશન એક્ટ એટલે કે વિદેશી




હુંડિયામણ સાથે સંકળાયેલા કાયદાનો પણ તે સમયે ઈડીના નામે ભયાનક દૂરુપયોગ કરવામાં આવ્યો હતો. તેના અમલ અને ચકાસણીના જવાબદારી ઈડી પાસે હતીય આ કાયદો એટલો કડક હતો કે નાનામાં નાના વિદેશી નાણાકીય વ્યવહારને પણ ગુનો ગણીને વગર વોરંટે અટકાયત કરી શકાતી હતી. જે વેપારીઓ કે ટ્રસ્ટો વિપક્ષી પક્ષો (જેમ કે જનસંઘ કે આઝાદ પાર્ટી) ને આર્થિક મદદ કરતા હતા, તેમના પર FERAના ઉલ્લંઘનના આરોપો મૂકીને ED દ્વારા રેડ પાડવામાં આવતી અને તેમની સંપત્તિ ફ્રીઝ કરી દેવાતી હતી.

આ ઉપરાંત ઈન્દિરા ગાંધીએ પ્રિવી પર્સ (રાજવી ભથ્થાં) નાબૂદ કર્યા બાદ રાજવી પરિવારો તેમની સામે વિરોધમાં આવ્યા હતા. જ્યારે જયપુરના મહારાણી ગાયત્રી દેવીએ સ્વતંત્ર પાર્ટીમાંથી ચૂંટણી જીતીને ઈન્દિરા ગાંધીના કડક વિરોધી તરીકે ઉભરી આવ્યા, ત્યારે કટોકટી દરમિયાન તેમના મહેલો પર દરોડા પાડવામાં આવ્યા હતા. તેમની સામે FERA અને નાણાકીય ગેરરીતિઓના આરોપો લગાવીને દિલ્હીની તિહાર જેલમાં મોકલી દેવાયા હતા. આ ઉપરાંત ગ્વાલિયરના રાજમાતા વિજયારાજે સિંધિયાએ પણ જનસંઘને સમર્થન આપતા તેમની સામે ટેક્સ અને વિદેશી સંપત્તિના કાયદા હેઠળ કાર્યવાહી કરીને તેમને જેલમાં પુરવામાં આવ્યા હતા.

આશ્ચર્યની વાત એ છે કે, ૧૯૭૭માં જનતા પાર્ટીની સરકાર આવી ત્યારે કટોકટીમાં થયેલી સત્તાના દૂરુપયોગની તપાસ માટે જસ્ટિસ જે.સી. શાહ કમિશનની રચના કરવામાં આવી. કમિશનના રિપોર્ટમાં સ્પષ્ટ નોંધવામાં આવ્યું હતું કે ઈન્દિરા ગાંધી સરકાર દરમિયાન સીબીઆઈ, ઈડી અને રેવન્યુ ઈન્ટેલિજન્સ જેવી સરકારી એજન્સીઓનો ઉપયોગ વ્યક્તિગત અને રાજકીય બદલો લેવા માટે, સામાન્ય નાગરિકોને ડરાવવા માટે અને વિરોધી અવાજોને શાંત કરવા માટે કરવામાં આવ્યો હતો. હાલમાં કોંગ્રેસ અને અન્ય વિપક્ષો દ્વારા પણ મોદી સરકાર સામે આવી જ ફરિયાદો કરવામાં આવી રહી છે. તેમાં જરાય ખોટું નથી. છેલ્લાં ૧૨ વર્ષમાં ભાજપ સરકાર દ્વારા અનેક પ્રસંગો વિરોધીઓ, ટીકાકારોને દબાવવા માટે અને વિપક્ષોને બરબાદ કરવા માટે કેન્દ્રીય એજન્સીઓનો રાજકીય હથિયાર તરીકે ઉપયોગ કર્યો જ છે.

વર્તમાન સમયની વાત કરીએ તો ઈડી દ્વારા મોટાપાયે વાજતેગાજતે હાઈપ્રોફાઈલ કેસ દાખલ કરવામાં આવ્યા હતા પણ તેમાં સાબિત કોઈ મળી નહોતી. સૌથી પહેલાં ટૂ જી સ્પેક્ટ્રમ કેસ જે દેશના ઈતિહાસનો સૌથી મોટો ૧.૭૬ લાખ કરોડનો ભ્રષ્ટાચાર થયો હોવાનો કેસ હતો. તે વખતે તત્કાલિન ટેલકોમ મંત્રી એ.રાજા, કનિમોઝી અને અન્ય ઉચ્ચ અધિકારીઓ સામે સીબીઆઈ અને ઈડીએ તપાસ હાથ ધરી હતી. ઘણા વર્ષ બાદ વર્ષ ૨૦૧૭માં સ્પેશિયલ સીબીઆઈ/ઈડી કોર્ટે તમામ ૧૭ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા. જજે ટિપ્પણી કરી હતી કે, સાત વર્ષે પણ એજન્સીઓ નક્કર પુરાવા રજૂ કરી શકી નથી. માત્ર અફવાઓ અને ધારણાઓના આધારે કેસ ઊભો કરાયો હતો. આ ઉપરાંત છત્તીસગઢ દારૂ કૌભાંડ કેસમાં પણ પૂર્વ કોંગ્રેસ સરકાર સામે ૨૧૬૧ કરોડના કૌભાંડના આરોપો મુકાયા હતા. સુપ્રીમે આઈટીની ફરિયાદના આધારે ઈડીએ દાખલ કરેલા કેસને ફગાવી દીધો અને પુરાવાના અભાવે કોઈ સાબિતી થઈ શકી નહીં.

ઉલ્લેખનીય છે કે, દિલ્હીના પૂર્વ સીએમ અરવિંદ કેજરીવાલ, પૂર્વ ડેપ્યુટી સીએમ મનીષ સિસોદિયા અને આપના સાંસદ સંજય સિંહની દિલ્હી દારૂ નીતિ કેસમાં ધરપકડ કરવામાં આવી હતી. આ કેસમાં પણ ઈડી કશું જ સાબિત કરી શકી નહીં અને તમામને જામીન આપવા પડયા. તે ઉપરાંત ભીમા કોરેગાંવ અને વિદેશી ભંડોળના ઘણા કેસો થયા હતા. ઘણા કિસ્સાઓમાં માનવ અધિકાર કાર્યકર્તાઓ, પત્રકારો અને એનજીઓ સામે PMLA અને FEMA ના કાયદા હેઠળ તપાસ શરૂ કરવામાં આવી, પરંતુ વર્ષો સુધી કોઈ નક્કર ચાર્જશીટ રજૂ કરી શકાઈ નથી.

આ સિવાય અઢળક કિસ્સા અને કેસ છે જેમાં ચૂંટણી જીતવા માટે, સત્તા લેવા માટે કે પછી પચાવી પાડવા માટે અમિત શાહ દ્વારા કેન્દ્રી એજન્સીઓને વિરોધીઓની પાછળ શિકારી કૂતરાની જેમ ખુલ્લી આવી છે. અમિત શાહના ઈશારે આ એજન્સીઓ વિપક્ષોનો શિકાર કરી લાવે છે. લોકો માને છે કે, મોદી અને શાહ દ્વારા વિપક્ષોને રંજાડવા માટે અને ઘુંટણીયે લાવવા માટે જ આ એજન્સીનો ઉપયોગ કરાય છે. વિરોધી પીડાય તેમાં આ લોકોને આનંદ આવતો હોવાની પણ રાજકીય રાવ ઊઠી છે.

જાણકારો માને છે કે, ઈડીની રચના થઈ ત્યારથી અત્યાર સુધી ઈન્દિરા ગાંધી હોય કે નરેન્દ્ર મોદી દરેક સત્તાધીશોએ પોતાના ફાયદા માટે તેનો દૂરુપયોગ કર્યો છે આ સિવાય પણ ઈન્દિરા ગાંધીથી માંડીને મોદી સુધીની તમામ સરકારોએ કેન્દ્રિય એજન્સીઓનો પોતાના હિત માટે ઉપયોગ કર્યો છે.આ એજેન્સીઓની નિષ્ફળતા જણાવે છે કે, સુપ્રીમ કોર્ટે ક્યારેય આ એજન્સીઓને ગંભીર ચેતવણી આપી નથી કે ટકોર કરી નથી.

તેણે દાયકાઓથી ખોટા કેસો ચાલવા દીધા છે. આ ઉપરાંત ઈન્દિરા ગાંધી અને નરેન્દ્ર મોદી જેવા નેતાઓના નિર્ણયો અને કેન્દ્રિય એજન્સીઓના દુરુપયોગ સામે નરમ વલણ રાખીને આંખ આડા કાન કર્યા છે.

લોકમુખે અને રાજકીય વર્તુળોમાં વ્યાપક ચર્ચા ચાલી રહી છે કે, નરેન્દ્ર મોદી જે રીતે કામ કરી રહ્યા છે, જે રીતે વિપક્ષોને દબાવી રહ્યા છે, સમગ્ર દેશમાં સત્તા મેળવવાની લાલસા સાથે આગળ વધી રહ્યા છે તે જણાવે છે કે, તેમના ગોડમધર ઈન્દિરા ગાંધી જ છે. આટલા વર્ષોમાં નરેન્દ્ર મોદીએ લાખો ભાષણોમાં, સંસદમાં, સંસદની બહાર, દુર્ઘટનાઓમાં કે પછી કોઈપણ ખામીઓમાં સતત કોંગ્રેસની સરકારને વખોડી છે. તેમણે જવાહરલાલ નહેરુના શાસનની કાયમ ટીકા કરી છે, રાજીવ ગાંધી, સોનિયા ગાંધી, રાહુલ ગાંધી કે પ્રિયંકા ગાંધીને પણ સંભળાવવાની કે તેમની હાંસી ઉડાવવાની એકપણ તક જવા દીધી નથી. આ નરેન્દ્ર મોદીએ ક્યારેય કોઈપણ વાતો ઈન્દિરા ગાંધી વિશે કોઈ વાત કહી નથી. લોકો માને છે કે, તેઓ ઈન્દિરા ગાંધીને ગોડમધર માનીને તેમના જ રસ્તે ચાલી રહ્યા છે. તેઓ સત્તામાં રહેવા ગમે તેમ કરવા તૈયાર હોય છે. વિપક્ષોને ઘુંટણીયા લાવવા માટે કોઈપણ એજન્સીનો દૂરુપયોગ કરતા ખચકાતા નથી. ઈન્દિરા ગાંધીને વિદેશમાં ફરવાનો, જાતભાતના વસ્ત્રો પહેરાવાનો, ડિઝાઈનર કપડાં પહેરાવાનો અને મોટા લાવલશ્કર સાથે ફરવાનો શોખ હતો. નરેન્દ્ર મોદી પણ આ જ રસ્તે ચાલી રહ્યા છે. દેશના લોકોને ઘરમાં રહેવાની સુચના આપીને પોતે દેશને આગળ લઈ જવાના નામે વધુ એક વિદેશનો પ્રવાસ કરી આવે છે. સારામાં સારા ડિઝાઈનર કપડાં પહેરીને દેશના ફકીર વડાપ્રધાન વિદેશોમાં મ્હાલે છે. ૫૦થી વધારે ગાડીઓના કાફલા સાથે કોઈપણ જગ્યાએ ફરતા હોય છે.

# "સહકાર વિના જીવનનો યજ્ઞ અધૂરો રહે છે ટીપાંથી સાગર અને તણખલાથી માળો બને છે"



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

માણસનું જીવન એક લાંબી યાત્રા છે. આ યાત્રામાં તેને અનેક વાર એવું લાગે છે કે 'હું એકલો જ કરી શકું છું'. શક્તિ, જ્ઞાન, પદ, કે તપસ્યાનો અહંકાર જ્યારે મનમાં બેસી જાય, ત્યારે સૌથી નાની શિલા પણ પહાડ જેટલી ભારે લાગવા માંડે છે.

સત્યયુગ હોય કે આજનો કલિયુગ, ઈશ્વરે સૃષ્ટિની રચના જ સહકારના સૂત્ર પર કરી છે. સૂર્ય એકલો પ્રકાશ આપે છે, પણ વૃક્ષ, વાદળ, વરસાદ અને માટી સાથે મળે ત્યારે જ અન્ન ઊગે છે. નદી એકલી વહે છે, પણ કાંઠા, પથ્થર અને વૃક્ષો સાથે મળે ત્યારે જીવન બને છે.

આજે આપણે મહર્ષિ અત્રિના આશ્રમમાં બનેલી એક સામાન્ય લાગતી પણ અસાધારણ શિક્ષા આપતી ઘટના દ્વારા એ જ સનાતન સત્યને સમજવાનો પ્રયાસ કરીશું. એક શિલા, એક શિષ્યનો ઘમંડ, અને એક વૃદ્ધ તપસ્વીની નમ્ર સલાહ. આ ત્રણેયના મિલનથી જે પાઠ મળ્યો તે આજે પણ આપણા ઘર, સમાજ અને આત્માની યજ્ઞવેદી માટે જરૂરી છે.

સત્યયુગનો સમય હતો. હિમાલય ની તળેટીમાં મહર્ષિ અત્રિનો વિશાળ આશ્રમ શોભતો હતો.ત્યાં દૂર દૂરથી શિષ્યો વેદોનો અભ્યાસ કરવા આવતા. માત્ર અભ્યાસ જ નહીં, તેઓ સ્વેચ્છાએ આશ્રમની સેવા પણ કરતા. ગુરુની આજ્ઞા એ જ તેમના માટે ધર્મ હતો.

એક દિવસ આશ્રમમાં મોટો યજ્ઞ યોજાવાનો હતો. યજ્ઞવેદી બનાવવા માટે એક વિશાળ શિલા લાવવાની હતી. આશ્રમના સૌથી મજબૂત શિષ્યનું નામ હતું સત્યકેતુ. તેની કાયા કસાયેલી હતી અને વર્ષોની તપસ્યાથી તેને પોતાની શક્તિ પર ખૂબ ગર્વ હતો.જ્યારે બધા શિષ્યો શિલા વિશે ચર્ચા કરી રહ્યા હતા, ત્યારે સત્યકેતુ આગળ આવ્યો અને છાતી ફુલાવીને બોલ્યો, 'ગુરુદેવ! આ શિલાને હું એકલો જ ઉપાડી લઈશ.મને કોઈની મદદની જરૂર નથી

ગુરુએ કંઈ કહ્યું નહીં. માત્ર સ્મિત કર્યું. સત્યકેતુએ પોતાની બધી શક્તિ અજમાવી. તેણે શિલાને ધક્કા માર્યા, દોરડાથી ખેંચી, પરસેવાથી નાહી ગયો. પણ તે વિશાળ શિલા ટસની મસ ન થઈ. વારંવારના પ્રયાસોથી તે થાકીને લોથપોથ થઈ ગયો, છતાં અહંકાર એટલો મોટો હતો કે તે કોઈની મદદ માંગી શકે તેમ નહોતો.

બરાબર તે જ સમયે આશ્રમમાં એક વૃદ્ધ તપસ્વી પધાર્યા. તેમના ચહેરા પર શાંતિ હતીઅને આંખોમાં કરુણા. તેમણે દૂરથી બધું જોયું અને હસીને કહ્યું, 'પુત્ર, જો તમે પરવાનગી આપો તો શું હું એક નાનો ઉપાય બતાવી શકું?'

સત્યકેતુએ ઘમંડથી જવાબ આપ્યો 'હું વર્ષોથી કઠોર તપસ્યા અને સાધના કરી રહ્યો છું. મને કોઈની સલાહની જરૂર નથી.'

તપસ્વી ક્રોધિત ન થયા. શાંત સ્વરે બોલ્યા, 'જ્ઞાન ક્યારેય ઉંમરથી કે શક્તિથી નથી મળતું, પુત્ર. તે નમ્રતાથી મળે છે. મારી પદ્ધતિ એકવાર અજમાવી જુઓ.'

મહર્ષિ અત્રિએ પણ સત્યકેતુને ઈશારાથી કહ્યું કે તપસ્વીની વાત સાંભળો.તપસ્વીએ બધા શિષ્યોને એકઠા કર્યા. તેમણે કહ્યું, 'આ શિલા એકલાનું કામ નથી. આ દુનિયા સહકારથી ચાલે છે. કેટલાક દોરડું પકડો, કેટલાક નીચેથી લાકડાનો ટેકો આપો, કેટલાક બીજી બાજુથી ધક્કો મારો. આપણે બધા સાથે મળીને પ્રયાસ કરીએ.'

બધા શિષ્યોએ એકજૂથ થઈને કામ શરૂ કર્યું. કોઈએ દોરડું ખેંચ્યું, કોઈએ નીચે ટેકો મૂક્યો, કોઈએ સંકેત આપ્યો. થોડી જ ક્ષણોમાં જે શિલા એક મજબૂત શિષ્યથી નહોતી હલી, તે સહકારની શક્તિથી સરળતાથી ઉપડી ગઈ અને યજ્ઞવેદીના સ્થાન પર પહોંચી ગઈ.

સત્યકેતુની આંખો પહોળી થઈ ગઈ. તે દોડીને તપસ્વીના ચરણોમાં પડ્યો અને બોલ્યો, 'આજે મને સમજાયું. મારી વ્યક્તિગત શક્તિ મર્યાદિત છે, પરંતુ સહકારની શક્તિ અનંત છે.'

તપસ્વીએ તેના માથા પર હાથમૂકીને કહ્યું, 'બેટા, પ્રકૃતિ આપણને રોજ આ જ પાઠ શીખવે છે.ઘાસની નાની નાની પાંખો ભેગી થાય ત્યારે જ પક્ષીનો માળો બને છે. સમુદ્ર એક ટીપાથી નથી બનતો, કરોડો ટીપાં ભેગા થાય ત્યારે જ બને છે. એવી જ રીતે અનેક હાથ ભેગા થાય ત્યારે જ અશક્ય પણ શક્ય બને છે.'

અંતે મહર્ષિ અત્રિએ બધા શિષ્યોને સંબોધીને કહ્યું, 'યાદ રાખજો. જે વ્યક્તિ જરૂર પડે ત્યારે બીજાની મદદ સ્વીકારવાનું અને સમય આવે ત્યારે બીજાને મદ કરવાનું શીખી જાય છે, તે જ ખરો જ્ઞાની છે.'

તે દિવસ પછી સત્યકેતુ બદલાઈ ગયો. તેણે ક્યારેય પોતાની શક્તિની બડાઈ ન કરી. દરેક કામ તે સાથી શિષ્યો સાથે મળીને કરવા લાગ્યો. પરિણામે તે આશ્રમનો સૌથી પ્રિય અને ઉત્કૃષ્ટ શિષ્ય બન્યો.

સત્યકેતુની તપસ્યા ખોટી નહોતી. પણ જ્યારે તપસ્યાનું ફળ અહંકાર બની જાય, ત્યારે તે સાધનાને પણ રોકી દે છે. ગીતામાં ભગવાન કહે છે કે 'અહંકાર, બળ, ઘમંડ, કામ અને ક્રોધ' આ પાંચે આસુરી સંપત્તિ છે. શક્તિ મળે એટલે તેને ઈશ્વરની કૃપા સમજવી, પોતાની કમાણી નહીં.

એક આંગળીથી તાળી નથી પડતી. એક દીવાથી અંધકાર નથી જતો. ઈશ્વરે પણ સૃષ્ટિ પાંચ તત્વોના સહકારથી બનાવી. જ્યારે આપણે 'હું' ને છોડીને 'આપણે' કહેવા લાગીએ છીએ, ત્યારે જ યજ્ઞ સફળ થાય છે. પરિવાર, સંસ્થા, દેશ, સમાજ બધે આ જ નિયમ લાગુ પડે છે.

વૃદ્ધ તપસ્વીએ કોઈ શાસ્ત્રનું વચન ન આપ્યું. માત્ર અનુભવની વાત કરી. અને તે સાંભળવા માટે સત્ય કેતુને પહેલા પોતાનો ઘમંડ નીચે મૂકવો પડ્યો. જ્યાં સુધી ઘડો ભરેલો હોય ત્યાં સુધી તેમાં નવું જ્ઞાન ન રેડી શકાય. નમ્રતા એ ખાલી ઘડો છે જેમાં ગુરુ જ્ઞાનનો જળ રેડે છે.આપણે ઘણીવાર વિચારીએ છીએ કે આજે સ્પર્ધાનો યુગ છે. અહીં એકલાએ જ આગળ વધવાનું છે. પણ સત્ય તો એ છે કે સૌથી મોટી કંપનીઓ પણ ટીમવર્કથી ચાલે છે. સૌથી મોટા મંદિરો પણ સેંકડો કારીગરોના સહકારથી બને છે.

ઘરમાં જોઈએ તો, પતિ-પત્ની, માતા-પિતા, ભાઈ-બહેન જ્યારે 'મારું કામ' ને બદલે 'આપણું ઘર' સમજે છે ત્યારે જ શાંતિ આવે છે. ઓફિસમાં જ્યારે 'મારો ક્રેડિટ' ને બદલે 'આપણી સફળતા' મહત્વની બને છે ત્યારે જ પ્રગતિ થાય છે.

આપણે પણ રોજ કોઈ ને કોઈ 'શિલા' નો સામનો કરીએ છીએ. કોઈની બીમારી, દેવું, સંબંધનો તણાવ, કે કારકિર્દીની સમસ્યા. એકલા ખેંચવાથી આપણે થાકી જઈએ છીએ. પણ જ્યારે મિત્રો, પરિવાર, ગુરુ અને ઈશ્વરને સાથે રાખીએ છીએ, ત્યારે ભારે માંથી ભાર હળવો થઈ જાય છે.

# કામિકા એકાદશી કરવાથી વાજપેય યજ્ઞનું ફળ મળે! તો આ વાજપેય યજ્ઞ એટલે શું?



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારાં સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. સમગ્ર ગુજરાતમાં અષાઢમાં બારે મેઘ ખાંગા થયાં, અને હવે અષાઢ સમાપ્તિને આરે છે. રવિવારે ૧/8 નાં રોજ અષાઢ વદ એકાદશી છે, અને આપણી હિન્દુ સંસ્કૃતિમાં એકાદશીનું ખૂબ મહત્વ છે,તો આપણને વિચાર આવે કે એકાદશીને આટલું મહત્વ શું કામ અપાયુ છે! અને સદગુરુ કૃપા એ ચિંતન કરીએ તો દરેક જીવ પાસે દસ કર્મેન્દ્રિયો અને અગિયારમી ઈન્દ્રિય તરીકે મન છે! અને એમાં કળિકાળે મન સૌથી વધુ કાર્યરત છે! એટલે એમ કહી શકાય કે અગિયારમી ઈન્દ્રિય મનનાં કહેવાં પ્રમાણે બાકીની દસે કર્મેન્દ્રિયો સંસાર રુપી વનમાં વિચરે છે, અથવા તો ઈન્દ્રિયને ગાય સાથે સરખાવીએ તો, સંસાર રુપી વનમાં ચરે છે, એમ કહી શકાય! હવે આ દસે કર્મેન્દ્રિયો આડી અવળી જગ્યાએ ન જાય, અથવા માર્ગ ભટકી જાય નહીં, એની માટે મનનું જાગૃત હોવું બહુ જરૂરી છે, અને એટલે જીવની જાગૃતિ માટે એકાદશીનું મહાત્મ્ય બતાવ્યું છે! પ્રથમ તો મન પર સંયમ બની રહે, એ માટે હરિ સ્મરણ અને હરિ સંકિર્તનનું મહત્વ છે. ઉપવાસ એ બીજી પ્રાથમિકતામાં આવે છે, કારણ કે ઉપવાસમાં ફરાળને નામે પણ કેટલુંય હોય છે! એટલે એમ સંયમ થવો એ કઠિન છે. અષાઢ વદ એકાદશીનેકામિકા એકાદશી કહેવામાં આવે છે.આ દિવસે ભગવાન વિષ્ણુની પૂજા થાય છે. આ વ્રત કરવાથી પાપ નાશ પામે છે, અને પુણ્ય મળે છે. આ પવિત્ર એકાદશીને હિંદુ ધર્મમાં મોક્ષ અને શાંતિ આપનાર માનવામાં આવે છે. ભક્ત આ દિવસે મન તથાં અન્ય ઈન્દ્રિયોનાં સંયમ માટે ઉપવાસ કરે છે. પરંતુ અહીં ઉપવાસ એટલે અન્ન ત્યાગ નથી, ઉપ + વાસ એટલે કે ઉપરવાળા હરિ સંગે વાસ કરવાનો છે, અને એથી આ ખાવું! આ પીવું! એમ ભોગમાં અટવાઈ જવાય નહીં માટે અન્ન ત્યાગનું મહત્વ છે. આ ઉપરાંત વિષ્ણુ સહસ્ત્રનામનો પાઠ કરવામાં આવે છે, અને રાત્રીએ જાગરણનું વિશેષ મહત્ત્વ છે. કામિકા એકાદશીએ વિષ્ણુનાં શ્રીધર સ્વરૂપની પૂજા કરવામાં આવે છે,આ કથા સાંભળવાથી વાજ્પેય યજ્ઞ જેવું ફળ મળે છે.તો આ છે આ એકાદશી કરવાનું મહાત્મ્ય.

કામિકા એકાદશી પાછળની પૌરાણિક કથા શું છે? એવો જ્યારે યુધિષ્ઠિરે ભગવાન શ્રીકૃષ્ણને પ્રશ્ન કર્યો, ત્યારે એમણે જણાવ્યું કે બ્રહ્માએ આ કથાનક નારદ મુનિને કહ્યું હતું! કે પ્રાચીન સમયમાં એક ગામમાં એક બળવાન જમીનદાર ક્ષત્રિય રહેતો હતો. એક દિવસ કોઈ કારણસર તેને ગામનાં એક બ્રાહ્મણ સાથે ઝઘડો થઈ ગયો. ક્રોધમાં આવીને ક્ષત્રિયના હાથે બ્રાહ્મણની હત્યા થઈ ગઈ. પોતાનાં હાથે બ્રહ્મહત્યાનું પાપ થતાં ક્ષત્રિય ખૂબ જ દુઃખી થયો.તે બ્રાહ્મણોનાં અંતિમ સંસ્કાર કરવા માંગતો હતો,પરંતુ અન્ય બ્રાહ્મણોએ તેને તેમ કરવા દીધું નહીં, અને તેને સભામાંથી બહાર કાઢી મૂક્યો. બ્રાહ્મણોએ તેને કહ્યું કે જ્યાં સુધી તું બ્રહ્મહત્યાનાં પાપમાંથી મુક્ત નહીં થાય, ત્યાં સુધી તારાં હાથનું ભોજન અમે સ્વીકારીશું નહીં, અને તારાં ઘરનાં કોઈ પ્રસંગે બ્રાહ્મણો આવશે નહીં. ક્ષત્રિયે ખૂબ જ પસ્તાવો કર્યો અને એક પૂજ્ય ઋષિ પાસે જઈને આ પાપમાંથી મુક્તિ મેળવવાનો ઉપાય પૂછ્યો. ઋષિએ તેને જણાવ્યું કે અષાઢ મહિનાના વદ પક્ષની કામિકા એકાદશીનું વ્રત કર. પૂર્ણ શ્રદ્ધાથી ભગવાન વિષ્ણુની પૂજા કર અને રાત્રે જાગરણ કર. આ વ્રતનાં પ્રભાવથી તારું પાપ નષ્ટ થઈ જશે. ઋષિનાં કહેવાં પ્રમાણે ક્ષત્રિયે આ વ્રત રાખ્યું. રાત્રે જ્યારે તે ભગવાનની મૂર્તિ પાસે સૂતો હતો, ત્યારે તેને સ્વપ્નમાં ભગવાન વિષ્ણુના દર્શન થયા. ભગવાને પ્રસન્ન થઈને કહ્યું, હે ક્ષત્રિય! તારા વ્રત અને ભક્તિથી હું અત્યંત પ્રસન્ન છું. તારું બ્રહ્મહત્યાનું પાપ દૂર થાય છે.' આ રીતે કામિકા એકાદશીના વ્રતથી તે ક્ષત્રિય પાપમુક્ત બન્યો. ઉપર આપણે જોયું કે આ એકાદશી કરનારને વાજપેય યજ્ઞનું ફળ મળે છે! રાજસૂય યજ્ઞ અને અશ્વમેઘ યજ્ઞ વિશેની જાણકારી હોય, પણ શાસ્ત્રો વાજપેય યજ્ઞને આ બંને યજ્ઞ કરતાં પણ ઉપરની શ્રેણીમાં મુકે છે! વાજપેય યજ્ઞ એ વૈદિક કાળનો એક અત્યંત મહત્વપૂર્ણ અને ભવ્ય યજ્ઞ છે. હિન્દુ ધાર્મિક ગ્રંથોમાં તેનું વિશેષ સ્થાન છે. 'વાજ' એટલે અન્ન અથવા શક્તિ, અને 'પેય' એટલે સોમરસ અથવા પેય પદાર્થ. આ યજ્ઞ અન્ન, સમૃદ્ધિ અને શક્તિ મેળવવા માટે કરવામાં આવતો હતો. આ યજ્ઞ મુખ્યત્વે રાજાઓ એટલે કે ક્ષત્રિયો અથવા ઉચ્ચ કોટિનાં બ્રાહ્મણો દ્વારાં જ કરવામાં આવતો હતો. આ યજ્ઞ દરમિયાન રથ દોડનું આયોજન થતું હતું, જેમાં જે રાજાનો રથ વિજેતા બનતો, તે તેની સર્વોપરી સત્તા દર્શાવતો હતો. હિન્દુ શાસ્ત્રો મુજબ આ યજ્ઞ કરવાથી વ્યક્તિને પૃથ્વી પર અપાર કીર્તિ, સમૃદ્ધિ અને મૃત્યુ પછી સ્વર્ગલોકની પ્રાપ્તિ થાય છે. કામિકા એકાદશીનું વ્રત રાખવાથી આ મોંઘા અને કઠિન યજ્ઞ સમાન પુણ્ય સામાન્ય સંસારીને ઘરે બેઠાં મળી જાય છે.

સદગુરુ કૃપાએ આ યજ્ઞ વિશે આધ્યાત્મિક ચિંતન કરીએ તો! આ યજ્ઞ માત્ર વૈદિક કર્મકાંડ નથી, પણ અંતે તો દરેક યજ્ઞ આંતરિક શુદ્ધિ માટે જ્ઞાન વર્ધક સાબિત થાય, કેમ કે ભગવદ્ ગીતામાં શ્રીકૃષ્ણ યજ્ઞને માત્ર અગ્નિમાં આહુતિ પૂરતો સીમિત રાખતાં નથી. તેઓ કહે છે કે કર્મયજ્ઞ, જ્ઞાનયજ્ઞ, તપયજ્ઞ, પ્રાણાયામયજ્ઞ વગેરે પણ યજ્ઞ છે. એટલે વૈદિક મહાયજ્ઞોનું અંતિમ લક્ષ્ય આત્મશુદ્ધિ અને પરમાત્માપ્રાપ્તિ છે. હાં કોઈ પણ યજ્ઞ હોય એનું બાહ્ય રૂપ કદાચ સમૃદ્ધિ સંપત્તિ કે પછી લોકકલ્યાણ છે, પરંતુ આંતરિક અર્થ તો પોતાનાં જીવનમાં જ્ઞાન, સંયમ અને ભક્તિ દ્વારાં આધ્યાત્મિક બળ અને પરમ કલ્યાણ પ્રાપ્ત કરવાનો માર્ગ છે. એટલાં માટે પ્રાચીન ઋષિઓ વાજપેયને માત્ર યજ્ઞ નહીં, પરંતુ જીવનને તેજસ્વી અને ધર્મમય બનાવતી સાધના માનતાં હતાં. વાજ એટલે શક્તિ અને પેય પીણું છે, પણ કોઈ પણ યજ્ઞ હોય તો એમાં અગ્નિ, ઘી, યજ્ઞ સમિધ, અને આહુતિ દ્રવ્ય જરુરી છે. અહીં તુલસી આપણને મદદ કરે છે, અને એટલે રામચરિત માનસમાં અગ્નિ એટલે આંતરિક જ્ઞાન. ઘી એટલે પરમ તત્વ પ્રત્યેનો સ્નેહ, આહુતિ દ્રવ્ય એટલે પોતાનો અહંકાર, યજ્ઞ સમિધ રાગ અને દ્વેષ, અને અંતે નીપજ તરીકે મળતાં વાજ અને પેય એટલે શક્તિ તરીકે પ્રાણ તત્વની પૃષ્ટિ અને પેય/ સોમ એટલે આધ્યાત્મિક આનંદ. રથનો વિજય એટલે ઈન્દ્રિયો અને મન પરનો સંયમ! ટૂંકમાં વાજપેય યજ્ઞનો આંતરિક અર્થ એવો પણ થાય છે કે જે પોતાના જીવનમાં જ્ઞાન, સંયમ અને ભક્તિ દ્વારા આત્મબળ પ્રાપ્ત કરે છે, તે સાચો 'વાજપેય' કરે છે, અથવા તો જીવનની પ્રાણ ઉર્જા પ્રાપ્ત કરી પરમ તત્વનું સાનિધ્ય પામી આનંદ અર્જીત કરે છે. તો આ એકાદશીએ આપણે પણ એનાં મૂળ મહાત્મ્યને અનુસરી શકીએ એવી એક અનન્ય પ્રાર્થનાં ઈશ્વર ચરણે રાખી, હું મારાં શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવાં ચિંતન મનન સાથે, તો સૌને મારા આજનાં દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.

# સામાખ્યાલી-ભચાઉ વચ્ચે નવનિર્મિત ત્રીજી અને ચોથી રેલ લાઇનનું રેલ સંરક્ષા આયુક્ત (પશ્ચિમ સર્કલ) દ્વારા સંરક્ષા નિરીક્ષણ સંમપન્ન

## 130 કિમી પ્રતિ કલાકની ઝડપે સફળતાપૂર્વક સ્પીડ ટ્રાયલ પૂર્ણ થયો : ચૌહરીકરણથી કચ્છ વિસ્તારમાં માલ પરિવહન, ઉદ્યોગ તથા યાત્રી સુવિધાઓને મળશે નવી ગતિ

અમદાવાદ, તા.06

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના સામાખ્યાલી-ગાંધીધામ ચૌહરીકરણ (ક્વાડ્રુપલિંગ) યોજના અંતર્ગત સામાખ્યાલી -ભચાઉ રેલખંડ પર નવનિર્મિત ત્રીજી અને ચોથી રેલવે લાઇનનું રેલ સંરક્ષા (પશ્ચિમ સર્કલ) શ્રી ઈ. શ્રીનિવાસ દ્વારા વિગતવાર સંરક્ષા નિરીક્ષણ કરવામાં આવ્યું.

આ દરમ્યાન મંડળ રેલ પ્રબંધક (અમદાવાદ) શ્રી વેદ પ્રકાશ તથા મુખ્ય વહીવટી અધિકારી (નિર્માણ) શ્રી પ્રદીપ ગુપ્તા સહિત નિર્માણ અને ઓપન લાઇન વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા.

સામાખ્યાલી-ભચાઉ નવ-નિર્મિત ત્રીજી અને ચોથી રેલવે લાઇન પર પ્રથમ વખત ઈલેક્ટ્રિક લોકોમોટિવ (એન્જિન) અને ઑબ્ઝર્વેશન કાર સાથે 130 કિમી પ્રતિ કલાકની ઝડપે સફળ સ્પીડ ટ્રાયલ હાથ ધરવામાં આવ્યો. આ ટ્રાયલ સુરક્ષિત, ઝડપી અને કાર્યક્ષમ રેલ સંચાલનની દિશામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન સમાન છે.

આ સુરક્ષા નિરીક્ષણ આ રેલવે લાઇનો પર યાત્રી ટ્રેન સેવાઓના શુંભારંભ ની દિશામાં એક મહત્વપૂર્ણ અને તકનીકી તબક્કું છે. અંતિમ સંરક્ષા મંજૂરી પ્રાપ્ત થયા બાદ આ રેલખંડ પર મુસાફર ટ્રેન સેવાઓનું સંચાલન શરૂ કરવામાં આવશે.

સઘન તકનીકી અને સંરક્ષા નિરીક્ષણ

મોટર ટ્રોલી દ્વારા નિરીક્ષણ: નિરીક્ષણના પ્રથમ દિવસે રેલ સંરક્ષા આયુક્તે સામાખ્યાલી થી ભચાઉ સુધી તથા બીજા દિવસે ભચાઉથી સામાખ્યાલી સુધી મોટર ટ્રોલી દ્વારા વિગતવાર સંરક્ષા નિરીક્ષણ કર્યું. આ દરમિયાન નવી રેલવે લાઇનની ગુણવત્તા, ટ્રેક જ્યોમેટ્રી, રેલ વેલ્ડિંગ, સમપાર ફાટકો (લેવલ ક્રોસિંગ), સિગ્નલ અને દૂરસંચાર પ્રણાલી, ઓવરહેડ ઈલેક્ટ્રિકલ ઉપકરણો (OHE), રેલ સંરક્ષા ધોરણો તેમજ સંચાલન સંબંધિત વ્યવસ્થાઓની તપાસ કરવામાં આવી. ઉપરાંત કર્વ સંખ્યા 63B1, સમપાર ફાટક (LC) સંખ્યા 202C, 203C, 205 અને 206 તેમજ બ્રિજ સંખ્યા 254, 261 અને 261Aનું પણ સઘન નિરીક્ષણ કરવામાં આવ્યું.

સ્ટેશન અને યાર્ડનું નિરીક્ષણ: રેલ સંરક્ષા આયુક્તે સામાખ્યાલી રેલવે સ્ટેશનના યાર્ડ, સંચાલન વ્યવસ્થા, સિગ્નલિંગ સિસ્ટમ, ઈન્ટરલોકિંગ, પોઈન્ટ મશીનો તેમજ ઉપલબ્ધ સંરક્ષા ઉપકરણોનું સઘન નિરીક્ષણ કર્યું.

વોંધ સ્ટેશન નિરીક્ષણ: વોંધ રેલવે સ્ટેશનનું વિગતવાર નિરીક્ષણ કરવામાં આવ્યું.સ્ટેશનની સંચાલન ક્ષમતા, યાર્ડની રચના, સિગ્નલિંગ વ્યવસ્થા, યાત્રી સુવિધાઓ તેમજ સંરક્ષા સંબંધિત વ્યવસ્થાઓનું અવલોકન કરવામાં આવ્યું અને સંબંધિત અધિકારીઓને જરૂરી માર્ગદર્શન તથા સૂચનાઓ આપવામાં આવી.



સીઆરએસ અને ડીઆરએમનું સ્વાગત: નવ-નિર્મિત વોંધ રેલવે સ્ટેશન પર રેલવે સંરક્ષા આયુક્ત (પશ્ચિમ સર્કલ) શ્રી ઈ. શ્રીનિવાસ તથા મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશનું ગુજરાત ચેમ્બર ઑફ કોમર્સ, ગાંધીધામના પ્રતિનિધિમંડળ દ્વારા પુષ્પગુચ્છ અર્પણ કરી ઉષ્માભર્યું સ્વાગત અને અભિનંદન કરવામાં આવ્યું.

આ પ્રસંગે પ્રતિનિધિમંડળે વિસ્તારમાં રેલવે માળખાકીય સુવિધાઓના ઝડપી વિકાસ, અમૃત ભારત સ્ટેશન યોજના અંતર્ગત આધુનિક યાત્રી સુવિધાઓના નિર્માણ તથા સામાખ્યાલી-ભચાઉ ચૌહરીકરણના સફળ અમલીકરણ માટે ભારતીય રેલવેના પ્રયાસોની પ્રશંસા કરી. પ્રતિનિધિઓએ જણાવ્યું કે, આ પ્રોજેક્ટ્સથી કચ્છ વિસ્તારમાં રેલ સંપર્ક વધુ મજબૂત બનશે, માલ અને યાત્રી પરિવહનને નવી ગતિ મળશે તેમજ વિસ્તારના વેપાર, ઉદ્યોગ અને પર્યટન ક્ષેત્રને મહત્વપૂર્ણ પ્રોત્સાહન મળશે.

નિરીક્ષણ દરમિયાન મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશે એક સમપાર ફાટક પર સ્થાનિક નાગરિકો સાથે સંવાદ કર્યો. નાગરિકો દ્વારા સમપાર ફાટક બંધ રહેવાના કારણે થતી અસુવિધાઓ તથા વધુ રાહ જોવાના સમયની સમસ્યા અંગે માહિતગાર કરવામાં આવ્યા. આ અંગે મંડળ રેલ પ્રબંધકે અધિકારીઓને જનહિતમાં આ સમસ્યાના ઝડપી અને વ્યવહારુ ઉકેલ માટે જરૂરી કાર્યવાહી હાથ ધરવા સૂચનાઓ આપી.

પ્રોજેક્ટના મુખ્ય લાભો

પશ્ચિમ રેલવે પોતાના રેલ નેટવર્કને વધુ સક્ષમ, સુરક્ષિત અને ભવિષ્યની જરૂરિયાતોને અનુરૂપ વિકસાવવા માટે સતત કાર્યરત છે. અમદાવાદ મંડળના સામાખ્યાલી - ભચાઉ રેલખંડ પર ચૌહરીકરણ (ફોર-લાઇન) પ્રોજેક્ટનું પૂર્ણ થવું કચ્છ વિસ્તારમાં વધતા રેલ ટ્રાફિકના દબાણને ઘટાડવા તેમજ બંદર આધારિત માલ પરિવહનને વધુ ઝડપી, સુરક્ષિત અને સુગમ બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ સિદ્ધિ છે.

1. બંદર આધારિત માલ પરિવહનને મળશે વેગ

સામાખ્યાળી-ભચાઉ રેલખંડ કચ્છના ઔદ્યોગિક વિસ્તારો તેમજ કંડલા અને મુન્દ્રા બંદરોને દેશના મુખ્ય રેલ નેટવર્ક સાથે જોડતો એક મહત્વપૂર્ણ રેલ માર્ગ છે. આ જ રેલખંડ મારફતે ભુજ, ગાંધીધામ, વાયોર તથા આસપાસના વિસ્તારોમાં માલ પરિવહનનું સંચાલન કરવામાં આવે છે.

2. લાઇન ક્ષમતામાં થશે નોંધપાત્ર વધારો

અમદાવાદ મંડળનો સૌથી વધુ ગ્રોસ મિલિયન ટન (GMT) ટ્રાફિક આ જ રેલખંડ પરથી સંચાલિત થાય છે. ચાર રેલવે લાઇનોના સંચાલનથી આ માર્ગની વહન ક્ષમતામાં નોંધપાત્ર વધારો થશે, જેના પરિણામે યાત્રી અને માલગાડીઓનું સંચાલન વધુ સુચારુ, સમયબદ્ધ અને સુરક્ષિત રીતે થઈ શકશે.

3. લોજિસ્ટિક ખર્ચમાં આવશે ઘટાડો

કંડલા અને મુન્દ્રા બંદરો પરથી કન્ટેનર, પેટ્રોલિયમ ઉત્પાદનો, ખાતર, અનાજ, મીઠું સહિત વિવિધ ચીજવસ્તુઓના પરિવહનને નવી ગતિ મળશે. માલગાડીઓનો ટર્નઅરાઉન્ડ સમય ઘટવાથી લોજિસ્ટિક ખર્ચમાં ઘટાડો થશે તેમજ સપ્લાય ચેઈન વધુ કાર્યક્ષમ બનશે.

4. ઉદ્યોગ, વેપાર અને રોકાણને મળશે પ્રોત્સાહન, આ પ્રોજેક્ટ કચ્છ વિસ્તારના ઔદ્યોગિક વિકાસને નવી ગતિ આપવાની સાથે વેપાર, પર્યટન, રોજગારની તકો તેમજ નવા રોકાણને પણ પ્રોત્સાહન આપશે. આ સાથે વિસ્તારની સમગ્ર આર્થિક પ્રગતિ તથા રાષ્ટ્રીય રેલ નેટવર્કની સંચાલન ક્ષમતાને પણ વધુ મજબૂતી મળશે.

# ડીઆરએમ વેદ પ્રકાશે ગાંધીધામ રેલવે સ્ટેશન, રેલવે કોલોનીઓ અને કંડલા પોર્ટ વિસ્તારનું નિરીક્ષણ કર્યું

## રેલવે કર્મચારીઓ માટે આધુનિક આવાસીય સુવિધાઓ તથા મુસાફરો માટે શ્રેષ્ઠ સુવિધાઓના વિકાસ પર ભાર મૂક્યો

અમદાવાદ, તા.06

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના મંડળ રેલ પ્રબંધક (ડીઆરએમ) શ્રી વેદ પ્રકાશે આજે ગાંધીધામ રેલવે સ્ટેશન, ગાંધીધામ રેલવે કોલોની, ગાંધીધામ રેલવે ક્વાર્ટર્સ તેમજ ઓલ્ડ કંડલા રેલવે કોલોનીનું વિસ્તૃત નિરીક્ષણ કરી રેલવે કર્મચારીઓ માટે ઉપલબ્ધ આવાસીય સુવિધાઓ, સ્ટેશન પરની મુસાફર સુવિધાઓ તેમજ વિસ્તારમાં ચાલી રહેલા વિકાસકાર્યોની સમીક્ષા કરી.



નિરીક્ષણ દરમિયાન ડીઆરએમે રેલવે કોલોનીમાં રહેતા કર્મચારીઓ અને તેમના પરિવારજનો સાથે સંવાદ કરી તેમની સમસ્યાઓ, સૂચનો અને જરૂરિયાતોની જાણકારી મેળવી. તેમણે સંબંધિત અધિકારીઓને તમામ પ્રશ્નોનું પ્રાથમિકતાના આધારે તાત્કાલિક નિરાકરણ લાવવા તેમજ કર્મચારીઓને વધુ સારું આવાસીય વાતાવરણ ઉપલબ્ધ કરાવવા સૂચના આપી.

ડીઆરએમે રેલવે આવાસીય પરિસરોમાં ઉપલબ્ધ પાયાની સુવિધાઓ, સ્વચ્છતા, જાળવણી, પીવાના પાણીની વ્યવસ્થા, વીજ પુરવઠો, હરિયાળી તેમજ સુરક્ષા વ્યવસ્થાનું પણ નિરીક્ષણ કર્યું. તેમણે અધિકારીઓને રેલવે કર્મચારીઓ માટે આધુનિક અને ગુણવત્તાસભર આવાસીય સુવિધાઓના વિકાસ માટે વ્યાપક કાર્યયોજના તૈયાર કરી તબક્કાવાર જરૂરી કામો ઝડપથી પૂર્ણ કરવા નિર્દેશ આપ્યા.

ત્યારબાદ ડીઆરએમે ગાંધીધામ રેલવે સ્ટેશનનું નિરીક્ષણ કરીને મુસાફર સુવિધાઓ, સ્વચ્છતા વ્યવસ્થા, પ્રતીક્ષાલય, પ્લેટફોર્મ, સ્ટેશન પરિસર તથા ચાલી રહેલા વિકાસકાર્યોની સમીક્ષા કરી. તેમણે અધિકારીઓને મુસાફરોને સુરક્ષિત, સુગમ અને વધુ સારી મુસાફરીનો અનુભવ મળી રહે તે માટે તમામ વિકાસકાર્યોમાં ગતિ લાવવા તેમજ મુસાફર સુવિધાઓમાં સતત સુધારો સુનિશ્ચિત કરવા સૂચના આપી.

ડીઆરએમ શ્રી વેદ પ્રકાશે જણાવ્યું: "અમદાવાદ મંડળનો હેતુ માત્ર રેલ સંચાલનને વધુ મજબૂત બનાવવાનો જ નથી, પરંતુ રેલવે કર્મચારીઓને વધુ સારી આવાસીય અને જીવનસ્તરની સુવિધાઓ તેમજ મુસાફરોને સુરક્ષિત, સ્વચ્છ અને આધુનિક રેલવે માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાનો પણ છે. ગાંધીધામ રેલવે સ્ટેશન, રેલવે કોલોનીઓ અને કંડલા પોર્ટ વિસ્તારના નિરીક્ષણ દરમિયાન પ્રાપ્ત થયેલા સૂચનો અને જરૂરિયાતોના આધારે વિકાસકાર્યોને પ્રાથમિકતા સાથે આગળ વધારવામાં આવશે. ભારતીય રેલવે, કંડલા પોર્ટ તથા સંબંધિત તમામ એજન્સીઓના સંકલિત પ્રયાસોથી આ વિસ્તારમાં રેલવે માળખાકીય વિકાસ, માલ પરિવહન ક્ષમતા અને મુસાફર સુવિધાઓને નવી ઊંચાઈએ પહોંચાડવા માટે અમે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છીએ".

પોતાના પ્રવાસ દરમિયાન ડીઆરએમે કંડલા પોર્ટના ચેરમેન સાથે બેઠક પણ યોજી હતી. બેઠક દરમિયાન ભારતીય રેલવે અને કંડલા પોર્ટ વચ્ચેના સમન્વયને વધુ મજબૂત બનાવવો, માલ પરિવહન ક્ષમતામાં વધારો, રેલવે માળખાકીય સુવિધાઓનો વિસ્તાર, લોજિસ્ટિક્સ કાર્યક્ષમતામાં વધારો તેમજ ભવિષ્યની સંયુક્ત વિકાસ યોજનાઓ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી. બંને પક્ષોએ વિસ્તારમાં ઔદ્યોગિક તથા બંદર આધારિત રેલ પરિવહનને વધુ અસરકારક બનાવવા માટે પરસ્પર સહયોગ વધુ મજબૂત બનાવવાની સહમતિ વ્યક્ત કરી.

આ પ્રસંગે ડીઆરએમ શ્રી વેદ પ્રકાશે જણાવ્યું કે રેલવે કર્મચારીઓ માટે ગુણવત્તાસભર આવાસીય સુવિધાઓનો વિકાસ તથા મુસાફરોને સુરક્ષિત, સ્વચ્છ અને આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવી અમદાવાદ મંડળની સર્વોચ્ચ પ્રાથમિકતાઓમાં સામેલ છે. તેમણે ઉમેર્યું કે કર્મચારીઓનું કલ્યાણ અને મુસાફરોની સંતોષકારક સેવા - બંને રેલવેની પ્રગતિના મહત્વપૂર્ણ આધારસ્તંભ છે અને આ બંને ક્ષેત્રોમાં સતત સુધારા માટે તમામ વિભાગો સંકલિત રીતે કાર્ય કરશે.

# ગુજરાતનો હાથશાળ વારસો: પરંપરાગત વિરાસતથી આત્મનિર્ભરતા અને વૈશ્વિક ઓળખ તરફની સફર

- રાષ્ટ્રીય હાથશાળ દિવસ: વણકર કલ્યાણ અને સશક્તિકરણ થકી બુલંદ બનતો ગુજરાતનો હાથશાળ ઉદ્યોગ
- 'વોકલ ફોર લોકલ'થી સમૃદ્ધિ: ગુજરાત સરકારના પ્રયાસોથી નવી ઊંચાઈઓ સર કરતી હસ્તકળા

અમદાવાદ, તા.06

૭ ઓગસ્ટ ૨૦૨૬ એટલે કે ૧૨મો 'રાષ્ટ્રીય હાથશાળ દિવસ' (National Handloom Day) - જે ભારતના વૈવિધ્યસભર કાપડ વારસા અને વણકર સમુદાયના અદ્ભુત કૌશલ્યને બિરદાવવાનો વિશેષ અવસર છે. ગુજરાતની વૈવિધ્યસભર ઓળખ સમી પાટણના પટોળા, કચ્છની બાંધણી, ભુજોડીની શાલ, ટાંગલિયા કળા અને અમદાવાદની આશાવલી સાડી જેવી સુપ્રસિદ્ધ કળાઓ આપણી સાંસ્કૃતિક વિરાસતનું પ્રતીક છે. રાજ્યમાં વર્તમાન ગુજરાત સરકારે આ પ્રાચીન હસ્તકળાને જાળવી રાખવા માટે માત્ર પ્રશંસનીય કાર્યો જ નથી કર્યા, પરંતુ વણકરો અને કારીગરોના જીવનમાં આર્થિક અને સામાજિક સકારાત્મક પરિવર્તન લાવવા માટે અનેક કલ્યાણકારી નીતિઓ સફળતાપૂર્વક અમલમાં મૂકી છે. સરકારના સતત પ્રયાસોથી ગુજરાતની હાથશાળ કળા આજે વૈશ્વિક સ્તરે પુનઃજીવિત થઈને નવી ઊંચાઈઓ સર કરી રહી છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના 'વોકલ ફોર લોકલ' અને 'આત્મનિર્ભર ભારત'ના આહ્વાનને સાકાર કરવામાં ગુજરાત સરકારે અગ્રણી ભૂમિકા ભજવી છે. મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકારે હાથશાળ અને હસ્તકળા ક્ષેત્ર માટે આધુનિક ટેકનોલોજી, નાણાકીય સહાય અને તાલીમ સુવિધાઓ સુલભ બનાવી છે. ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકળા વિકાસ નિગમ ('ગરવી ગૂર્જરી') દ્વારા કારીગરોને સીધું માર્કેટ પ્લેટફોર્મ પૂરું પાડવામાં આવે છે. આ ઉપરાંત, વણકરોને આધુનિક લૂમ્સ (સાધન સામગ્રી), કાચા માલ પર સબસિડી અને રકમ સહાય યોજનાઓ થકી આર્થિક રીતે સક્ષમ બનાવવામાં આવ્યા છે, જેથી તેઓ વચેટિયાઓથી મુક્ત થઈને સ્વનિર્ભર અને સન્માનજનક આજીવિકા મેળવી રહ્યા છે.

વર્તમાન સરકારે રાજ્યના વણકરોને માત્ર સ્થાનિક બજાર સુધી મર્યાદિત ન રાખતા, ડિજિટલ પ્લેટફોર્મ્સ અને ઈ-કોમર્સ સાથે જોડીને વૈશ્વિક બજારમાં સ્થાન અપાવ્યું છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે યોજાતા પ્રદર્શનો અને મેળાઓ દ્વારા ગુજરાતી હાથશાળ પ્રોડક્ટ્સને સક્રિયપણે પ્રમોટ કરવામાં આવે છે. હાથશાળ ક્ષેત્રમાં વિવિધ કળાઓને GI Tag મેળવી આપીને સ્થાનિક વણકરોના અધિકારોનું રક્ષણ સુનિશ્ચિત કરવામાં આવ્યું છે. સ્વસહાય જૂથો અને મહિલાઓને વણાટકામ તથા આધુનિક ડિઝાઈનિંગમાં કૌશલ્ય તાલીમ આપીને મહિલા સશક્તિકરણનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું છે. રાજ્ય સરકારના આ અવિરત અને નિષ્ઠાપૂર્વકના પ્રયાસોને લીધે જ આજે ગુજરાતનો હાથશાળ ઉદ્યોગ નવી આશા, આત્મસન્માન અને આર્થિક સમૃદ્ધિ તરફ ઝડપથી આગળ વધી રહ્યો છે.

### ગાંધીનગર LCBએ 3 લાખનો દારૂ ઝડપી પાડ્યો

# ચિલોડાથી લવારપુર બ્રિજ સુધી પોલીસે કારનો ફિલ્મી ઢબે પીછો કર્યો, બૂટલેગર અંધારાનો લાભ ઉઠાવી કાર મૂકી ફરાર

ગાંધીનગર, તા.06

ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB)ની ટીમે ધણપ બ્રિજથી ચિલોડા રસ્તે નાકાબંધી તોડીને ભાગેલી દારૂ ભરેલી કારનો ફિલ્મી ઢબે લવારપુર બ્રિજ સુધી પીછો કર્યો હતો. બૂટલેગર અંધારાનો લાભ ઉઠાવી કાર બિનવારસી હાલતમાં મૂકીને ફરાર થઈ ગયો હતો. પોલીસે કારમાંથી 2.95 લાખથી વધુની કિંમતનો વિદેશી દારૂ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ગાંધીનગર એલસીબી પીઆઈ કે.જે. રાઠોડની ટીમ નાઈટ પેટ્રોલિંગમાં હતી, ત્યારે બાતમી મળી હતી કે ચોકલેટ કલરની મારુતિ રિટ્સ ગાડી (GJ-01KJ-0043) માં હિંમતનગરથી ચિલોડા થઈ અમદાવાદ તરફ વિદેશી દારૂ લઈ જવામાં આવી રહ્યો છે. બાતમી આધારે ધણપ બ્રિજ પાસે પોલીસે કારને રોકવાનો ઈશારો કરતા ચાલકે કાર પૂરઝડપે ભગાવી મૂકી હતી. પોલીસે પીછો કરતા બૂટલેગરે કારને લવારપુર બ્રિજના સર્વિસ રોડ તરફ વાળી દીધી હતી અને કાર મૂકી ભાગી છૂટ્યો હતો.

પોલીસે બિનવારસી કારની તલાશી લેતા તેમાંથી વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. કારમાંથી વિદેશી દારૂની 1,008 બોટલો (કિંમત 2,95,680) મળી આવી હતી. દારૂ અને કાર મળીને કુલ 5,45,680નો મુદ્દામાલ કબ્જે કરાયો છે. એલસીબીએ ફરાર બૂટલેગર વિરુદ્ધ ડભોડા પોલીસ મથકે ગુનો નોંધી તેને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

### ST-OBC વિદ્યાર્થીઓની સ્કોલરશિપ મુદ્દે યુવરાજસિંહની સરકારને ચીમકી

# 9 ઓગસ્ટને 'વિશ્વ આદિવાસી દિવસ' સુધીમાં અટકેલી પોસ્ટ મેટ્રિક સ્કોલરશિપ નહીં મળે તો ઉગ્ર આંદોલન થશે

ગાંધીનગર, તા.06

રાજ્યમાં ઉચ્ચ શિક્ષણ મેળવી રહેલા અનુસૂચિત જનજાતિ (ST), OBC અને આર્થિક રીતે નબળા વર્ગના લાખો વિદ્યાર્થીઓની પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ છેલ્લા એક વર્ષથી અટવાઈ હોવાના મુદ્દે વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ જાડેજાએ સરકાર સામે મોરચો માંડ્યો છે. તેમણે ચેતવણી આપી છે કે, જો આગામી 9મી ઓગસ્ટને 'વિશ્વ આદિવાસી દિવસ' સુધીમાં અટકેલી સ્કોલરશિપનું યોગ્ય નિરાકરણ નહીં લાવવામાં આવે તો સમગ્ર રાજ્યમાં ઉગ્ર આંદોલન છેડવામાં આવશે.

સરકાર દ્વારા છેવાડાના માનવી સુધી શિક્ષણનો પ્રકાશ પહોંચાડવા અને આદિવાસી સમાજની ઉન્નતિના મોટા મોટા દાવાઓ કરવામાં આવી રહ્યા છે, પરંતુ વાસ્તવિકતા સાવ અલગ ચિત્ર ઉપસાવે છે. શૈક્ષણિક વર્ષ પૂર્ણ થવા આવ્યું હોવા છતાં નર્સિંગ, ફાર્મસી, BBA, BCA, B.Com અને M.Sc જેવા ડિગ્રી તેમજ ડિપ્લોમા અભ્યાસક્રમોના વિદ્યાર્થીઓને હજુ સુધી સ્કોલરશિપની રકમ મળી નથી. કેન્દ્ર સરકાર તરફથી ગ્રાન્ટમાં વિલંબ અને વહીવટી ઉદાસીનતાના કારણે ST કેટેગરીના 1 લાખથી વધુ અને OBC સહિતના અન્ય કેટેગરીના મળી કુલ 2 લાખથી વધુ વિદ્યાર્થીઓ આર્થિક મુશ્કેલીમાં મુકાયા છે.

# વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાએ વટવા GIDC ખાતે વિવિધ ઔદ્યોગિક એકમોની મુલાકાત લીધી

અમદાવાદ, તા.06

વન અને પર્યાવરણ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ વટવા GIDC ખાતે ઔદ્યોગિક વિકાસ અને પર્યાવરણીય સંતુલનને વેગ આપવાના ઉદ્દેશથી વિવિધ ઔદ્યોગિક એકમોની મુલાકાત લીધી હતી.

આ મુલાકાત દરમિયાન તેમણે વિવિધ સુએજ અને એફ્લુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ્સની કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું તેમજ વટવા ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન ખાતે અગ્રણી ઉદ્યોગકારો સાથે સંવાદ સાધ્યો હતો.

વટવા GIDC ખાતે ધ ગ્રીન એન્વાયર્મેન્ટ સર્વિસીસ કો-ઓપરેટિવ સોસાયટી લિમિટેડ (GESCL) દ્વારા સંચાલિત કોમન એફ્લુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (CETP)ની મુલાકાત લઈને કેમિકલ વેસ્ટ વૉટર ટ્રીટમેન્ટની પ્રક્રિયાનું તેમણે નિરીક્ષણ કર્યું હતું. ત્યારબાદ એફ્લુઅન્ટ ટ્રીટમેન્ટમાં વપરાતા ફેન્ટોન કેટલાયટિક રિએક્ટર(FCR) અને સ્પ્રે ડ્રાયિંગ ટેકનોલોજીની મુલાકાત લીધી હતી.

વનમંત્રી મોઢવાડિયાએ નોવેલ (NOVEL) ટેકનોલોજી આધારિત ટ્રીટમેન્ટ પ્લાન્ટની મુલાકાત લઈ એફ્લ્યુએન્ટ ટ્રીટમેન્ટની દિશામાં થઈ રહેલા પ્રશંસનીય પ્રયાસોને બિરદાવ્યા હતા.

પ્લાન્ટ્સની મુલાકાત બાદ વટવા ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન (VIA) ખાતે વન અને પર્યાવરણ મંત્રીએ ઉદ્યોગપતિઓ, પર્યાવરણ નિષ્ણાતો અને એસોસિયેશનના હોદ્દેદારો સાથે બેઠક યોજી હતી. જેમાં ઉદ્યોગોના સાતત્યપૂર્ણ વિકાસ અને પર્યાવરણ સુરક્ષા વચ્ચે યોગ્ય સંતુલન જાળવવા પર ભાર મૂકાયો હતો. ઔદ્યોગિક કચરાના યોગ્ય નિકાલ, વૉટર રિસાયકલિંગ અને એર ક્વૉલિટી સુધારવા અંગે મળેલાં સૂચનો ધ્યાને લઈ ઉદ્યોગોને પર્યાવરણ અનુકૂળ ટેકનોલૉજી અપનાવવા માટે દરેક શક્ય સહયોગ આપવા રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે એમ મંત્રીશ્રીએ જણાવ્યું હતું.



આગામી ૨૦૩૦માં કોમનવેલ્થ ગેમ્સ અમદાવાદ ખાતે યોજાનાર છે અને ૨૦૩૬ના ઓલિમ્પિક રમતોત્સવનું યજમાન બનવા મજબૂત દાવેદાર તરીકે પણ અમદાવાદ સજ્જ થઈ રહ્યું છે. ત્યારે આ વૈશ્વિક સ્પર્ધાઓ માટે અમદાવાદને એક સંપૂર્ણ સસ્ટેનેબલ સિટી તરીકે વિશ્વ સમક્ષ રજૂ કરવું એ આપણા સૌની સામૂહિક જવાબદારી છે એમ જણાવીને તેમણે ઉમેર્યું કે ઉદ્યોગોના વિકાસની સાથે પર્યાવરણની જાળવણીનું પણ સતત ધ્યાન રાખવું અનિવાર્ય છે. તમામ ઉદ્યોગોએ હરિયાળી ટેકનોલૉજી તથા પર્યાવરણપ્રિય ઉત્પાદન પદ્ધતિઓ અપનાવવા અનુરોધ કર્યો હતો.

### વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં 'વટવા- આત્મનિર્ભર વટવૃક્ષ' કાર્યક્રમ યોજાયો

વન અને પર્યાવરણ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાના અધ્યક્ષસ્થાને અમદાવાદની વટવા જી.આઈ.ડી.સી. સ્થિત વટવા ઈન્ડસ્ટ્રીઝ એસોસિયેશન (VIA) હોલ ખાતે વટવા-આત્મનિર્ભર વટવૃક્ષ' કાર્યક્રમ અને સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ઉપસ્થિત ઉદ્યોગપતિઓ અને અગ્રણીઓને સંબોધતા વન અને પર્યાવરણ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ જણાવ્યું હતું કે ઉદ્યોગોનો વિકાસ અને પર્યાવરણનું જતન એકબીજાનાં પૂરક છે. 'વટવા-આત્મનિર્ભર વટવૃક્ષ'ની વિભાવના ઉદ્યોગોને ટકાઉ અને પર્યાવરણ-અનુકૂળ બનાવવાની દિશામાં એક ઉત્કૃષ્ટ પગલું છે. રાજ્ય સરકાર પર્યાવરણીય નિયમોના પાલન સાથે ઔદ્યોગિક પ્રગતિ અને નવીન ટેકનોલૉજીના ઉપયોગ માટે હંમેશાં ઉદ્યોગકારોની સાથે છે.

વિવિધ ઔદ્યોગિક સંસ્થાઓના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા કાર્યક્રમમાં વટવા ઈન્ડસ્ટ્રીઝ એસોસિયેશન, ધ ગ્રીન એન્વાયર્મેન્ટ સર્વિસીસ કો-ઓપરેટિવ સોસાયટી લિમિટેડ અને અન્ય સંસ્થાઓના પદાધિકારીઓ દ્વારા મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાનું શાલ અને સ્મૃતિચિહ્ન અર્પણ કરીને ભવ્ય સ્વાગત તથા સન્માન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB)ના ચેરમેન આર.બી. બારડ, વટવા ઈન્ડસ્ટ્રીઝ એસોસિયેશન-VIAના પ્રમુખ ધવલ પટેલ, ધ ગ્રીન એન્વાયર્મેન્ટ સર્વિસીસ કો-ઓપરેટિવ સોસાયટી લિમિટેડ (GESCL)ના ચેરમેન અંકિત એસ. પટેલ સહિત વટવા અને આસપાસના ઔદ્યોગિક વિસ્તારના અગ્રણી ઉદ્યોગપતિઓ, પર્યાવરણપ્રેમીઓ અને વિવિધ સંગઠનોના હોદ્દેદારો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# ખેલાડીઓ ટપોટપ ઈન્જર્ડ થતાં BCCI ની 'સર્જિકલ સ્ટ્રાઈક', ફિટનેસ મૂલ્યાંકનની આખી સિસ્ટમ બદલી!

**નવી દિલ્હી, તા.06**

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) અને ચીફ સિલેક્ટર અજીત અગરકરની આગેવાની હેઠળની સિલેક્શન કમિટીએ રાષ્ટ્રીય ટીમમાં પસંદગી અને ખેલાડીઓની ફિટનેસને લઈને અત્યંત કડક વલણ અપનાવ્યું છે. આગામી ભારત અને શ્રીલંકા વચ્ચેની બે ટેસ્ટ મેચોની સીરિઝ પહેલાં ક્રિકેટ બોર્ડે નવો ફિટનેસ પ્રોટોકોલ અમલી બનાવ્યો છે. હવે ભારતીય ટીમમાં સ્થાન મેળવવા કે વાપસી કરવા માટે દરેક ખેલાડીએ બેંગલુરુ સ્થિત સેન્ટર ઓફ એક્સેલન્સ (CoE - અગાઉનું NCA) ખાતે જઈને પોતાની ફિટનેસ સાબિત કરવી અને મેડિકલ ટીમ પાસેથી ફિટનેસ ક્લિયરન્સ સર્ટિફિકેટ મેળવવું ફરજિયાત કરી દેવામાં આવ્યું છે.



BCCIના આ નવા અને કડક ફિટનેસ નિયમોની સીધી અસર શ્રીલંકા પ્રવાસ માટે પસંદ કરાયેલી ભારતીય ટીમની સ્ક્વોડ પર જોવા મળી રહી છે: જસપ્રીત બુમરાહ: ભારતીય ટીમનો સ્ટાર ઝડપી બોલર જસપ્રીત બુમરાહ ઘૂંટણની ઈજામાંથી સંપૂર્ણ રીતે ઉગરી શક્યો નથી. સેન્ટર ઓફ એક્સેલન્સ ખાતે યોજાયેલા કડક ફિટનેસ ટેસ્ટ અને ગ્રાઉન્ડ ક્લિયરન્સમાં નિષ્ફળ જતાં તેને શ્રીલંકા સામેની બે ટેસ્ટ મેચોની સીરિઝમાંથી બહાર રાખવામાં આવ્યો છે. બુમરાહના સ્થાને જમ્મુ-કાશ્મીરના યુવા ઝડપી બોલર આકિબ નબીને પ્રથમવાર સીનિયર ટીમમાં સ્થાન મળ્યું છે.

સાઈ સુદર્શન: ઈન-ફોર્મ બેટર સાઈ સુદર્શન પણ ઈજાના કારણે સંપૂર્ણ ફિટ નથી. તે ટીમ સાથે શ્રીલંકા રવાના થવાને બદલે હાલ બેંગલુરુ સ્થિત CoE ખાતે જ રીહેબ હેઠળ છે. તેને ફિટનેસ ક્લિયરન્સ મળ્યા બાદ જ પ્રવાસ પર જવાની પરવાનગી મળશે.

વોશિંગ્ટન સુંદર: ઓલરાઉન્ડર વોશિંગ્ટન સુંદર સહિતના અન્ય ખેલાડીઓને પણ CoEના સ્પોર્ટ્સ સાયન્સ એન્ડ મેડિકલ યુનિટ તરફથી કન્ફર્મેશન મળ્યા બાદ જ સ્ક્વોડમાં સામેલ કરવામાં આવ્યા છે.

અગાઉ ખેલાડીઓ પોતાની સ્થાનિક અથવા વ્યક્તિગત ફિટનેસ રિપોર્ટના આધારે સીધા ટીમ સાથે જોડાઈ જતા હતા. પરંતુ તાજેતરના સમયમાં ઈન્ટરનેશનલ મેચો દરમિયાન ખેલાડીઓ વારંવાર ઈજાગ્રસ્ત થવાની અને વચ્ચેથી જ બહાર થઈ જવાની ઘટનાઓ વધી છે. આ પરિસ્થિતિને રોકવા માટે BCCIએ સ્પષ્ટ કર્યું છે કે કોઈપણ ખેલાડી પછી ભલે તે કેટલો પણ સીનિયર કે સ્ટાર હોય, તેને CoEના હેડ ઓફ સ્પોર્ટ્સ સાયન્સ અને મેડિકલ સ્ટાફ દ્વારા સંપૂર્ણ ફિટ જાહેર કરવામાં આવ્યા બાદ જ ભારતીય ટીમની મેચ રમવા દેવામાં આવશે.

શ્રીલંકા સામેની મહત્ત્વપૂર્ણ ટેસ્ટ શ્રેણી માટે ભારતીય ટીમ 4 ઓગસ્ટના રોજ શ્રીલંકા જવા રવાના થઈ ચૂકી છે.

પ્રેક્ટિસ મેચ: ભારતીય ટીમ 7 ઓગસ્ટથી શ્રીલંકાના સ્થાનિક પ્રશિક્ષણ ગ્રાઉન્ડ પર પોતાની 3-દિવસીય પ્રેક્ટિસ મેચ રમવાનું શરૂ કરશે.

પ્રથમ ટેસ્ટ મેચ: ભારત અને શ્રીલંકા વચ્ચે શ્રેણીની પ્રથમ ટેસ્ટ મેચ 15 ઓગસ્ટથી શરૂ થશે.

BCCIના આ નિર્ણયથી સ્પષ્ટ થાય છે કે બોર્ડ હવે ખેલાડીઓના ફોર્મની સાથે તેમની શારીરિક ક્ષમતા અને ફિટનેસ સાથે કોઈપણ પ્રકારનું સમાધાન કરવાના મૂડમાં નથી.

## 'બુમરાહને 1 વર્ષ માટે આરામ આપી દો અને પછી..', વારંવાર ઈજા થતાં દિગ્ગજે જણાવી ફોર્મ્યુલા

**નવી દિલ્હી, તા.06**

ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર ફાસ્ટ બોલર જસપ્રિત બુમરાહ વધુ એક વખત ઈજાના ગંભીર કારણોસર ક્રિકેટિંગ એક્શનથી દૂર થઈ ગયો છે. ઈંગ્લેન્ડ પ્રવાસ દરમિયાન થયેલી ઈજામાંથી તે હજુ સુધી સંપૂર્ણપણે સ્વસ્થ થઈ શક્યો નથી. જેના કારણે તેને શ્રીલંકા સામેની આગામી 2 ટેસ્ટ મેચની સિરીઝમાંથી સત્તાવાર રીતે બહાર કરવામાં આવ્યા છે. બુમરાહની જગ્યાએ જમ્મુ-કાશ્મીરના યુવા ફાસ્ટ બોલર આકિબ નબીને 15 ઓગસ્ટથી શરૂ થનારી ટેસ્ટ સિરીઝ માટે ભારતીય ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે.

પૂર્વ ભારતીય ઓલરાઉન્ડર કરસન ઘાવરીએ બુમરાહની લાંબી કારકિર્દી માટે BCCI અને ટીમ મેનેજમેન્ટને એક મોટી સલાહ આપી છે. ઘાવરીનું માનવું છે કે બુમરાહને વારંવાર ઉતાવળમાં મેદાન પર ઉતારવાને બદલે 5 થી 6 મહિના અથવા જો જરૂર પડે તો



પૂરા 1 વર્ષનો લાંબો બ્રેક આપવો જોઈએ, જેથી તેઓ સંપૂર્ણપણે ફિટ થઈ શકે. બે વર્લ્ડ કપમાં રમી ચૂકેલા કરસન ઘાવરીએ સ્પષ્ટ કર્યું કે 50 અથવા 60 ટકા ફિટ ખેલાડીને ક્યારેય ટીમમાં સામેલ કરવો જોઈએ નહીં. અડધા ફિટ ખેલાડીઓ જ્યારે મોટી સિરીઝમાં મેદાન પર ઉતરે છે ત્યારે વર્કલોડ વધવાને કારણે તેમનું શરીર સાથ છોડી દે છે. આનાથી મેચ દરમિયાન ટીમનું આખું સંતુલન બગડે છે, જે દેશ અને ખેલાડી બંને માટે મોટું નુકસાન સાબિત થાય છે.

75 વર્ષીય પૂર્વ ક્રિકેટરે બુમરાહ માટે ત્રણેય ફોર્મેટ સતત રમવાને અવ્યવહારુ ગણાવ્યા છે. તેમણે કહ્યું કે બુમરાહનો ઉપયોગ મુખ્યત્વે ટેસ્ટ ક્રિકેટમાં થવો જોઈએ, કારણ કે આ ભારત માટે સૌથી મહત્ત્વપૂર્ણ ફોર્મેટ છે. સતત આઈપીએલ (IPL), ટી20 અને વનડે રમવાથી શરીર પર ભારે દબાણ આવે છે, જેને લાંબા સમય સુધી સહન કરવું મુશ્કેલ બને છે.


કરસન ઘાવરીએ અનુભવી બોલરો મોહમ્મદ શમી અને ભુવનેશ્વર કુમારને ફરીથી ભારતીય ટીમમાં તક આપવાની માંગ કરી છે. તેમના મતે આ બંને ખેલાડીઓ સતત ફિટ રહ્યા છે અને સારું પ્રદર્શન કરી રહ્યા છે. તેમની વાપસીથી જસપ્રિત બુમરાહ અને અન્ય યુવા બોલરો પરથી વર્કલોડનું દબાણ ઘટી જશે અને ટીમ વધુ મજબૂત બનશે.

## લાઈવ મેચમાં વીજળી પડતાં 24 વર્ષના ખેલાડીનું મોત! કેમેરામાં કેદ થયા ભયાવહ દૃશ્યો.....

**થાઈલેન્ડ, તા.06**

દક્ષિણ થાઈલેન્ડમાં એક અત્યંત દુ:ખદ ઘટના સામે આવી છે, જ્યાં સ્થાનિક ફૂટબોલ મેચ દરમિયાન વીજળી પડવાથી 24 વર્ષીય થાઈ ફૂટબોલર સોફવાન અવાએનું દર્દનાક મોત થયું છે, જ્યારે અન્ય 12 ખેલાડીઓ ઘાયલ થયા છે. સોશિયલ મીડિયા પર વાઈરલ થયેલા આઘાતજનક વીડિયોમાં જોઈ શકાય છે કે ખેલાડીઓ વરસાદ વચ્ચે ફૂટબોલ રમી રહ્યા હતા, ત્યારે જ અચાનક પિચ પર વીજળી પડી હતી અને જોરદાર ધમાકો થયો હતો.

અહેવાલો અનુસાર, વિંગર તરીકે રમતા અવાએનું ગંભીર ઈજાઓના કારણે ઘટનાસ્થળે જ નિધન થયું હતું. મીડિયા રિપોર્ટ મુજબ, આ દુર્ઘટના 'ગોલોક FA કપ' દરમિયાન બની હતી, જે એક લોકલ ટૂર્નામેન્ટ છે જેમાં એમેચ્યોર અને થાઈ-મલેશિયન ટીમો ભાગ



લે છે. આ મેચ અવાએની ટીમ SAMCOLTS અને 'અબુ x નોંગ સિરિન' વચ્ચે રમાઈ રહી હતી.

ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થતાં જ રમતપ્રેમીઓ શોકમાં છે. લોકો આટલા ખરાબ હવામાનમાં પણ મેચ ચાલુ રાખવાના આયોજકોના નિર્ણય પર સવાલો ઉઠાવી રહ્યા છે. યુઝર્સે કોમેન્ટ કરતાં લખ્યું કે, ખરાબ હવામાન અને વાવાઝોડા દરમિયાન મેચ રોકી દેવી એ દરેક જગ્યાએ ફરજિયાત નિયમ હોવો જોઈએ. ઘણા લોકોએ ટૂર્નામેન્ટ લીગને આ બેદરકારી માટે જવાબદાર ઠેરવી છે.

થાઈલેન્ડના ડિપાર્ટમેન્ટ ઓફ ડિસીઝ કંટ્રોલના આંકડા મુજબ, દેશમાં વીજળી પડવાની ઘટનાઓ સામાન્ય છે. વર્ષ 2020થી 2024 વચ્ચે દેશભરમાં ઓછામાં ઓછા 283 લોકો વીજળીની ચપેટમાં આવ્યા છે, જેમાંથી મોટાભાગના લોકોના સ્થળ પર જ મોત થયા હતા.

મલેશિયન સમાચાર એજન્સીના જણાવ્યા અનુસાર, ઈમરજન્સી મેડિકલ ટીમે ખેલાડીને બચાવવાનો પૂરતો પ્રયાસ કર્યો હતો, પરંતુ ગંભીર ઈજાઓને કારણે તેણે દમ તોડી દીધો હતો. ફૂટબોલ એસોસિએશન ઓફ થાઈલેન્ડ દ્વારા આ ઘટના અંગે શોક વ્યક્ત કરવામાં આવ્યો છે અને પીડિત પરિવાર તથા ક્લબ પ્રત્યે સાંત્વના પાઠવવામાં આવી છે.

## T20 ક્રિકેટમાં જોસ બટલરે રચ્યો ઈતિહાસ, પોલાર્ડનો મહારેકોર્ડ પણ ધ્વસ્ત, આ સિદ્ધિ મેળવનાર એકમાત્ર ખેલાડી

**લંડન, તા.06**

ઈંગ્લેન્ડના સ્ટાર વિકેટકીપર-બેટ્સમેન જોસ બટલરે T20 ક્રિકેટના ઈતિહાસમાં એક સુવર્ણ અધ્યાય લખી દીધો છે. 'ધ હંડ્રેડ' લીગમાં મેનચેસ્ટર સુપર જાયન્ટ્સ તરફથી રમતા બટલરે વેલ્શ ફાયર સામે ઓલ્ડ ટ્રેફોર્ડ ખાતે માત્ર 20 બોલમાં 2 ચોગ્ગા અને 6 ગગનચુંબી છગ્ગાની મદદથી 250.00ના સ્ટ્રાઈક રેટથી 51 રનની અણનમ વિસ્ફોટક પાસ રમી હતી. આ આક્રમક ઈનિંગ દરમિયાન માર્કો જેન્સનની ઓવરમાં સતત 3 છગ્ગા ફટકારીને તેણે વેસ્ટ ઈન્ડિઝના દિગ્ગજ ખેલાડી કિરોન પોલાર્ડનો વર્લ્ડ રેકોર્ડ તોડી નાખ્યો છે અને T20 ક્રિકેટમાં સૌથી વધુ રન બનાવનાર ઈતિહાસ પુરુષ બની ગયો છે.

બટલરે 522 T20 મેચોની 492 ઈનિંગ્સમાં 14,833 રન બનાવીને આ અદ્ભુત સિદ્ધિ હાંસલ કરી છે. તેણે કાયરન પોલાર્ડના 746 મેચોમાં નોંધાયેલા 14,803 રનના ઓલ-ટાઈમ રેકોર્ડને પાછળ છોડી દીધો છે.

T20 ક્રિકેટના ઈતિહાસમાં સૌથી વધુ રન બનાવનાર ટોપ 6 બેટ્સમેનોનું લિસ્ટ:

જોસ બટલર: 522 મેચ - 14,833 રન (9 સદી, 105 અડધી સદી)


કિરોન પોલાર્ડ: 746 મેચ - 14,803 રન (2 સદી, 63 અડધી સદી)

ક્રિસ ગેલ: 463 મેચ - 14,562 રન (22 સદી, 88 અડધી સદી)

એલેક્સ હેલ્સ: 528 મેચ - 14,449 રન

ડેવિડ વોર્નર: 439 મેચ - 14,284 રન

વિરાટ કોહલી: 430 મેચ -



14,218 રન (લિસ્ટમાં એકમાત્ર ભારતીય ખેલાડી)

ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતા વેલ્શ ફાયરે મેટ શોર્ટના 71 (47 બોલ) અને ફિલ સોલ્ટના 48 (37 બોલ) રનની મદદથી પ્રથમ વિકેટ માટે 125 રનની ભાગીદારી કરી હતી. જોકે ગસ એટકિન્સને શાનદાર બોલિંગ કરી 2 વિકેટ ઝડપતાં વેલ્શ ફાયર 100 બોલમાં 155/4 રન જ બનાવી શકી હતી.

જવાબમાં મેનચેસ્ટર સુપર જાયન્ટ્સે પાવરપ્લેમાં વિના વિકેટે 53 રન ફટકાર્યા હતા. ટિમ સિફર્ટના અણનમ 62 રન (36 બોલ), પૌલ વોલ્ટરના 37 રન (18 બોલ) અને બટલરના 51* રનની મદદથી ટીમે માત્ર 1 વિકેટ ગુમાવીને 31 બોલ બાકી રાખીને 9 વિકેટે આસાન વિજય મેળવ્યો હતો. લોકી ફર્ગ્યુસનની 3 નો-બોલ અને બટલરના એટેકિંગ શાનદાર શોટ્સે મેચ એકતરફી બનાવી દીધી હતી. આ જીત સાથે ટીમે પોતાની સતત ત્રણ હારનો સિલસિલો તોડી પોઈન્ટ્સ ટેબલમાં ત્રીજુ સ્થાન મેળવ્યું છે. ઉલ્લેખનીય છે કે, નિયમિત કેપ્ટન એડન માર્કરમ દક્ષિણ આફ્રિકા પરત ફરતા બટલર આ મેચમાં ટીમની કપ્તાની કરી રહ્યો હતો. ઈંગ્લેન્ડના નવા ટેસ્ટ કેપ્ટન જો રૂટને બેટિંગનો મોકો જ મળ્યો નહોતો.

'T20માં સૌથી વધુ રન બનાવનાર ખેલાડી બનવું તે મારા માટે અત્યંત ગૌરવની ક્ષણ છે. ફેબ્રુઆરી-માર્ચમાં રમાયેલા T20 વર્લ્ડ કપની 8 ઈનિંગ્સમાં હું માત્ર 87 રન જ બનાવી શક્યો હતો અને મારા ભવિષ્ય પર સવાલો ઉઠતા હતા. પરંતુ મેં હાર માનવાને બદલે સખત મહેનત કરી. ક્રિકેટમાં સ્થિતિ ખૂબ ઝડપથી બદલાય છે અને અત્યારે હું મારી કારકિર્દીની બેસ્ટ બેટિંગ કરી રહ્યો છું. એક દિવસ મારો આ રેકોર્ડ પણ તૂટશે અને કદાચ તે ખેલાડી વૈભવ સૂર્યવંશી હોઈ શકે છે.'

બટલરે વધુમાં ઉમેર્યું કે અગાઉ એમઆઈ લંડન સામેની મેચમાં પોલાર્ડ ડગઆઉટમાં હાજર હતો ત્યારે જ આ રેકોર્ડ તોડવાની ઈચ્છા હતી, પરંતુ હવે આ રેકોર્ડ પોતાના નામે કરીને તે ખુશ છે. જોકે, કિરોન પોલાર્ડ આગામી CPLમાં ટ્રિનબાગો નાઈટ રાઈડર્સ તરફથી રમવાનો હોવાથી આ રેકોર્ડ ફરી પોતાના નામે કરવા પ્રયાસ કરશે.

## મેં મારા શરીર સાથે મશીન જેવું વર્તન કર્યું છે : રશ્મિકા મંદાના




**મુંબઈ, તા.06**

રશ્મિકા મંદાનાએ પોતાની ગંભીર હિપ ઈજા અંગે પ્રથમ વખત જાહેર કરતાં જણાવ્યું છે કે સતત કામના દબાણ વચ્ચે તેણે પોતાનાં શરીર સાથે મશીન જેવું વર્તન કર્યું હતું. સોશિયલ મીડિયાથી થોડા સમય દૂર રહ્યા બાદ રશ્મિકાએ એક ભાવુક પોસ્ટ શેર કરીને પોતાની ગેરહાજરીનું કારણ જણાવ્યું અને હાલમાં સ્વસ્થ થવાની પ્રક્રિયામાં હોવાની માહિતી આપી છે. રશ્મિકાએ પોસ્ટ સાથે ઘરમાં આરામ દરમિયાનની કેટલીક તસવીરો પણ શેર કરી છે. તેમાં તેની સેલ્ફી, પાળેલા શ્વાનો સાથેની પળો, પઝલ ઉકેલતી તસવીરો, મીઠી વાનગીઓ અને ચાહકો તથા શુભેચ્છકો તરફથી મળેલી ભેટોની ઝલક જોવા મળે છે.

પોસ્ટમાં રશ્મિકાએ લખ્યું કે શરૂઆતમાં તે આ ઈજાની વાત જાહેર કરવા માંગતી નહોતી, પરંતુ બાદમાં ચાહકો સાથે આ માહિતી શેર કરવાનો નિર્ણય કર્યો. તેણે જણાવ્યું કે આ તેની સતત થયેલી ત્રીજી ઈજા છે. તેણે લખ્યું, "આ ઘટના થોડા સમય પહેલાં બની હતી અને સતત આ મારી ત્રીજી ઈજા છે. હવે મારે ચોક્કસપણે શીખવું પડશે કે મારે શરીર સાથે મશીન નહીં, પરંતુ માનવ શરીર તરીકે વર્તવું જોઈએ."

રશ્મિકાએ ખુલાસો કર્યો કે તેની આગામી ફિલ્મ 'માયસા'ના ડાન્સ સિક્વન્સનાં શૂટિંગ દરમિયાન જમણાં હિપને પગ સાથે જોડતી એક ટેન્ડન તૂટી ગઈ હતી. તેણે જણાવ્યું, "તમારા હિપની દરેક બાજુએ ચાર ટેન્ડન હોય છે, જે હિપને પગ સાથે જોડે છે. મારાં જમણાં હિપની એક ટેન્ડન અલગ થઈ ગઈ છે અને હવે ફરી જોડાય ત્યાં સુધી હું પગ યોગ્ય રીતે ઊંચો કરી શકતી નથી. આ ઈજા 'માઈસા'ના ડાન્સ શૂટ દરમિયાન થઈ હતી. ભગવાન! આ ચોક્કસપણે મારી અત્યાર સુધીની સૌથી આક્રમક ફિલ્મ છે."

ગંભીર ઈજા છતાં રશ્મિકાએ ચાહકોને વિશ્વાસ અપાવ્યો કે તે બરાબર છે. તેણે લખ્યું, "ચિંતા કરશો નહીં. દુ:ખાવો થાય છે, પરંતુ અસહ્ય નથી." રશ્મિકાએ મજાકમાં ઉમેર્યું કે કદાચ ભગવાન તેને થોડો વિરામ લેવા માટે સંકેત આપી રહ્યા છે, કારણ કે જો તેનાં હાથમાં હોત તો તે ક્યારેય આરામ ન લેત. તેણે જણાવ્યું કે અગાઉ થયેલી તેની ઈજાઓ પણ અચાનક બનેલી દુર્ઘટનાઓનું પરિણામ હતી.

સ્વસ્થ થવા સમય દરમિયાન તે પઝલ ઉકેલવામાં, ઘરે આરામ કરવામાં અને મીઠી વાનગીઓ માણવામાં સમય પસાર કરી રહ્યા છે. જોકે, તેણે સ્વીકાર્યું કે નિયમિત વર્કઆઉટ અને દોડવાથી દૂર રહેવું તેનાં માટે સૌથી મોટો પડકાર છે. રશ્મિકાની આ પોસ્ટ બાદ ચાહકોએ સોશિયલ મીડિયા પર તેના ઝડપથી સ્વસ્થ થવાની શુભેચ્છાઓ પાઠવી છે. સંપૂર્ણ સ્વસ્થ થયા બાદ રશ્મિકા ફરીથી પોતાનાં વ્યસ્ત શીડ્યુલમાં પરત ફરશે. તે આગામી સમયમાં 'માઈસા', 'રાણાબલી', 'પુષ્પા 3', 'એનિમલ પાર્ક' અને 'રાકા' જેવી ફિલ્મોમાં જોવા મળશે. હાલમાં, રશ્મિકા સંપૂર્ણ ધ્યાન સ્વસ્થ થવા પર કેન્દ્રિત કરી રહી છે અને ચાહકોને સમયાંતરે પોતાની તબિયત અંગે માહિતી આપતી રહેશે.

## 'હા, હું બાયસેક્સ્યુઅલ છું...' અભિનેત્રી આકાંક્ષાએ સત્ય સ્વીકાર્યું, 9 વર્ષના લગ્ન સંબંધ તૂટવાનો અફસોસ નથી....

**મુંબઈ, તા.06**

રિયાલિટી શો 'લોક અપ 2' માંથી બહાર થયા બાદ પ્રખ્યાત ટીવી અભિનેત્રી આકાંક્ષા ચમોલાએ મીડિયા સમક્ષ ખુલીને વાત કરી છે. આ શો દરમિયાન તેમની સેક્સ્યુઆલિટી અને અંગત જીવનને લઈને અનેક મહત્ત્વના ખુલાસા થયા હતા. જેના પર હવે અભિનેત્રીએ પોતાની સ્પષ્ટ પ્રતિક્રિયા આપી છે. આકાંક્ષા ટોપ 5 માં પોતાની જગ્યા બનાવી શકી નહોતી અને શોમાંથી બહાર થઈ ગઈ હતી.

શો દરમિયાન શ્રેયા દ્વારા આકાંક્ષાના બાયસેક્સ્યુઅલ હોવાનો ખુલાસો કર્યો હતો. જેનો બાદમાં આકાંક્ષાએ સ્વીકાર્યો પણ હતો. આ અંગે વાત કરતા આકાંક્ષાએ જણાવ્યું કે કોઈ પણ વ્યક્તિ પ્લેટફોર્મ પર જઈને પોતાના છૂટાછેડા કે અંગત જીવન વિશે ખોટું કેમ બોલે? તેણે સ્પષ્ટ કર્યું કે આ કોઈ ગેમ કે ટીઆરપી મેળવવાની ચાલ નહોતી, પરંતુ તેનું જીવન વાસ્તવિક છે. કોઈ પણ પોતાની સેક્સ્યુઆલિટીને લઈને ખોટું બોલીને પોતાના કરિયર અને પરિવારનું નુકસાન કરવા માંગતી નથી. તેણે કહ્યું કે તેણે પોતાનું સાચું સ્વરૂપ સ્વીકાર્યું છે.



અભિનેત્રીએ ખુલાસો કર્યો છે કે તેમના અને ગૌરવ વચ્ચેના છૂટાછેડાનો મામલો હાલમાં ચાલી રહ્યો છે અને તેમની લીગલ ટીમ આ અંગે કામ કરી રહી છે. તે છેલ્લા 18 મહિનાથી પોતાના માતા-પિતા સાથે રહે છે. આકાંક્ષાએ સ્પષ્ટ કર્યું કે તે ભવિષ્યમાં હવે કોઈ અન્ય રિયાલિટી શો કરવા માગતી નથી, પરંતુ તે ટેલિવિઝન, ફિલ્મો અથવા ઓટીટી (OTT) પ્લેટફોર્મ પર ખૂબ જ સક્રિય થઈને ઉત્તમ કામ કરવા માટે ઉત્સુક છે.

## 16 વર્ષથી દર્શકોને ડરાવતી હોરર ફિલ્મના છઠ્ઠા પાર્ટનું ટ્રેલર રિલીઝ, 7000 કરોડની કરી છે કમાણી

**મુંબઈ, તા.06**

હોલિવૂડની સૌથી લોકપ્રિય અને ડરામણી હોરર ફ્રેન્ચાઈઝી 'ઈન્સિડિયસ'ની છઠ્ઠી સિક્વલ ટૂંક સમયમાં જ સિનેમાઘરોમાં ધૂમ મચાવવા આવી રહી છે. સોની પિક્ચર્સે 'ઈન્સિડિયસ: આઉટ ઓફ ધ ફર્ધર'નું ફાઈનલ ટ્રેલર રિલીઝ કરી દીધું છે. ટ્રેલરમાં દર્શાવવામાં આવ્યું છે કે કેવી રીતે રાક્ષસો અને આત્માઓ અંધારી દુનિયામાંથી બહાર આવીને વાસ્તવિક દુનિયામાં પગ મૂકે છે. આ ફિલ્મ 21 ઓગસ્ટના રોજ વિશ્વભરના થિયેટરોમાં રિલીઝ થશે અને તેની એડવાન્સ બુકિંગ પણ શરૂ થઈ ચૂકી છે. બ્લુમહાઉસ અને એટોમિક મોન્સ્ટરના કો-પ્રોડક્શનમાં બનેલી આ ફિલ્મની સ્ટોરી 'જેમ્મા' નામના પાત્રની આસપાસ ફરે છે, જે રોલ અભિનેત્રી અમેલિયા ઈવે



નિભાવ્યો છે. જેમ્મા તેની પુત્રી સાથે તે જ ઘરમાં રહે છે જ્યાં તેનું બાળપણ વિત્યું હતું. એક દિવસ તેને ખબર પડે છે કે તે 'ધ ફર્ધર' નામની એક રહસ્યમય દુનિયામાં જઈ શકે છે, જે આત્માઓ અને રાક્ષસોનું ઘર છે. તેનામાં એ શક્તિ પણ છે કે તે ત્યાંથી આત્માઓને આપણી વાસ્તવિક દુનિયામાં લાવી શકે છે. જ્યારે રાક્ષસોને આ શક્તિની જાણ થાય છે, ત્યારે આખી દુનિયા તેમના માટે એક ખતરનાક રમતનું મેદાન બની જાય છે. આ ફિલ્મમાં 'ઈન્સિડિયસ' સીરીઝની સૌથી લોકપ્રિય કેરેક્ટર 'એલિસ રેનિયર'ના રોલમાં ફરી એકવાર લિન શે જોવા મળશે, જે આત્માઓ સામે લડતી સ્પેશાલિસ્ટ તરીકે જાણીતી છે.

## 16 કરોડના દેવામાં ફસાયેલા અભિનેતા રાજપાલ યાદવની મુશ્કેલી વધી, બે સંપત્તિની હરાજી કરાશે

**મુંબઈ, તા.06**

બોલિવૂડના જાણીતા અને લોકપ્રિય અભિનેતા રાજપાલ યાદવ ફરી એકવાર ગંભીર કાનૂની અને આર્થિક મુશ્કેલીઓમાં ફસાયા છે. ચેક બાઉન્સના લાંબા સમયથી ચાલતા વિવાદાસ્પદ મામલાની વચ્ચે હવે તેમની મુશ્કેલીઓમાં વધુ મોટો વધારો થયો છે. સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, મુંબઈ દ્વારા ઉત્તર પ્રદેશના શાહજહાપુરમાં આવેલી તેમની બે મુખ્ય સંપત્તિઓ પર નીલામીનો સત્તાવાર નોટિસ ફટકારવામાં આવી છે. જેને લઈને ફિલ્મ જગતમાં ભારે ચર્ચા જાગી છે.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, રાજપાલ યાદવે પોતાની ફિલ્મ



'અતા પતા લાપતા' ના નિર્માણ માટે સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા પાસેથી મોટી રકમની લોન લીધી હતી. સમયસર લોન અને વ્યાજની રકમ ન ચૂકવાતા આ બિલ વધીને આશરે રૂ. 16,61,64,000 સુધી પહોંચી ગયું છે. આ ભારેખમ રકમની વસૂલાત માટે બેંકે તેમની ગીરો રાખેલી પ્રોપર્ટીને સત્તાવાર રીતે કબજામાં લઈને નીલામીની પ્રક્રિયા તેજ કરી દીધી છે. જે આગામી 9 સપ્ટેમ્બરે ઓનલાઈન હાથ ધરવામાં આવશે.

બેંક રેકોર્ડ મુજબ શાહજહાપુરમાં રાજપાલ યાદવની બે સંપત્તિઓ નોંધાયેલી છે. જેમાં એક પ્રોપર્ટી શહેરની અંદર અને બીજી ગામડામાં આવેલી છે (જેમાં ખેતરો અને મકાનો સામેલ છે). આ બંને સંપત્તિઓની બજાર કિંમત અંદાજે રૂ. 3,19,26,000 આંકવામાં આવી છે. આ લોન માટે રાધા યાદવ અને માતા ગોદાવરી યાદવની સંપત્તિઓને પણ ગેરંટર તરીકે ગીરો રાખવામાં આવી હતી. જેના આધારે બેંકે આ કડક કાનૂની કાર્યવાહી શરૂ કરી છે.

શાહજહાપુર ઉપરાંત મુંબઈમાં પણ તેમની અન્ય સંપત્તિઓની નીલામીની પ્રક્રિયા સમાંતર ચાલી રહી છે. નોંધનીય બાબત એ છે કે જે કંપનીએ ચેક બાઉન્સનો કેસ દાખલ કર્યો હતો તેના માલિક પણ શાહજહાપુરના જ રહેવાસી છે. આ તમામ ઘટનાક્રમ બાદ અભિનેતા કાનૂની પ્રક્રિયા સાથે સાથે ગંભીર આર્થિક સંકટથી ઘેરાઈ ગયું છે. બેંક અધિકારીઓનું સ્પષ્ટ કહેવું છે કે લોનની રકમ વસૂલવા માટે આ સમગ્ર કાર્યવાહી પ્રક્રિયાગત નિયમોને આધીન જ કરવામાં આવી રહી છે.

# સોનાની કિંમત ₹2,735 વધીને ₹1.48 લાખ થઈ: 6 દિવસમાં ₹5,501 ભાવ વધી ચૂક્યા છે, ચાંદી 931 વધીને ₹2.25 લાખ પર પહોંચી

મુંબઈ, તા.06

૬ ઓગસ્ટના રોજ સોના અને ચાંદીના ભાવમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન એટલે કે IBJA દ્વારા જાહેર કરવામાં આવેલા નવા આંકડા અનુસાર, ૧૦ ગ્રામ ૨૪ કેરેટ સોનાની કિંમતમાં ૨,૭૩૫ રૂપિયાનો મોટો ઉછાળો આવ્યો છે, જેના કારણે તેનો ભાવ વધીને ૧.૪૮ લાખ રૂપિયાના સ્તરે પહોંચી ગયો છે. બીજી તરફ, ચાંદીના ભાવમાં પણ તેજીનો માહોલ જોવા મળ્યો છે, જ્યાં એક કિલો ચાંદીની કિંમત ૯૩૧ રૂપિયા વધીને ૨.૨૫ લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે. ચાલુ ઓગસ્ટ મહિનાની શરૂઆતના માત્ર ૬ જ દિવસોમાં સોનાના ભાવમાં કુલ ૫,૫૦૧ રૂપિયા અને ચાંદીના ભાવમાં ૭,૧૯૮ રૂપિયાનો જંગી વધારો થઈ ચૂક્યો છે.



આ વર્ષે સોના અને ચાંદીના ભાવમાં સતત મોટા ઉતાર-ચઢાવનો દોર ચાલુ રહ્યો છે. વર્ષ ૨૦૨૬માં અત્યાર સુધીના ગાળાની વાત કરીએ તો સોનાની કિંમતમાં કુલ ૧૫ હજાર રૂપિયાનો વધારો થયો છે. ગત વર્ષના અંતે એટલે કે ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ ૧૦ ગ્રામ સોનાનો ભાવ ૧.૩૩ લાખ રૂપિયાથી ઉપર હતો, જે અત્યારે વધીને ૧.૪૮ લાખ રૂપિયા થઈ ગયો છે. આ સરખામણીએ ચાંદીના ભાવમાં આ વર્ષ દરમિયાન ૫ હજાર રૂપિયાનો ઘટાડો નોંધાયો છે, કારણ કે ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ ચાંદી પ્રતિ કિલો ૨.૩૦ લાખ રૂપિયાના સ્તરે હતી, જે હાલ ૨.૨૫ લાખ રૂપિયા પર ટ્રેડ થઈ રહી છે. ઉલ્લેખનીય છે કે ચાલુ વર્ષ દરમિયાન જ ૨૯ જાન્યુઆરીના રોજ સોનાએ ૧.૭૬ લાખ રૂપિયા અને ચાંદીએ ૩.૮૬ લાખ રૂપિયાનો અત્યાર સુધીનો સૌથી ઊંચો એટલે કે ઓલટાઈમ હાઈ ભાવ પણ બનાવ્યો હતો.

કોમોડિટી ક્ષેત્રના જાણીતા નિષ્ણાત અજય કેડિયાના જણાવ્યા અનુસાર, સોના અને ચાંદીના ભાવ તેમની સર્વોચ્ચ સપાટીથી હાલમાં સરાહનીય રીતે નીચે આવ્યા છે. આવી સ્થિતિમાં નવા રોકાણકારો માટે આ ધાતુઓમાં નાણાં રોકવાની સારો અવસર ઊભો થયો છે, જોકે તેમણે સલાહ આપી છે કે રોકાણકારોએ એકસાથે બધી રકમ રોકવાને બદલે ધીમે ધીમે રોકાણ કરવું જોઈએ. તેમના અંદાજ મુજબ વર્ષના અંત સુધીમાં સોનું ફરી એકવાર ૧.૬૦ લાખ રૂપિયા અને ચાંદી ૨.૮૦ લાખ રૂપિયાની સપાટી સુધી પહોંચી શકે છે.

જે રોકાણકારો ભૌતિક સોનું કે ચાંદી રાખવા માંગતા નથી, તેમના માટે એક્સચેન્જ ટ્રેડેડ ફંડ એટલે કે ETF રોકાણનો એક ઉત્તમ વિકલ્પ છે, જે સોના-ચાંદીના બજાર ભાવ પર જ આધારિત હોય છે. ગોલ્ડ કે સિલ્વર ETFનું ખરીદ-વેચાણ શેરબજારના મુખ્ય એક્સચેન્જો BSE અને NSE પર સામાન્ય શેરોની જેમ જ કરી શકાય છે. આ પ્રક્રિયામાં રોકાણકારને ભૌતિક રૂપે સોનું કે ચાંદી મળતું નથી, પરંતુ જ્યારે પણ રોકાણકાર પોતાના યુનિટ્સ વેચીને બહાર નીકળવા માંગે, ત્યારે તેને તે સમયના પ્રવર્તમાન બજાર ભાવ મુજબ રોકડ રકમ મળી જાય છે. આ માધ્યમથી માત્ર ૫૦૦ રૂપિયા જેવી નાની રકમથી પણ રોકાણની શરૂઆત કરી શકાય છે. ETF ખરીદવા માટે રોકાણકારે પોતાના બ્રોકર મારફતે ડીમેટ એકાઉન્ટ ખોલાવવું પડે છે, જેના દ્વારા NSE પર ઉપલબ્ધ ETF યુનિટ્સ ખરીદી શકાય છે અને તે રકમ લિંક્ડ બેંક એકાઉન્ટમાંથી કપાઈ જાય છે. ઓર્ડર આપ્યાના બે દિવસમાં આ યુનિટ્સ ડીમેટ એકાઉન્ટમાં જમા થાય છે અને ટ્રેડિંગ એકાઉન્ટ દ્વારા જ તેને ગમે ત્યારે વેચી શકાય છે.

જ્યારે પણ જ્વેલર્સ પાસેથી ભૌતિક સોનાની ખરીદી કરવામાં આવે ત્યારે બે મુખ્ય બાબતોનું ખાસ ધ્યાન રાખવું જરૂરી છે. સૌપ્રથમ હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS) નો હોલમાર્ક ધરાવતું સર્ટિફાઈડ સોનું જ ખરીદવું જોઈએ, જેમાં એક વિશિષ્ટ આલ્ફાન્યુમેરિક કોડ આપેલો હોય છે જે સોનાની શુદ્ધતા અને કેરેટ દર્શાવે છે. આ ઉપરાંત સોનાનું સાચું વજન અને ખરીદીના દિવસે તેનો ભાવ ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની સત્તાવાર વેબસાઈટ જેવા વિશ્વસનીય સ્રોતોથી ક્રોસ ચેક કરી લેવો જોઈએ, કારણ કે ૨૪ કેરેટ, ૨૨ કેરેટ અને ૧૮ કેરેટ સોનાના ભાવ અલગ-અલગ હોય છે.

આ સાથે અસલી ચાંદીની ઓળખ કરવા માટે કેટલીક સરળ પદ્ધતિઓ અપનાવી શકાય છે. પ્રથમ, ચુંબક ટેસ્ટ દ્વારા ચકાસણી કરી શકાય છે કારણ કે અસલી ચાંદી ચુંબક તરફ આકર્ષાતી નથી. બીજું, અસલી ચાંદી પર બરફ મૂકવાથી તે તેના ઉત્તમ ઉષ્મા વાહક ગુણધર્મને કારણે ખૂબ ઝડપથી પીગળવા લાગે છે. ત્રીજું, અસલી ચાંદીમાં કોઈ પ્રકારની ગંધ હોતી નથી જ્યારે ભેળસેળ વાળી નકલી ચાંદીમાંથી તાંબા જેવી ગંધ આવે છે. છેલ્લે, ચાંદીને સફેદ કપડાથી ઘસવાથી જો કપડા પર કાળો ડાઘ પડે તો તે ચાંદીની અસલી હોવાની સાબિતી આપે છે.

# જાણીતા ઉદ્યોગપતિના નિધન બાદ 30000 કરોડનો મિલકત વિવાદ, પરિવાર સમાધાનની નજીક

નવી દિલ્હી, તા.06

દિવંગત ઉદ્યોગપતિ સંજય કપૂરની સંપત્તિ અને આરકે ફેમિલી ટ્રસ્ટને લઈને પરિવારમાં ચાલી રહેલો વિવાદ હવે ઉકેલ તરફ આગળ વધી રહ્યો છે. લાંબા સમયથી કાનૂની લડાઈમાં અટવાયેલા કપૂર પરિવારના આ મામલે સુપ્રીમ કોર્ટે આશા વ્યક્ત કરી છે કે, વાતચીત અને પરસ્પર સંમતિથી આ વિવાદ પૂરો થઈ શકે છે. કોર્ટે સંજય કપૂરના માતા રાણી કપૂર અને પત્ની પ્રિયા કપૂર વચ્ચે ચાલી રહેલી મધ્યસ્થતા પ્રક્રિયાને 2 નવેમ્બર સુધી આગળ વધારવાની મંજૂરી આપી છે. કોર્ટનું કહેવું છે કે અત્યાર સુધીની વાતચીત સંતોષકારક રહી છે અને તમામ પક્ષો શાંતિપૂર્ણ ઉકેલની ખૂબ નજીક પહોંચી ગયા છે. સુપ્રીમ કોર્ટે નિર્દેશ આપ્યો છે કે મધ્યસ્થતાનો તમામ ખર્ચ આરકે ફેમિલી ટ્રસ્ટ દ્વારા જ ચૂકવવામાં આવે. કોર્ટે એવી પણ સ્પષ્ટતા કરી છે કે, જો કોઈ કારણોસર મધ્યસ્થતા સફળ નહીં થાય, તો તમામ પક્ષોને કાયદા મુજબ આગળ વધવાની છૂટ રહેશે. પરંતુ મધ્યસ્થતાના તાજેતરના રિપોર્ટને જોતાં કોર્ટને પૂરો વિશ્વાસ છે કે આ વિવાદ કોઈ કાનૂની લડાઈ વગર શાંતિથી પૂરો થઈ જશે. આ સમગ્ર વિવાદ ઉદ્યોગપતિ સંજય કપૂરના જૂન 2025માં થયેલા અવસાન પછી શરૂ થયો હતો.



તેમના અવસાન બાદ લગભગ 30,000 કરોડ રૂપિયાની સંપત્તિ અને બિઝનેસના અધિકારોને લઈને પરિવારના સભ્યો સામસામે આવી ગયા હતા. આ કેસમાં સંજય કપૂરના માતા રાણી કપૂર, તેમની પત્ની પ્રિયા સચદેવ કપૂર અને તેમની પ્રથમ પત્ની કરિશ્મા કપૂરના બાળકો સમાયરા તથા કિયાનના હક અંગે પ્રશ્નો ઊભા થયા હતા.


સંજય કપૂર અને બોલિવૂડ અભિનેત્રી કરિશ્મા કપૂરના લગ્ન વર્ષ 2003માં થયા હતા અને બંને વર્ષ 2016માં અલગ થઈ ગયા હતા. તેમને બે બાળકો છે, સમાયરા અને કિયાન. સંજય કપૂરે પોતાના બાળકોના ભવિષ્ય માટે ઘણી આર્થિક જોગવાઈઓ કરી હતી. પરંતુ તેમના નિધન પછી બીજી પત્ની પ્રિયા કપૂર અને બાળકો વચ્ચે સંપત્તિના અધિકાર અંગે વિવાદ સામે આવ્યો હતો.

આ વિવાદના કેન્દ્રમાં આરકે ફેમિલી ટ્રસ્ટ છે, જેની સ્થાપના વર્ષ 2017માં કરવામાં આવી હતી. સંજય કપૂરના માતા રાણી કપૂરનો આરોપ છે કે આ ટ્રસ્ટ તેમની જાણ કે સંમતિ વગર બનાવવામાં આવ્યું હતું અને પરિવારની તમામ મિલકતો તેમાં સામેલ કરી દેવામાં આવી હતી. તેમણે આ ટ્રસ્ટને ગેરકાયદે ગણાવી તેને રદ કરવા માટે દિલ્હી હાઈકોર્ટમાં અરજી કરી હતી. બીજી તરફ, સંજય કપૂરના પત્ની પ્રિયા કપૂરનું કહેવું છે કે ટ્રસ્ટ સંપૂર્ણપણે નિયમો મુજબ જ બનાવાયું હતું અને તેનાથી તમામ વારસદારોના હિતોનું રક્ષણ થાય છે. તેમણે રાણી કપૂરને ટ્રસ્ટના ટ્રસ્ટી પદ પરથી હટાવવાની નોટિસ પણ આપી હતી અને આક્ષેપ કર્યો હતો કે ટ્રસ્ટના કામકાજમાં બિનજરૂરી દખલગીરી કરવામાં આવી રહી છે, જેનાથી વારસદારોના અધિકારો પર અસર પડી શકે છે.

# સેન્સેક્સ 150 પોઈન્ટ વધીને 78,700 પર પહોંચ્યો: નિફ્ટી સામાન્ય ઘટાડા સાથે 24,600 પર, આઈટી શેરોમાં વેચવાલી, ઓટોમાં ખરીદી

મુંબઈ, તા.06

૬ ઓગસ્ટના રોજ ભારતીય શેરબજારમાં ભારે ઉથલપાથલ અને મિશ્ર વલણ વચ્ચે કારોબાર જોવા મળી રહ્યો છે. દિવસ દરમિયાન બોમ્બે સ્ટોક એક્સચેન્જ (BSE)નો મુખ્ય બેન્ચમાર્ક ઈન્ડેક્સ સેન્સેક્સ ૧૫૦ પોઈન્ટ એટલે કે ૦.૨૦ ટકાની તેજી દર્શાવતા ૭૮,૭૦૦ ના સ્તર પર પહોંચીને કારોબાર કરી રહ્યો છે. જોકે, બીજી તરફ નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE)નો બેન્ચમાર્ક ઈન્ડેક્સ નિફ્ટી સેન્સેક્સ સાથે તાલ મિલાવવામાં નિષ્ફળ રહ્યો છે અને તેમાં ૧૦ પોઈન્ટ એટલે કે ૦.૦૪ ટકાનો નજીવો ઘટાડો નોંધાતા તે ૨૪,૬૦૦ ની સપાટી પર કારોબાર કરતો જોવા મળ્યો છે. આજના આ કારોબારી સત્રમાં ક્ષેત્રીય ધોરણે મોટો તફાવત જોવા મળી રહ્યો છે. એક તરફ આઈટી (IT) ક્ષેત્રના શેરોમાં રોકાણકારો તરફથી જોરદાર ખરીદીનો માહોલ જોવા મળી રહ્યો છે, જેણે સેન્સેક્સને ઉપર જાળવી રાખવામાં મુખ્ય ભૂમિકા ભજવી છે, તો બીજી તરફ ઓટોમોબાઈલ સેક્ટરના શેરોમાં રોકાણકારો દ્વારા વેચવાલી અને પ્રોફિટ બુકિંગ જોવા મળ્યું છે, જેના કારણે બજારની તેજી અમુક અંશે મર્યાદિત રહી છે. આ અગાઉના કારોબારી દિવસે પણ



ભારતીય બજારે મજબૂતી દર્શાવી હતી અને સેન્સેક્સ ૧૫૨ પોઈન્ટના સુધારા સાથે ૭૮,૫૮૧ ના મજબૂત સ્તર પર બંધ થયો હતો.

સ્થાનિક બજારમાં જોવા મળતી આ સ્થિરતાની સરખામણીએ એશિયન બજારોની સ્થિતિ ખૂબ જ નબળી અને ચિંતાજનક જોવા મળી રહી છે. મુખ્ય એશિયન ઈન્ડેક્સમાં ચો તરફ ભારે વેચવાલીનું દબાણ છે. સાઉથ કોરિયાનો કોસ્પી ઈન્ડેક્સ ૨૫૨ પોઈન્ટ એટલે કે ૩.૯૭ ટકાના મોટા ગાબડા સાથે ૬,૩૨૪ ના સ્તર સુધી ગબડી ગયો છે. જાપાનના શેરબજારમાં પણ મોટો કડાકો બોલાયો છે, જ્યાં નિકેઈ ઈન્ડેક્સ ૧,૦૩૪ પોઈન્ટ એટલે કે ૧.૫૬ ટકા ઘટીને ૬૫,૨૬૭ ની નીચલી સપાટીએ પહોંચી ગયો છે. હોંગકોંગના હેંગસેંગ ઈન્ડેક્સમાં પણ મંદીનું મોજું ફરી વળ્યું છે અને તે ૫૧૦ પોઈન્ટ એટલે કે ૧.૯૭ ટકાના ઘટાડા સાથે ૨૫,૪૦૬ ના સ્તરે કારોબાર કરી રહ્યો છે. એશિયન બજારોમાં જોવા મળેલી આ નબળાઈ પાછળ ગઈકાલે અમેરિકી બજારમાં જોવા મળેલા મિશ્ર અને અસ્થિર કારોબારને જવાબદાર ગણવામાં આવી રહ્યો છે. અમેરિકી બજારમાં વોલ સ્ટ્રીટ પર ડાઉ જોન્સ ઈન્ડેક્સ ૨૬૩ પોઈન્ટ એટલે કે ૦.૪૯ ટકાના સુધારા સાથે ૫૪,૩૪૯ ના સ્તરે બંધ થવામાં સફળ રહ્યો હતો, પરંતુ ટેકનોલોજી આધારિત નાસ્ડેક ઈન્ડેક્સ ૨૨૨ પોઈન્ટ એટલે કે ૦.૮૩ ટકા ઘટીને ૨૬,૩૬૩ પર અને S&P ૫૦૦ ઈન્ડેક્સ ૧૩ પોઈન્ટ એટલે કે ૦.૧૭ ટકાની નરમ ચાલ સાથે ૭૭૨૪ ના સ્તરે બંધ થયો હતો. આ બધા વૈશ્વિક પડકારો વચ્ચે પણ ભારતીય શેરબજારને સંસ્થાકીય રોકાણકારો તરફથી સારો ટેકો મળી રહ્યો છે. ખાસ કરીને વિદેશી અને દેશી રોકાણકારોના આંકડા બજારની દિશા દર્શાવી રહ્યા છે. વિદેશી સંસ્થાકીય રોકાણકારો (FIIs/FPIs) અંગે વાત કરીએ તો, છેલ્લા ૭ દિવસના ગાળામાં તેમણે રૂ. ૨,૭૦૩ કરોડ મૂલ્યના શેર ખરીદીને બજારમાં નાણાં ઠાલવ્યા છે. જોકે, તાજેતરના દૈનિક આંકડા અનુસાર તેમણે રૂ. ૯૪૪ કરોડના શેરનું વેચાણ કર્યું છે અને છેલ્લા ૩૦ દિવસના એકંદર ડેટા પર નજર કરીએ તો વિદેશી રોકાણકારોએ કુલ રૂ. ૩,૮૯૩ કરોડની ચોખ્ખી વેચવાલી નોંધાવી છે.

# એર ઈન્ડિયાના નવા CEO બન્યા ટેવોલ્ડે ગેબ્રેમેરિયમ

## કેમ્પબેલ વિલ્સનની જગ્યા લીધી, ઈથોપિયન એરલાઈન્સના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર રહી ચૂક્યા છે

નવી દિલ્હી, તા.06

એર ઈન્ડિયાએ ટેવોલ્ડે ગેબ્રેમેરિયમને તેના નવા ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર એટલે કે CEO અને મેનેજિંગ ડિરેક્ટર એટલે કે MD તરીકે નિયુક્ત કર્યા છે. આ નિર્ણય પૂર્વ CEO કેમ્પબેલ વિલ્સનના રાજીનામા અને એરલાઈનને નુકસાનમાંથી બહાર આવવાની ધીમી ગતિ વચ્ચે લેવામાં આવ્યો છે.

કેમ્પબેલ વિલ્સને જુલાઈ 2022માં એર ઈન્ડિયાની કમાન સંભાળી હતી. નુકસાન અને કંપનીના સુધારામાં થઈ રહેલા વિલંબ વચ્ચે તેમણે 2024માં પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું હતું, જેને બોર્ડે સ્વીકારી લીધું હતું. વિલ્સન નવા ઉત્તરાધિકારીની નિમણૂક ન થાય ત્યાં સુધી નોટિસ પિરિયડ દરમિયાન પોતાના પદ પર રહ્યા હતા.

ટેવોલ્ડે ગેબ્રેમેરિયમ એક ઈથિયોપિયન બિઝનેસ એક્ઝિક્યુટિવ છે અને તેમને આફ્રિકાના સૌથી સફળ એવિએશન લીડર્સમાંથી એક ગણવામાં આવે છે. તેમણે 2011થી 2022 સુધી ઈથિયોપિયન એરલાઈન્સ ગ્રુપના ગ્રુપ ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર તરીકે કામ કર્યું.




ટેવોલ્ડેના 11 વર્ષના કાર્યકાળ દરમિયાન ઈથિયોપિયન એરલાઈન્સે ઝડપથી વિસ્તરણ કર્યું અને આફ્રિકાની સૌથી મોટી એરલાઈન બની:

વિમાનોની સંખ્યા વધારવી: એરલાઈનનો કાફલો 33 એરક્રાફ્ટથી વધીને 130 એરક્રાફ્ટ થયો.

યાત્રીઓની સંખ્યામાં વધારો: કોવિડ-19 મહામારી પહેલાં વાર્ષિક યાત્રીઓની સંખ્યા 30 લાખથી વધીને 1.2 કરોડ સુધી પહોંચી ગઈ.

રેવન્યુમાં જબરદસ્ત ઉછાળો: તેમના નેતૃત્વ હેઠળ એરલાઈનનું વાર્ષિક રેવન્યુ લગભગ 1 અબજ ડોલરથી વધીને 4.5 અબજ ડોલર એટલે કે લગભગ 37,500 કરોડ થયું.

કોવિડ-19 મહામારી દરમિયાન જ્યારે દુનિયાભરની એવિએશન કંપનીઓ નાદારીના આરે હતી અને સરકારી નાણાકીય પેકેજ પર નિર્ભર હતી, ત્યારે ટેવોલ્ડેએ કાર્ગો એટલે કે માલસામાનની હેરફેરના ઓપરેશન્સનો ઝડપથી વિસ્તાર કર્યો. આના કારણે તેમણે ઈથિયોપિયન એરલાઈન્સને કોઈપણ સરકારી બેલઆઉટ પેકેજ વિના નફામાં જાળવી રાખી.

માર્ચ 2022માં, લગભગ એક વર્ષથી સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓથી ઝઝૂમવાને કારણે તેમણે પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું હતું. હવે તેઓ એર ઈન્ડિયાની કમાન સંભાળીને ટાટા ગ્રુપના એવિએશન બિઝનેસને નવી ઊંચાઈઓ પર લઈ જવાનો પ્રયાસ કરશે.

નવા CEO સામે સૌથી મોટો પડકાર જૂના પડી ગયેલા ફ્લીટ એટલે કે જૂના વિમાનોને સુધારવા અને એરલાઈનના વર્ક કલ્ચરને ટાટાના ધોરણો અનુસાર ઢાળવાનો રહેશે. એર ઈન્ડિયા હાલમાં ઈન્ડિગો સાથે માર્કેટ શેરની લડાઈ લડી રહી છે.

સાથે જ આંતરરાષ્ટ્રીય રૂટ પર એમિરેટ્સ અને કતાર એરવેઝ જેવા મોટા ખેલાડીઓ સાથે સ્પર્ધા કરવા માટે સર્વિસ ક્વોલિટીમાં સુધારાની જરૂર છે.

ભારતની બીજી સૌથી મોટી એરલાઈન કંપની એર ઈન્ડિયા હાલમાં અનેક પડકારોનો સામનો કરી રહી છે. રિપોર્ટ્સ અનુસાર, નાણાકીય વર્ષ 2026માં એરલાઈનને લગભગ 20,000 કરોડ સુધીનું નુકસાન થઈ શકે છે. નુકસાનનું સૌથી મોટું કારણ પશ્ચિમ એશિયામાં ચાલી રહેલો તણાવ છે.

પશ્ચિમ એશિયામાં વધતા તણાવને કારણે એરસ્પેસ પર પ્રતિબંધો લાગુ પડ્યા છે, જેનાથી એરલાઈનને ફ્લાઈટ્સના રૂટ બદલવા અને વધારાના ફ્યુઅલ સ્ટોપ લેવા પડી રહ્યા છે. તેની સૌથી વધુ અસર લોંગ-હોલ ઈન્ટરનેશનલ રૂટ્સ પર પડી છે અને ઓપરેટિંગ કોસ્ટ વધી ગઈ છે.


આ ઉપરાંત, નવા વિમાનોની ડિલિવરીમાં વિલંબથી એરલાઈનની ક્ષમતા વધારવાની યોજના પ્રભાવિત થઈ રહી છે, જેનાથી ઓપરેશન્સ પર દબાણ વધ્યું છે. આ સિવાય એર ઈન્ડિયા હજુ પણ ગયા વર્ષે થયેલા પ્લેન ક્રેશની અસરથી ઝઝૂમી રહી છે.

અમદાવાદથી લંડન જઈ રહેલી ફ્લાઈટ AI 171 ટેક-ઓફના તરત જ બાદ ક્રેશ થઈ ગઈ હતી, જેમાં 260 લોકોના મોત થયા હતા. આ ઘટનાની અસર હજુ પણ એરલાઈનની પબ્લિક ઈમેજ અને ઓપરેશનલ માહોલ પર દેખાઈ રહી છે. આ પડકારો વચ્ચે કંપની રીસ્ટ્રક્ચરિંગ અને વિસ્તરણ યોજનાઓ પર કામ ચાલુ રાખી રહી છે.

# ITR ભર્યાં બાદ રિફંડની જગ્યાએ નોટિસ આવે તો ગભરાશો નહીં, બસ આટલું કરજો!

નવી દિલ્હી, તા.06

ઈનકમટેક્સ રિફંડ ભારતમાં ટેક્સપેયર્સ માટે એક સામાન્ય પ્રક્રિયા છે. જ્યારે તમારા દ્વારા ચૂકવવામાં આવેલો એડવાન્સ ટેક્સ, સ્ત્રોત પર ટેક્સ કપાત (ટીડીએસ) અથવા અન્ય ટેક્સ ચૂકવણી તમારી અંતિમ ટેક્સ લાયબિલિટીઝ કરતાં વધી જાય છે, ત્યારે તમે રિફંડ માટે પાત્ર બનો છો. આ વધારાની ચૂકવણી સામાન્ય રીતે ત્યારે થાય છે જ્યારે તમારી ટેક્સ ડિડક્શન અને રિબેટ્સ તમારી કુલ ટેક્સ લાયબિલિટીઝ કરતાં વધી જાય છે. ઈનકમટેક્સ વિભાગ રિફંડ જાહેર કરતા પહેલાં તમારા રિટર્નની ઝીણવટપૂર્વક તપાસ કરે છે. આ તપાસ ફોર્મ 26AS, વાર્ષિક સૂચના સ્ટેટમેન્ટ (AIS), TIS અને થર્ડ પાર્ટી સ્રોતો પાસેથી પ્રાપ્ત ડેટાના આધારે કરવામાં આવે છે. જો આ તપાસમાં કોઈ વિસંગતતા કે અસામાન્ય લેવડદેવડ સામે આવે છે, તો તમારું રિફંડ રોકી દેવામાં આવે છે અને તમને નોટિસ મોકલવામાં આવી શકે છે. જો તમારી સાથે આવું થયું હોય, તો ગભરાવાને બદલે CA પાસેથી સમજો કે હવે શું કરવું.




સીએ સંતોષ મિશ્રાએ આ અંગે ટેક્સપેયર્સને જણાવ્યું કે, 'એ સમજવું મહત્વપૂર્ણ છે કે દરેક નોટિસનો અર્થ એ નથી કે તમે કંઈક ખોટું કર્યું છે. ઘણી વખત આ સિસ્ટમ-જનરેટેડ નોટિસ હોય છે, જે સ્પષ્ટતા માગે છે અથવા પ્રોસેસિંગની ભૂલોને સુધારવા માટે મોકલવામાં આવે છે. આ નોટિસોના સામાન્ય કારણોને સમજીને તમે સમયસર યોગ્ય જવાબ આપી શકો છો અને બિનજરૂરી વિલંબ કે દંડથી બચી શકો છો.' સીએ અજય બગડીયાનું કહેવું છે કે, 'ટેક્સપેયર સેક્શન 80C, 80D અને અન્ય પાત્ર જોગવાઈઓ હેઠળ કપાતનો દાવો કરે છે. વધારી-ચઢાવીને કરવામાં આવેલા દાવાઓ અથવા દસ્તાવેજી પુરાવા વગરના દાવાઓ વિભાગની નજરમાં આવી શકે છે. જો કપાત વ્યક્તિની આવક અથવા નાણાકીય સ્થિતિની સરખામણીએ વધુ પડતી જણાશે, તો તેની વધુ ઊંડાણપૂર્વક તપાસ થઈ શકે છે.'

સીએ અભિનંદન પાંડેયના જણાવ્યા પ્રમાણે નોટિસ આવવાનું સૌથી સામાન્ય કારણ તમારા ITRમાં દર્શાવેલી આવક અને આવકવેરા વિભાગ પાસે ઉપલબ્ધ માહિતી વચ્ચે મેળ ન ખાવાનું છે. સેન્ટ્રલ પ્રોસેસિંગ સેન્ટર (CPC) તમારા ITRમાં રિપોર્ટ કરાયેલી ઈન્કમ, TDS, TCS, વ્યાજ, ડિવિડન્ડ, કેપિટલ ગેઈન અને અન્ય વિગતોની તુલના ફોર્મ 26AS, AIS અને TISમાં ઉપલબ્ધ ડેટા સાથે કરે છે. જો તેમાં કોઈ તફાવત જોવા મળે છે, જેમ કે અણનોંધાયેલો પગાર, વ્યાજની આવક, કેપિટલ ગેઈન અથવા આવકના અન્ય સ્રોત, તો ટેક્સ નોટિસ ટ્રિગર થઈ શકે છે.

જ્યારે તમે ટેક્સ રિફંડનો દાવો કરો છો, ત્યારે તમારું TDS સ્ટેટમેન્ટ પૂરેપૂરું મેળ ખાવું જોઈએ, જે તમારા એમ્પ્લોયર (નિયોક્તા), બેંક અથવા કપાતકર્તા દ્વારા સરકાર પાસે જમા કરાવવામાં આવ્યું હોય. જો કપાતકર્તા પોતાનું TDS રિટર્ન મોડું ફાઈલ કરે અથવા ખોટો પાન નંબર દાખલ કરે, તો ઈન્કમટેક્સ પોર્ટલ તમારા ટેક્સ ક્રેડિટનું વેરિફિકેશન નથી કરી શકતું.

અનધિકૃત TDS ક્રેડિટનો દાવો કરવો લગભગ હંમેશા કલમ 143(1) હેઠળ એડજસ્ટમેન્ટની નોટિસ આપે છે. જો રિટર્નમાં દાવો કરવામાં આવેલ TDS ટેક્સ વિભાગના રેકોર્ડ સાથે મેળ ન ખાય, તો રિફંડની રકમ ઘટાડી શકાય છે અથવા રોકી શકાય છે, અને સ્પષ્ટતા માગતી નોટિસ જારી કરી શકાય છે.

ઈનકમટેક્સ વિભાગને બેંકો, નાણાકીય સંસ્થાઓ અને અન્ય રિપોર્ટિંગ સંસ્થાઓ પાસેથી અનેક મોટા અમાઉન્ટ વાળા ટ્રાન્ઝેક્શનની જાણકારી મળે છે. જેમાં મોટી રોકડ જમા, મોંઘી મિલકતની ખરીદી, મોટા રોકાણો અથવા ક્રેડિટ કાર્ડના મોટા પેમેન્ટ્સ સામેલ હોઈ શકે છે. જો આવા ટ્રાન્જેક્શનને તમારા ITRમાં દર્શાવેલી આવક દ્વારા યોગ્ય રીતે સ્પષ્ટ કરવામાં આવ્યા ન હોય, તો વિભાગ સ્પષ્ટતા માગી શકે છે. જો તમે ચાલુ આકારણી વર્ષ (Current Assessment Year) માટે રિફંડ પાત્ર છો, પરંતુ અગાઉના નાણાકીય વર્ષોની કોઈ બાકી ટેક્સ લાયબિલિટીઝ કે ઓપન ડિમાન્ડ છે, તો તમને કલમ 245 હેઠળ નોટિસ મળશે. ટેક્સ વિભાગ સામાન્ય રીતે કોઈ પણ એડજસ્ટમેન્ટ કરતા પહેલા એક સૂચના જારી કરે છે, જેથી કરદાતાને પોતાનો પક્ષ રજૂ કરવાની તક મળે.તેઓ સૂચિત કાર્યવાહી સાથે સહમત થઈ શકે છે અથવા સંબંધિત દસ્તાવેજો રજૂ કરીને તેનો વિરોધ કરી શકે છે, જેમ કે અગાઉની ડિમાન્ડ પહેલાથી જ ચૂકવાઈ ગઈ છે કે ખોટી છે તેવા પુરાવા આપીને. જો કોઈ જવાબ નહીં મળે, તો એડજસ્ટમેન્ટ ડિફોલ્ટરૂપે પ્રોસેસ કરી શકાય છે.

# UPI ટ્રાન્ઝેક્શન પર ચાર્જ વસૂલવા માગતી સરકારની ઊંઘ ઊડાડતો સરવે

નવી દિલ્હી, તા.06

કેન્દ્રિય નાણા મંત્રાલય દ્વારા સંસદમાં 'પેમેન્ટ અને સેટલમેન્ટ સિસ્ટમ (સુધારા) બિલ, ૨૦૨૭' રજૂ કરવામાં આવ્યું છે, જેને પગલે દેશભરના ડિજિટલ પેમેન્ટ ક્ષેત્રે ભારે ચર્ચા જાગી છે. વિવિધ માધ્યમોના અહેવાલોમાં એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે આ સુધારા વિધેયક હેઠળ યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ એટલે કે UPI ટ્રાન્ઝેક્શન પર મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (MDR) ફરીથી લાગુ કરવાની યોજના ઘડાઈ રહી છે. આ નવો ચાર્જ મુખ્યત્વે ૨૦૦૦ રૂપિયાથી વધુ મૂલ્યના ડિજિટલ વ્યવહારો પર લાગુ કરવાની શક્યતા દર્શાવવામાં આવી રહી છે. જોકે આ અંગે સ્પષ્ટતા કરતા જાણવા મળ્યું છે કે આ ચાર્જ સામાન્ય ગ્રાહકો માટે નથી પરંતુ માત્ર વેપારીઓ માટે જ રહેશે. આથી શાકભાજીની ખરીદી, ટેક્સી ભાડું કે અન્ય દૈનિક નાના-મોટા ખર્ચ કરતી વખતે અથવા એક ખાતામાંથી બીજા ખાતામાં નાણાં ટ્રાન્સફર કરતી વખતે સામાન્ય વપરાશકર્તાઓએ કોઈપણ પ્રકારનો વધારાનો આર્થિક બોજ સહન કરવો પડશે નહીં.

આ ચર્ચાસ્પદ મુદ્દે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) ના ગવર્નર સંજય મલ્હોત્રાએ પરિસ્થિતિ સ્પષ્ટ



કરતા જણાવ્યું છે કે UPI ટ્રાન્ઝેક્શન પર મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ લગાવવા અંગે અત્યારે કોઈ ઉતાવળીયો નિર્ણય લેવો કે ટિપ્પણી કરવી યોગ્ય નથી, કારણ કે આ સમગ્ર બાબત હજુ સરકારી અને ન્યાયિક વિચારણા હેઠળ છે. રિઝર્વ બેંકનું પ્રાથમિક લક્ષ્ય અને ધ્યાન દેશમાં UPIનો વધુમાં વધુ ઉપયોગ વધારવા અને તેનો વ્યાપ છેવાડાના વિસ્તારો સુધી પહોંચાડવા પર છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ડિજિટલ પેમેન્ટ સિસ્ટમે ભારતીય અર્થતંત્રમાં રોકડની જરૂરિયાત ઘટાડવામાં ખૂબ જ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે, અને સરકાર હાલના તબક્કે આ ક્ષેત્રને વધુ સુદ્રઢ બનાવવા જરૂરી કાનૂની સુધારા કરી રહી છે.

બીજી તરફ આ પ્રસ્તાવિત નિર્ણય અંગે લોકમત જાણવા માટે હાથ ધરવામાં આવેલા એક વ્યાપક સરવેમાં અત્યંત ચોંકાવનારા આંકડા સામે આવ્યા છે. દેશના ૩૨૨ જિલ્લાઓમાંથી ૪૫,૦૦૦થી વધુ નાગરિકોના અભિપ્રાય મેળવીને તૈયાર કરવામાં આવેલા આ સરવે અનુસાર, જો મોટા વેપારીઓ પર MDR ચાર્જ ઝીંકવામાં આવશે તો ૫૩ ટકાથી વધુ યુઝર્સ ૩૦૦૦ રૂપિયાથી વધુના પેમેન્ટ માટે UPIનો ઉપયોગ કરવાનો સંપૂર્ણપણે બંધ કરી દેશે. આ જૂથમાંથી ૨૭ ટકા લોકોએ સ્પષ્ટ કર્યું છે કે તેઓ UPIને બદલે ક્રેડિટ કાર્ડ વાપરવાનું પસંદ કરશે, ૧૪ ટકા લોકો ડેબિટ કાર્ડ તરફ વળશે, જ્યારે ૧૨ ટકા લોકો સીધા બેંક ટ્રાન્સફર અથવા રોકડ નાણાંનો ઉપયોગ કરવાનું શરૂ કરી દેશે. આ ઉપરાંત ૧૮ ટકા યુઝર્સે એવો અભિપ્રાય આપ્યો હતો કે તેઓ માત્ર ત્યારે જ UPI વાપરશે જો આ નિર્ધારિત ચાર્જ પૂરેપૂરો વેપારી જ ભોગવે, જ્યારે ૧૨ ટકા લોકોએ ચાર્જ ચૂકવવો પડે તો પણ UPI સેવા ચાલુ રાખવાની તૈયારી દર્શાવી હતી અને બાકીના ૧૪ ટકા યુઝર્સના મતે તેમનો આખરી નિર્ણય સરકારી સ્તરે ચાર્જની રકમ કેટલી નક્કી થાય છે તેના પર નિર્ભર રહેશે. ઉલ્લેખનીય છે કે આ સરવે પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સિસ્ટમ્સ એક્ટની કલમ ૧૦Aમાં સુધારા કરવાના નવા પ્રસ્તાવના સંદર્ભમાં કરવામાં આવ્યો છે. હાલમાં અમલી નિયમો અને કાયદાકીય જોગવાઈઓ અનુસાર બેંકો અને પેમેન્ટ સર્વિસ પ્રોવાઈડર્સ (PSPs) ડિજિટલ પેમેન્ટ સેવાઓ પર કોઈ પણ પ્રકારનો MDR વસૂલી શકતા નથી.

# અમદાવાદમાં યુવકની ચોથા માળની બારીમાંથી ફેંકીને હત્યા

## 5 શખસે સ્પામાં ઘૂસીને મહિલાની હાજરીમાં ફડાકા વાળી કરી, જે હાથમાં આવ્યું તેનાથી માર્યો

અમદાવાદ, તા.06

અમદાવાદના હંસપુરામાં સરદાર પટેલ રિંગ રોડ પર વિશાલા એમ્પાયર બિલ્ડિંગમાં યુવકની ચોથા માળની બારીમાંથી ફેંકીને હત્યા કરાઈ છે. 5 શખસે સ્પામાં ઘૂસીને મહિલાની હાજરીમાં દશરથ નામના યુવક સાથે બોલાચાલી કરી તેને ઢોર માર માર્યો હતો. એટલું જ નહીં સ્પામાં તોડફોડ કરી હતી. સમગ્ર ઘટના CCTVમાં કેદ થઈ હતી. નરોડા પોલીસને ઘટનાની જાણ થતા જ ટીમ કાફલા સાથે સ્થળ પર પહોંચી હતી અને ગુનો નોંધીને ફરાર આરોપીઓને ઝડપી પાડવા કાર્યવાહી હાથ ધરી છે.

શહેરના નરોડા વિસ્તારમાં એસપી રીંગ રોડ પર વિશાલા એમ્પાયર બિલ્ડિંગમાં ક્રિશા સ્પા નામથી બોડી મસાજ સ્પા છે. જેમાં દશરથ મીણા નામનો યુવક નોકરી કરતો હતો. 5 ઓગસ્ટના રોજ રાત્રે 8:00 વાગ્યાની આજુબાજુ ઓઢવ વિસ્તારમાં એક સ્પામાં પોલીસ દ્વારા રેડ કરવામાં આવી હતી. જે રેડ પોલીસને બાતમી આપી હોવાની અદાવતમાં આરોપીઓએ યુવક જે સ્પામાં નોકરી કરતો ત્યાં પહોંચ્યા હતા.

સ્પામાં હાજર યુવકે પોલીસની રેડ પોતે ન પડાવી હોવાનું આરોપીઓને કહ્યું હતું. જો કે આ સમયે બોલાચાલી થયા બાદ ત્યાંથી તેઓ જતા રહ્યા હતા. જે બાદ મોડી રાત્રે 12:30 વાગ્યાની આસપાસ 4થી 5 લોકો ફરી ક્રિશા સ્પામાં આવ્યા હતા. જ્યાં સ્પામાં મહિલા અને દશરથ મીણા નામનો યુવક હાજર હતો. તેની સાથે બોલાચાલી કરવા લાગ્યા હતા. એ સાથે જ



દશરથને આરોપીઓએ ઢોર માર માર્યો હતો અને સ્પામાં તોડફોડ કરવા લાગ્યા હતા.

ત્યારબાદ ઝનુની બનેલા આરોપીઓએ દશરથને ચોથા માળે બારીમાંથી નીચે ફેંકી દીધો હતો. જેથી દશરથનું ઘટના સ્થળ પર જ મૃત્યુ થઈ ગયું હતું. હત્યા કર્યા બાદ આરોપીઓ ત્યાંથી ફરાર થઈ ગયા હતા. ઘટના બનતા આસપાસના લોકો ભેગા થઈ ગયા હતા. ઘટના અંગેની જાણ પોલીસને કરવામાં આવતા નરોડા પોલીસનો કાફલો તાત્કાલિક સ્થળ ઉપર પહોંચી ગયો હતો. પોલીસે સ્પાના CCTV ફૂટેજ મેળવ્યા હતા અને ગુનો નોંધી આરોપીઓની ધરપકડની તજવીજ હાથ ધરી છે.

G ડિવિઝનના ACP વી.એન યાદવે જણાવ્યું હતું કે, મૃતક દશરથ મીણા છેલ્લા એક મહિનાથી સ્પામાં નોકરી કરતો હતો. ઓઢવ વિસ્તારમાં પોલીસ દ્વારા દરોડો પાડવામાં આવ્યો હતો. જેમાં નરોડાના સ્પાના સંચાલક પર શંકા રાખવામાં આવી હતી અને એવું કહ્યું હતું કે, અમારા માણસોને ફોડી અને નોકરીએ રાખે છે જેથી તારે ત્યાં રેડ પડી છે. ત્યારે રાત્રે 8 વાગ્યાની આજુબાજુ આરોપીઓએ ક્રિશા સ્પાના સંચાલક સાથે બોલાચાલી કરીને ગયા હતા. ત્યારબાદ તેની સાથે મારામારી કરી અને દશરથ મીણાની હત્યા કરી દીધી.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ આ હત્યા સ્પામાં બોડી મસાજના નામે ચાલતી ગેરકાયદે પ્રવૃત્તિઓને લઈ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. શહેરના પૂર્વ વિસ્તારમાં સ્પાના નામે અનેક જગ્યાએ ગેરકાયદે પ્રવૃત્તિઓ ચલાવવામાં આવતી હોય છે. દેહ વેપાર જેવા ગોરખધંધાઓ ચલાવવામાં આવતા હોય છે. જેને લઈ અંદરો અંદરના વિખવાદમાં આ હત્યા કરવામાં આવી હોવાનું જાણવા મળી રહ્યું છે ત્યારે હવે સમગ્ર મામલે પોલીસ દ્વારા વધુ તપાસ કરવામાં આવે તો શહેરના સ્પાના અનેક ગોરખધંધાઓનો પર્દાફાશ થઈ શકે છે.

# ચાંદલોડિયા તળાવ કિનારે જુગાર રમતા 7 પાટીદાર ઝડપાયા: રોકડ- મોબાઈલ સહિત ₹73 હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત



અમદાવાદ, તા.06

તાજેતરમાં SMC દ્વારા મનપસંદ જીમખાના પર દરોડો પાડી 187 જુગારીઓને ઝડપી લીધા બાદ અમદાવાદ શહેર પોલીસ પણ જુગારની પ્રવૃત્તિઓ સામે હરકતમાં આવી છે. શહેરના સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશનની ટીમે ચાંદલોડિયા તળાવ નજીક જાહેરમાં સાવણિયો જુગાર રમતા સાત શખ્સોને રંગેહાથ ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સોલા PI કે.એન. ભૂકણને બાતમી મળી હતી કે, ચાંદલોડિયા રેલવે સ્ટેશન ગરનાળા પાસે, સાયોના કૃપા બંગલોઝ નજીકના તળાવ પાસે કેટલાક લોકો જાહેરમાં જુગાર રમી રહ્યા છે. બાતમીના આધારે પોલીસે દરોડો પાડી પિયુષ પટેલ (ઘાટલોડિયા), ધવલ પટેલ (વંદે માતરમ રોડ), રાકેશ પટેલ (કે.કે.નગર), ગૌતમ પટેલ (કે.કે. નગર), જયેશ પટેલ (ગોતા), અલ્પેશ પટેલ (રાણીપ) અને મેહુલ પટેલ (ચાંદલોડિયા) નામના સાત શખ્સોને ઝડપી લીધા હતા. પોલીસે સ્થળ પરથી રોકડ રકમ, મોબાઈલ ફોન અને ગંજીપત્તાં મળી કુલ 73,900નો મુદ્દામાલ કબજે કર્યો છે. પોલીસે તમામ આરોપીઓ સામે જાહેરમાં જુગાર રમવાનો ગુનો નોંધી તેમની ધરપકડ કરી છે. આ શખ્સો કેટલા સમયથી અહીં જુગાર રમતા હતા અને તેમની સાથે અન્ય કોણ સંડોવાયેલું છે તે અંગે પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

# વસ્ત્રાપુરમાં સામાન્ય તકરારમાં યુવક પર જીવલેણ હુમલો....

## ભાઈ પર હુમલો કરનારને સમજાવવા ગયેલા યુવક પર છરીથી હુમલો કરી હત્યાનો પ્રયાસ

અમદાવાદ, તા.06

શહેરમાં ગુનાખોરીની ઘટનાઓમાં સતત વધારો થઈ રહ્યો છે. ત્યારે વસ્ત્રાપુર વિસ્તારમાં સામાન્ય તકરાર દરમિયાન પોતાના ભાઈ પર હુમલો કરનાર યુવકને સમજાવવા ગયેલા રિક્ષાચાલક પર છરીથી હુમલો કરવામાં આવ્યો હતો. હુમલામાં ગંભીર રીતે ઘાયલ થયેલા રિક્ષાચાલકને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. વસ્ત્રાપુર પોલીસે હત્યાના પ્રયાસનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.



માનસી સર્કલ નજીક રણુજાનગરમાં રહેતા જયેશ હરીશભાઈ ગામેતી રિક્ષા ચલાવી પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. ગઈકાલે 5 ઑગસ્ટે રાત્રે 9 વાગ્યે તેમને જાણ થઈ હતી કે, તેમના નાના ભાઈ દર્શિલ હરીશભાઈ ગામેતી પર ઘર નજીક રહેતા મેહુલ સુરેન્દ્રસિંહ ઠાકોરે હુમલો કરી માર માર્યો હતો. ભાઈ પર હુમલાની જાણ થતાં જયેશ ગામેતી સ્થળ પર પહોંચ્યા હતા અને મેહુલ ઠાકોરને ઝઘડો કરવાનું કારણ પૂછ્યું હતું. આ દરમિયાન ઉશ્કેરાયેલા મેહુલ ઠાકોરે પોતાની પાસે રહેલી છરીથી જયેશના પેટમાં ઘા ઝીંક્યો હતો. હુમલા દરમિયાન તેમના હાથ પર પણ ઈજા પહોંચી હતી.

અચાનક હુમલાથી જયેશ ગામેતી લોહીલુહાણ હાલતમાં જમીન પર ઢળી પડ્યા હતા. તેમને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. ઘટનાની જાણ થતાં વસ્ત્રાપુર પોલીસે ફરિયાદના આધારે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.


## ટી પોસ્ટના દર્શન દશાણી સાથે પૂર્વ ભાગીદારે ઠગાઈ કરી

# બંધ થઈ ગયેલી કંપનીના ચેકમાં ખોટી સહી કરી આસામની કંપની પાસેથી ચા મંગાવી, ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ નોંધાઈ

અમદાવાદ, તા.06

ગુજરાતભરમાં જાણીતી ટી પોસ્ટના માલિક દર્શન અનિલભાઈ દશાણીએ તેમના પૂર્વ ભાગીદાર લલિત મનસુખલાલ બુદ્ધદેવ સામે ઠગાઈની ફરિયાદ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચમાં નોંધાવી છે. આરોપ છે કે વર્ષો પહેલાં બંધ થઈ ગયેલી કંપનીના ચેકમાં દર્શન દશાણીની ખોટી સહી કરીને આસામની કંપની પાસેથી લાખો રૂપિયાની ચા મંગાવવામાં આવી હતી. ચેક બાઉન્સ થતાં સમગ્ર મામલો બહાર આવ્યો હતો.

સિંધુભવન રોડ ખાતે રહેતા દર્શન દશાણી લાંબા સમયથી ટી પોસ્ટ નામની કંપની ચલાવે છે. તેમની કંપનીની માત્ર અમદાવાદમાં જ નહીં, પરંતુ ગુજરાત તેમજ અન્ય રાજ્યોમાં અંદાજે 275થી વધુ શાખાઓ કાર્યરત છે. દર્શન દશાણીના જણાવ્યા મુજબ, આશરે આઠ મહિના પહેલાં તેઓ તેમની કંપનીના આઈપીઓ અંગે સેબીની વેબસાઈટ પર માહિતી શોધી રહ્યા હતા. તે દરમિયાન તેમને જાણવા




મળ્યું કે આસામની એક કંપનીએ ચેક બાઉન્સના મામલે તેમની સામે ફરિયાદ નોંધાવી છે.

આ જાણ થતાં તેમણે સંબંધિત કંપનીનો સંપર્ક કર્યો હતો.તપાસ દરમિયાન સામે આવ્યું કે વર્ષ 2017માં બંધ કરી દીધેલી ઈસ્ટર્ન ટ્રેડ કોર્પોરેશન નામની કંપનીના નામે તેમના પૂર્વ ભાગીદાર લલિત બુદ્ધદેવે 8.51 લાખની ચાની ખરીદી કરી હતી. તેના બદલામાં બંધ થઈ ગયેલી કંપનીનો ચેક મોકલવામાં આવ્યો હતો, જેમાં દર્શન દશાણીની ખોટી સહી કરવામાં આવી હતી. ચેક બાઉન્સ થતાં આસામની કંપનીએ કાયદેસરની કાર્યવાહી શરૂ કરી હતી.

આ દરમિયાન દર્શન દશાણીને બેંક તરફથી વધુ એક મેસેજ મળ્યો હતો કે તનય ટી કંપની દ્વારા પણ બંધ થયેલી કંપનીનો 1 લાખનો ચેક જમા કરાવવામાં આવ્યો છે. જોકે ચેક પરની સહી તેમની સાથે મેળ ન ખાતી હોવાથી બેંકે ચેક પરત કર્યો હતો. ત્યારબાદ વધુ તપાસ કરતાં જાણવા મળ્યું કે આ ચેક પર પણ તેમની ખોટી સહી કરવામાં આવી હતી.

ફરિયાદમાં દર્શન દશાણીએ જણાવ્યું છે કે વર્ષ 2006માં તેમણે રાજકોટના રૈયા રોડ સ્થિત કલ્યાણ એપાર્ટમેન્ટમાં રહેતા લલિત મનસુખલાલ બુદ્ધદેવ સાથે મળીને ટી સ્ટેશન નામની કંપની શરૂ કરી હતી. ત્યારબાદ વર્ષ 2013માં બંનેએ મળીને ઈસ્ટર્ન ટ્રેડ કોર્પોરેશન નામની ભાગીદારી પેઢી શરૂ કરી હતી, જેમાં ચાના વેપારનો ધંધો કરવામાં આવતો હતો. કંપનીનું બેંક ખાતું કોટક મહિન્દ્રા બેંકમાં હતું અને ચેક પર સહી કરવાની સત્તા બંને ભાગીદારો પાસે હતી.

વર્ષ 2016માં દર્શન દશાણી ટી સ્ટેશન કંપનીમાંથી અલગ થઈ ગયા હતા અને ભાગીદારી સમાપ્ત કરવા માટે રજિસ્ટ્રાર ઓફ કંપનીઝ (ROC) સમક્ષ જરૂરી કાર્યવાહી પણ કરવામાં આવી હતી. ત્યારબાદ વર્ષ 2017માં બંને ભાગીદારો વચ્ચે મૌખિક સમજૂતીથી ઈસ્ટર્ન ટ્રેડ કોર્પોરેશન બંધ કરી દેવામાં આવી હતી. કંપનીનું બેંક એકાઉન્ટ ડોર્મન્ટ કરાવી દેવામાં આવ્યું હતું, ઓફિસ બંધ કરી દેવામાં આવી હતી અને ઓફિસ આવેલી મિલકત પણ વેચી દેવામાં આવી હતી.ફરિયાદ મુજબ, કંપની બંધ થયા બાદ પણ જૂની ચેકબુક લલિત બુદ્ધદેવ પાસે રહી ગઈ હતી. તેનો ગેરઉપયોગ કરીને તેણે દર્શન દશાણીની જાણ બહાર વિવિધ વ્યવહારો કર્યા, ચેક પર ખોટી સહી કરી અને વેપારીઓને ચૂકવણી માટે ચેક આપ્યા હોવાનું આક્ષેપ કરવામાં આવ્યો છે.આ સમગ્ર મામલે દર્શન દશાણીની ફરિયાદના આધારે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. પોલીસ ઈન્સ્પેક્ટર મેહુલ ચૌહાણ સમગ્ર પ્રકરણની વધુ તપાસ કરી રહ્યા છે.

# ગાંધીનગર-અમદાવાદની સંયુક્ત તિરંગા યાત્રા યોજાશે: ભાજપ દરેક ઘરે તિરંગા પહોંચાડશે, 10 લાખ ધ્વજ વિતરણનું લક્ષ્ય

અમદાવાદ, તા.06

રાજ્યભરમાં યોજાનારા 'હર ઘર તિરંગા' અભિયાન અને તિરંગા યાત્રા અંતર્ગત અમદાવાદ શહેર ભાજપની એક મહત્વની બેઠક ખાનપુરના ભવન્સ કોલેજ ખાતે યોજાઈ હતી. 10 ઓગસ્ટના રોજ ગાંધીનગર ખાતે યોજાનારી તિરંગા યાત્રામાં અમદાવાદના ભાજપના નેતાઓને કાર્યકર્તાઓ ભાગ લેશે. શહેરમાં 10 લાખથી વધુ તિરંગા લોકોના ઘર ઘર સુધી ભાજપના કાર્યકર્તાઓ અને નેતાઓ દ્વારા પહોંચાડવામાં આવશે. શહેર ભાજપ મહામંત્રી દર્શક ઠાકરે જણાવ્યું કે, હર ઘર તિરંગા અભિયાનના પ્રદેશ ઈન્ચાર્જ પ્રદીપ પરમારની અધ્યક્ષતામાં અને શહેર ભાજપ પ્રમુખ પ્રેરક શાહની ઉપસ્થિતિમાં આ બેઠક યોજાઈ હતી. અમદાવાદમાં 10 લાખથી વધુ તિરંગાના વિતરણનું લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું છે. દરેક વોર્ડમાં 4 હજારથી વધુ બૂથ સુધી પહોંચીને દરેક ઘર પર રાષ્ટ્રધ્વજ લહેરાવાય તે માટે ભાજપના કાર્યકરો, કોર્પોરેટરો, ધારાસભ્યો અને સાંસદો સક્રિય રીતે જોડાશે. દરેક વોર્ડ સ્તરે તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવશે, જેમાં તિરંગાને સ્વાભિમાનના પ્રતીક તરીકે લહેરાવવાનો સંદેશ અપાશે. આગામી 10 ઓગસ્ટના રોજ ગાંધીનગર ખાતે વિશાળ તિરંગા યાત્રાનું આયોજન કરાયું છે, જેમાં અમદાવાદ શહેર ભાજપના નેતાઓ, યુવા મોરચાના કાર્યકરો અને મોટી સંખ્યામાં નાગરિકો જોડાશે. આ જનઅભિયાનને વધુ વેગ આપવા માટે સામાજિક સંગઠનોનો પણ સહયોગ લેવામાં આવશે.



ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599

# રાજ્યમાં સરેરાશ 70 ટકા વરસાદ બાદ પણ 12 જિલ્લામાં ઘટ: સૌરાષ્ટ્ર-કચ્છની સૌથી ખરાબ હાલત, ચોમાસાના 43 દિવસ બાદ વરસાદ, ડેમ અને વાવેતરની સ્થિતિ

અમદાવાદ, તા.06

ગુજરાતમાં સત્તાવાર ચોમાસાની એન્ટ્રી થયાને 40 દિવસ વિતી ચૂક્યા છે તેમ છતાં 12 જિલ્લા એવા છે કે, જ્યાં આજની તારીખે વરસાદની ઘટ વર્તાઈ રહી છે. સૌથી વધુ દક્ષિણ ગુજરાતમાં સરેરાશ 96 ટકા વરસાદ વરસી ગયો છે. જ્યારે કચ્છ ઝોનમાં સૌથી ઓછો 29 ટકા જ વરસાદ વરસ્યો છે.

12 જિલ્લાઓમાં સરેરાશ કરતા ઓછા વરસાદના કારણે પીવાના પાણી અને વાવેતર પર પણ સંકટના વાદળો ઘેરાયા છે. 207 ડેમમાંથી 72 ડેમ એવા છે કે જેમાં 25 ટકાથી ઓછો જળસંગ્રહ થયો છે.

ગુજરાતમાં આ વર્ષે 9 દિવસ મોડું 24 જૂને ચોમાસું બેસ્યું. 5 ઓગસ્ટ સુધીમાં રાજ્યમાં સરેરાશ 25 ઈંચ વરસાદ વરસી ચૂક્યો છે.

ઓગસ્ટ મહિનાના પ્રારંભ બાદ પણ 12 જિલ્લામાં વરસાદની ઘટ વર્તાઈ રહી છે. દેવભૂમિ દ્વારકા સૌથી ઓછી ઘટ છે. અહીં ફક્ત 56 મિમી જ વરસાદ વરસ્યો છે.

રાજ્યમાં દક્ષિણ ગુજરાતમાં ધોધમાર વરસાદના કારણે અહીંના ડેમમાં પણ નોંધપાત્ર જળસંગ્રહ થયો છે. પરંતુ, સૌરાષ્ટ્ર-કચ્છ અને



ઉત્તર ગુજરાતમાં હજી વરસાદની ઘટ વર્તાઈ રહી હોય ડેમમાં પણ જળસંગ્રહ ઓછો થયો છે. રાજ્યના ઝોનવાઈઝ, મુખ્ય ડેમ અને સૌથી ઓછો જળસંગ્રહ ધરાવતા ડેમની સ્થિતિ ગ્રાફિક્સની મદદથી જાણીએ.

રાજ્યમાં 207 ડેમમાંથી અત્યાર સુધીમાં 26 ડેમ ઓવરફ્લો થઈ ચૂક્યા છે. 72 ડેમ એવા છે કે જેમાં 25 ટકા કરતા ઓછો જળસંગ્રહ છે. જો કે, સૌથી મોટી રાહતની વાત એ છે કે, રાજ્યની જીવાદોરી ગણાતા નર્મદા ડેમમાં 79.20 ટકા જળસંગ્રહ થઈ ચૂક્યો છે.

ચોમાસાના 43 દિવસ વિતી ગયા બાદ પણ રાજ્યમાં હજી 21 ટકા વિસ્તારમાં વાવેતર થઈ શક્યું નથી. રાજ્યમાં સરેરાશ વાવેતર લાયક વિસ્તાર 85.30 લાખ વિસ્તાર છે. 5 ઓગસ્ટ સુધીમાં 67.47 લાખ હેકટરમાં જ વાવેતર થઈ શક્યું છે. 12 જિલ્લાઓમાં હજી પણ વરસાદની ઘટ હોય અનેક વિસ્તારમાં વાવણી થઈ શકી નથી.

હવામાન વિભાગનું માનીએ તો રાજ્યમાં આગામી 7 દિવસ ક્યાંય પણ ભારે વરસાદની શક્યતા નથી. છુટાછવાયા સ્થળો પર હળવાથી મધ્યમ વરસાદ વરસી શકે છે. 12 જિલ્લાઓમાં જ્યાં વરસાદની ઘટ વર્તાઈ રહી છે ત્યાં વાવેતરને માઠી અસર પડી શકે છે.

